# મૌનમંદિરમાં

# પ્રભુ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સૂરત

॥ હરિઃૐ ॥

# મૌનમંદિરમાં પ્રભુ

મૌનએકાંતના સાધકો સમક્ષ
પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનો

સંપાદક
**રમેશ મ. ભટ્ટ**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૫ | ૧૦૦૦ | ચોથી | ૧૯૯૭ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૮૯ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૦૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૯૨ | ૧૦૦૦ | છઠ્ઠી | ૨૦૦૮ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૮૪ = ૯૬

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(છઠ્ઠી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો ૭૦મો સાક્ષાત્કારદિન-રામનવમીનો ઉત્સવ
સ્વજનોનો મિલન સમારંભ સને ૨૦૦૮માં યોજવા માટે
જેઓ યજમાનપદે ભાગ્યશાળી બનેલા
એવા,
ગામ-વાંઝ, જિ. સુરતના
**શ્રી અરવિંદભાઈ ઠાકોરભાઈ પટેલ (ગાંધી)ને**
અને
**તેમના પરિવારને**
**'મૌનમંદિરમાં પ્રભુ'**ની આ છઠ્ઠી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદ અને ધન્યતાની લાગણી
અનુભવીએ છીએ.

તા.૨૪-૮-૨૦૦૮
જન્માષ્ટમી

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પ્રપંચકાળનું વિરલ સાધન | ૧ |
| ૨. | પ્રભુનું પ્રાગટ્ય | ૯ |
| ૩. | શબ્દ વિશે વૈજ્ઞાનિક સમજૂતી | ૧૬ |
| ૪. | નિવેદનથી ખુલ્લાપણું | ૨૨ |
| ૫. | સંસ્કારની શક્તિ | ૨૭ |
| ૬. | ભાવાત્મક શૂન્યતા અને સાકાર શબ્દ | ૩૧ |
| ૭. | કરવા જેવું એકમાત્ર કામ | ૩૯ |
| ૮. | ભ્રમણા ભાંગો-ભેદ ઘટાડો | ૪૫ |
| ૯. | હરિ, ભક્તનું બધું હરે ! | ૫૦ |
| ૧૦. | પ્રભુભાવનું રહસ્ય | ૫૪ |
| ૧૧. | ચેતનનો અનુભવ | ૬૦ |
| ૧૨. | ભગવાનનાં કામથી ભગવાન રાજી | ૬૭ |
| ૧૩. | દેશભક્તિ | ૭૨ |

# મૌનમંદિરમાં પ્રભુપ્રાગટ્ય

(સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૩૯માં પ્રભુપદ પ્રાપ્ત કર્યું. એ પછી અગિયાર વર્ષે હરિઃૐ આશ્રમની સ્થાપના કરી અને મૌનએકાંત દ્વારા જીવાત્માના આધ્યાત્મિક ઉત્કર્ષ માટેની સુવિધાનો આરંભ કર્યો. હરિઃૐ આશ્રમની હયાતી અને એની પ્રવૃત્તિનો હેતુ જીવાત્માના જીવનનો વિકાસ છે. ‘જીવનવિકાસ’ એટલે આપણે જે પ્રાકૃતિક જીવન જીવીએ છીએ એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરીને, મતલબ કે ચેતનનું લક્ષ અને ધારણા રાખીને હૃદયમાં પ્રભુને પ્રગટાવવા. જે કોઈ જીવ પોતાના જીવનમાં સુખ, શાંતિ, આનંદ વગેરે અનુભવવા ઝંખતો હોય, એને હરિઃૐ આશ્રમમાં નામસ્મરણના સાધન દ્વારા મૌનએકાંતની સુવિધા અપાય છે. આવા મૌનએકાંત માટેના ઓરડાને ‘મૌનમંદિર’ તરીકે ઓળખવામાં આવે છે.

આ મંદિરમાં કયા પ્રભુને ભજવા ? એમાં કયા દેવ છે ? એવો પ્રશ્ન ‘મૌનમંદિર’ શબ્દ પ્રથમ વાર જ સાંભળનારને થાય એ સ્વાભાવિક છે. પૂજ્ય શ્રીમોટાને જ ‘ભગવાન’ના રૂપે ભજનારો મોટો વર્ગ છે. તેઓશ્રીના શરીરની હયાતી દરમિયાન જ્યારે કોઈ એમને ‘ભગવાન’ –‘પ્રભુ’રૂપે ઉદ્‌બોધે તો તેઓશ્રી વાસ્તવિક હકીકતની સ્પષ્ટતા કરતા અને કહેતા કે ‘ચેતનનિષ્ઠને જ્યાં સુધી શરીર છે ત્યાં લગી એ ‘ચેતન’ કે ‘ભગવાન’ નથી. શરીર હોવાથી એનેય આછુંપાતળુંય નિમિત્તનું પ્રારબ્ધ હોય છે. વળી, એ ‘નિમિત્ત’ વિના કશું જ કરી શકતા નથી. આ હકીકત ભાષામાં મૂકવી સરળ છે, પણ એની ક્રિયા અને અનુભૂતિની દૃષ્ટિએ એ ઘણી જ ગૂઢ અને સૂક્ષ્મ છે, પણ એટલું તો તદ્દન સાચું કે તેઓશ્રીના હૃદયમાં ‘પ્રભુ’ પ્રગટ હતા. તેઓશ્રીએ એ પ્રભુના વ્યક્તરૂપને ‘પ્રેમરૂપ ચેતના’ તરીકે પણ ઓળખાવ્યું છે.

મૌનમંદિરમાં પૂજ્ય શ્રીમોટાનો ફોટો રખાતો હોય છે. પરંતુ એમાં પ્રવેશનાર અને રહેનાર જીવ એ ફોટાને 'પ્રભુ' માનીને ઉપાસે એવો કોઈ આગ્રહ સેવાતો નથી, એ મૌનમંદિરની વિશેષતા છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટાની અમૂર્ત, સૂક્ષ્માતિસૂક્ષ્મ તેમ જ અત્યંત સક્રિય પ્રેમચેતના એ મૌનમંદિરોમાં છે. એ કેવળ અનુભવપ્રમાણથી જ સ્વીકારી શકાય છે. એ ચેતના હરિઃૐ આશ્રમોનાં મૌનમંદિરોમાં રહેનાર જીવાત્માના આત્મસ્વરૂપ સાથે સંકળાયેલી રહે છે. મૌનમંદિરમાં બેસનાર જીવ સાથે આ પ્રગટ સંયોગ, સંકલન અને સક્રિયતા ગૂઢ આધ્યાત્મિક વિજ્ઞાનનું અત્યંત આકર્ષક અને અનુભવગમ્ય પ્રકરણ છે.

આ ઉપરથી આપણે એમ સ્વીકારીએ કે મૌનમંદિર કેવળ ચાર દીવાલોવાળો એકાંત અને અંધકાર પૂરો પાડતો માત્ર ઓરડો નથી, પણ પૂજ્ય શ્રીમોટાની પ્રગટ ચેતનાનું જીવાત્માના અપ્રગટ ચેતન સાથેના સૂક્ષ્મ સંયોગનું લીલાસ્થાન છે. મૌનમંદિરમાં અંધારું અને એકાંત હોવાથી આપણી ઇંદ્રિયોની બહિર્મુખતા અવરોધાય છે. પરિણામે પ્રકૃતિની વેડફાતી શક્તિ અટકે છે. આથી, અનાયાસે જ પૂજ્ય શ્રીમોટાની પ્રગટ ચેતનાને સક્રિયતા માટે ભૂમિકા પૂરી પડાય છે અને એક એવી સૂક્ષ્મ ભેદકરેખા અંકાય છે કે જીવાત્મા પૂર્વે જેનાથી તદ્દન અજાણ હતો એવા પોતાનામાં પ્રકૃતિનાં થરોને ઉકેલાતા જુએ છે. એ સાથે સાથે એ ભગવાનના નામનો ઉચ્ચાર પણ મૌનમંદિરમાં કર્યા કરે છે. આ બે પ્રક્રિયાઓ જીવાત્માના બિલકુલ પ્રયત્ન વિના જ આરંભાય છે. આ એક ઘણી જ મોટી ઘટના છે, પણ અંદર જીવમાં આ ક્રિયાની પૂરી સભાનતાયુક્ત મહત્તા સ્વીકારાયેલી ન હોય, તો શરૂઆતમાં એ અકળાય કે મૂંઝાય છે. તેમ છતાં મૌનમંદિરમાં રહેલી પૂજ્ય શ્રીમોટાની પ્રેમરૂપ ચેતના એનું રક્ષણ કરે છે, એનામાં શક્તિ પ્રેરે છે.

ભગવાનના નામસ્મરણ સાથે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નાં વિવિધ રૂપો દેખાય છે. એને જોનાર કોણ છે ? દેખાય છે

એ રૂપ કોનું છે ? આ બંને પ્રશ્નો મહત્ત્વના છે. દેખાય છે એ જીવાત્માનું પ્રાકૃતિક રૂપ છે, એને 'જુએ' છે એ 'સ્વરૂપ' છે. જોનારો એ 'દ્રષ્ટા'રૂપે છે. આ પ્રક્રિયામાં પોતે પોતાને જુએ છે. ભગવાનના નામસ્મરણને લીધે એ જે 'જુએ' છે એમાં જોડાતો નથી, રસ લેતો નથી. એમ છતાં પસ્તાવાનો અને ક્ષમાયાચનાનો તીવ્ર અનુભવ થાય છે અને જીવાત્માના હૃદયના રુદન દ્વારા શોધન પણ થાય છે. પ્રકૃતિના આવા પ્રચંડ આવેગો તેમ જ ચિત્તના સંસ્કારનાં એ ચિત્રો ભોગવાયા વિના ચાલ્યા જાય છે. આથી, મૌનમંદિરમાં ઘણી વાર, ઘણા લાંબા સમય સુધી નિરાલંબ આનંદનો અનુભવ થયા કરે છે. આમ, મૌનમંદિરમાં આપણું પ્રકૃતિનું રૂપ અને આપણું વાસ્તવિક (Real) -આત્મરૂપ અલગ-નોખા થાય છે. આથી, મૌનમંદિરમાં બેસનાર જીવાત્માને 'પ્રભુ' તરીકે ઉદ્‌બોધવામાં આવે છે.

પૂજ્ય શ્રીમોટા, સ્વજનોને 'પ્રભુ' તરીકે ઉદ્‌બોધતા એ ઘણું જ યથાર્થ હતું. તેઓશ્રી સર્વમાં રહેલા 'પ્રભુ'ને જોતા હતા. પોતે 'પ્રભુ'રૂપે પ્રગટેલા હોવાથી જ એ સર્વમાં 'પ્રભુ'ને જોતા. અહીં 'જોતા' એમ કહીએ ત્યારે 'ચર્મચક્ષુથી દેખતા' એવો અર્થ ગ્રહવાનો નથી. એમને તો આપણી અંદર બેઠેલા પ્રભુ સાથે જ એકરૂપ થઈને રહેવાનું હોય છે, પરંતુ આપણાં અંતઃકરણો એ એકરૂપતાનો સ્વીકાર કરે એવાં નથી હોતાં. આથી, તેઓશ્રી વારંવાર કહેતા કે,

'અમારે તો તમારે દિલ પ્રવેશી કર્મ કરવું છે,
પરંતુ બારમણિયાં શાં બધાં દ્વારે જ તાળાં છે.'

મૌનમંદિરોમાં આવો વિરોધ ઝાઝો હોતો નથી. એથી एमनो આપણી નિગૂઢ ચેતના સાથે સંકળાવાનો યોગ શક્ય બને છે. આથી, મૌનમંદિરમાં પ્રકૃતિથી છૂટા રહેતા અને એ માટે મથતા જીવાત્માના શુદ્ધ ચેતનરૂપને તેઓશ્રી 'પ્રભુ'રૂપે જોતા અને ઉદ્‌બોધતા અને આજેય મૌનમંદિરમાં બેસનાર જીવાત્માને કંઈ પણ ચીજ-વસ્તુ આપતાં 'પ્રભુ' કહીને પોકારવાનો રિવાજ છે. ભોજનનો થાળ સૌ પ્રથમ મૌનમંદિરના આ 'પ્રભુ'ને ધરાવવામાં આવે છે. એ પછી જ આશ્રમવાસીઓ જમે

છે. પૂજ્ય શ્રીમોટાએ મૌનમંદિરમાં બેસનાર જીવાત્માની સેવાનું મૂલ્ય ઘણું જ ઊંચું આંક્યું છે.

મૌનએકાંતનો આરંભ અમદાવાદ, સાબરમતી આશ્રમના ગાંધી આશ્રમની 'મીરાંકુટિર'માં કરેલો. પૂજ્ય શ્રીમોટા જાતે અંદર રહેનાર જીવાત્માનો મળ બહાર લઈ જતા ! આમેય મૌનમંદિરમાં રહેતા જીવાત્માના અનેક પ્રકારના મળ વિક્ષેપનું નિવારણ પૂજ્ય શ્રીમોટાની પ્રેમરૂપ ચેતના દ્વારા જ થતું હોય છે ! આ વળી એથીય વધુ સૂક્ષ્મ હકીકત છે ! મૌનમંદિરમાં રહેલો જીવાત્મા મથામણ અને સંગ્રામ દ્વારા, નામસ્મરણ, ભજન, કીર્તન, ધ્યાનાદિ સાધન દ્વારા પોતાનામાં છૂપેલા પ્રભુરૂપને પ્રગટ થવા દે છે. એની જરૂરી સેવા એ સાચી સેવા છે. આ અર્થમાં એ ખરી 'પ્રભુસેવા' છે.

આપણા દેશની આધ્યાત્મિક સંસ્કૃતિને જીવતીજાગતી કરવાનું અને રાખવાનું એક કેંદ્ર હરિઃૐ આશ્રમોમાં મૌનમંદિરોને ગણાવી શકાય.

આ પુસ્તકમાં 'ૐ'કાર ધ્વનિની અસરોનું પૃથક્કરણ, સૂક્ષ્મ ચક્રોના ભેદનની ક્રિયાનો સંકેત, કાળ ટૂંકાવવા માટેની તંત્રસાધનાની પદ્ધતિનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં પ્રથમ વાર જ વાંચવા (સાંભળવા) મળે છે.

પૂજ્ય શ્રીમોટાની અનુભવવાણીનું આ શ્રેણીમાં થયેલું સંકલન ઘણા 'જીવો'ને પ્રેરણાદાયી બન્યું છે. આથી, આ પ્રકાશનો ઘણાં ફળદાયી બન્યાં છે. આ પ્રવચનોનું સંકલન કરતાં જે આહ્લાદ સંપાદન કર્યો છે એ મારા દિલની મોટી મિરાત છે. આવું ઉત્તમ નિમિત્ત પૂરું પાડવા બદલ હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીમંડળનો ઘણો જ આભારી છું.

પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક વાતોનું ઊંડું પરિશીલન અને અનુશીલન થયાં કરે એવી ભાવના સાથે પૂજ્યશ્રીનાં ચરણે આ નિવેદન ધરાવું છે.

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા હરિ:ૐ આશ્રમ, સુરતમાં દર અઠવાડિયે મૌનએકાંત લેનાર સ્વજનો સમક્ષ મૌનએકાંતની સાધનાપદ્ધતિ વિશે તથા જીવનના વિકાસ પરત્વે કેવી રીતે સાવધાન રહેવાય એ વિશે થોડીક મિનિટો બોલતા હતા. એ વાતોની નોંધ સદ્‌ગત ભાઈ શ્રી ચૂનીભાઈ તમાકુવાળાએ તથા ભાઈ શ્રી ચંપકભાઈ ભૂતવાળાએ કરેલી. એ વક્તવ્યોની નોંધ પૂજ્ય શ્રીમોટા વાંચી જતા હતા. આથી, એ નોંધો અધિકૃત ગણાય. આ પ્રવચનોની હસ્તલિખિત નોટબુકો સુરતનાં મૌનમંદિરોમાં રાખવામાં આવતી હતી, કેમ કે એ વાંચવાથી કોઈક સાધકને પ્રેરણા મળે.

એ પ્રવચન-નોંધમાંથી પ્રથમ પુસ્તક 'મૌનએકાંતની કેડીએ', દ્વિતીય પુસ્તક 'મૌનમંદિરનું હરિદ્વાર', તૃતીય પુસ્તક 'મૌનમંદિરનો મર્મ' પ્રગટ થઈ ચૂક્યાં છે અને આ ચોથું પુસ્તક 'મૌનમંદિરમાં પ્રભુ' પ્રકાશિત થઈ રહ્યું છે. અને પછી છેલ્લું પાંચમું પુસ્તક 'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા' હવે પછી પ્રકાશિત થશે. આ પાંચેય પુસ્તકો સાથે પૂજ્ય શ્રીમોટાનાં આ પ્રકારનાં પ્રવચનોની પ્રકાશન શ્રેણી પૂરી થશે.

ભાઈશ્રી ડૉ. રમેશ ભટ્ટે ઉપરનાં બધાં પુસ્તકોનું માનાર્હ સંપાદન કરી આપ્યું છે. એમના ભાવનાભર્યા આ કાર્યની અમે કદર કરીએ છીએ. અગાઉનાં આ શ્રેણીનાં ત્રણે પુસ્તકોની જેમ આ ચોથા પુસ્તકનું સંપાદનકાર્ય ભાઈ શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભાવની વૃદ્ધિ કાજે એ આ કાર્ય કરે છે. એવી એમની ભાવનાની અમે દિલથી કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ પુસ્તક જિજ્ઞાસુઓને જરૂર પ્રેરક અને માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા છે.

તા. ૧૪-૧-૧૯૮૫ ટ્રસ્ટીમંડળ,

(સં. ૨૦૪૧, પોષ વદી ૮) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (છઠ્ઠી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ મૌનએકાંત લેનાર શ્રેયાર્થીઓને ઉદ્‌બોધન કરેલું. એની નોંધ ઉપરથી **'મૌનમંદિરમાં પ્રભુ'** પુસ્તક તૈયાર કરેલ છે. આ પુસ્તકની પાંચમી આવૃત્તિની પ્રતો ટૂંક સમયમાં વેચાઈ ગઈ હોવાથી, આ છઠ્ઠી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકની આ આવૃત્તિને અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજા આવકારશે એવી શ્રદ્ધા છે.

તા. ૨૪-૮-૨૦૦૮
જન્માષ્ટમી

**ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સુરત

# મૌનમંદિરમાં પ્રભુ

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

# ૧. પ્રપંચકાળનું વિરલ સાધન

## કાળબળ

આ કાળમાં આપણી બુદ્ધિ ઘણી વિકસી છે અને એનો ઉપયોગ પણ વધારે થાય એવો આ કાળ છે, પણ એ કઈ દિશા તરફ વધી છે એ પ્રશ્ન છે. જીવનના વિકાસ તરફ બુદ્ધિ વિકસી નથી, પણ કાળધર્મ પ્રમાણે બુદ્ધિની ગતિ થાય છે. કાળ એ મોટું કારણ છે. એટલે કાળ પ્રમાણે મનુષ્યની બુદ્ધિની ગતિ થાય. કાળ બળવાન છે. કાળ પાસે મનુષ્ય લાચાર છે. કાળની ગતિ બહુ પ્રબળ છે. અર્જુન ભીષ્મ, કર્ણ અને દ્રોણ જેવા મહારથીઓ જોડે પોતાના બળથી ઝઝૂમ્યો પણ કૃષ્ણનો મિત્ર એવો અર્જુન કાળ પલટાતાં ‘કાબે અર્જુન લૂંટિયો, યહી ધનુષ્ય યહી બાણ’ એવો અર્જુન, જે વીર નર હતો અને પરમ પુરુષ હતો તે લૂંટાઈ ગયો અને સ્ત્રીઓનું રક્ષણ પણ ન કરી શક્યો. એવી સ્થિતિ કાળને આભારી હોય છે.

## મુશ્કેલીઓનો અંત

આ કાળ પ્રપંચકાળ છે અને એમાં બુદ્ધિ વિકૃત થઈ ગઈ છે. એમાં ભગવાનનું સ્મરણ કરવું, એમાં વિશ્વાસ પ્રગટવો બહુ મુશ્કેલ છે. આ સંસારમાં અને જીવનમાં મુશ્કેલીઓ આવે છે. એટલે આપણામાં જો ભગવાન ઉપર શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટી જાય તો સકળ મુશ્કેલીઓનો કંઈક નિવેડો આવી શકે, નિશ્ચિંત થઈ શકીએ. એટલે બુદ્ધિની મદદ વડે ભગવાનને સહારે એમાંથી ઉકેલ કાઢી શકીએ, બુદ્ધિથી ઉકેલ કરવાનો પ્રયત્ન કરીએ. એની સાથે ભગવાનમાં ભરોસો બેસી ગયો હોય, તો આજ નહિ તો

કાલ ઉકેલ આવશે. Every problem has its end - દરેક કોયડાનો અંત છે. એક ચેતન જ એવું છે કે જેને અંત નથી. બાકી, બધાંને અંત છે. ચેતન, અનાદિ અનંત છે, તો પછી ગૂંચ, કોયડા, મુશ્કેલી આવે તેનો અંત છે. એનાથી ઉમંગ ભાંગી જાય છે તેમ છતાં તેનો અંત આવવાનો છે, પણ એનાથી દુઃખી થઈ જઈએ, ક્લેશ પામીએ, અકળામણ અનુભવીએ તો એમ કરીને એનો કાળ આપણે પોતે લંબાવીએ છીએ. એટલે જો નિરાંત સેવીએ અને દરેકનો અંત છે એમ સમજાઈ જાય-એનો અર્થ એમ નહિ કે બેસી રહેવું, પ્રયત્ન ન કરવો, પણ મનમાં ક્લેશ કે અશાંતિ ન થાય તે ખાસ જોવું. ગભરાવું નહિ. એમ કરીને એવી ભૂમિકાને ટૂંકાવી શકાય.

**બુદ્ધિનો પ્રકાશ ક્યારે ?**

બુદ્ધિ એ ચેતનનું નજીકમાં નજીકનું અંગ છે. ભગવાનના સ્વરૂપનાં લક્ષણ જ્ઞાન અને પ્રકાશ છે. બુદ્ધિ સંસારના અનેક પ્રકારના સંબંધોમાં સમજણ પ્રેરે છે. એ બુદ્ધિ કોઈક વખતે સૂર્યના પ્રકાશ જેવી સમજણ પ્રગટાવતી નથી એનું કારણ બુદ્ધિ, કર્મથી અને પ્રકૃતિથી આવરાઈ જાય છે. આપણી બુદ્ધિ અનેક પ્રકારની કામના, આશા, લોલુપતાથી પ્રેરાયેલી રહ્યા કરે છે. એટલે કે બુદ્ધિ તદ્દન સાત્ત્વિક નથી. એમાં સમતા, તટસ્થતા નથી, એટલે કોયડાનો ઉકેલ કરવામાં બુદ્ધિ કામયાબ નથી હોતી. બાકી, બુદ્ધિનું સ્વરૂપ તો જ્ઞાન-પ્રકાશ છે. જો બુદ્ધિમાં સમતા હોય તો દરેકનો એ ઉકેલ આપી શકે. એટલે જ્યાં સુધી એ અનેક પ્રકારના રાગદ્વેષથી પ્રેરાયેલી છે ત્યાં સુધી એ આપણને સ્પષ્ટ ઉકેલ નથી આપતી.

**બુદ્ધિમાં સમત્વ ક્યારે ?**

એમ કરવાને બુદ્ધિ વિશુદ્ધ કરવી જોઈએ. એ કેમ થાય ? તો કહે, ભાઈ, અનાસક્તિ, નિર્મમત્વ, નિર્મોહ થાય

એટલે સમતા અને સમત્વ પ્રગટે. ત્યારે એવું કેમ (ક્યારે) (કેવી રીતે) થાય ?

એવા કેટલાક દાખલાઓ છે કે ભગવાન જેની સંભાળ લે એનું કામ ઊકલ્યા કરતું. એટલે આ સંસારવહેવારમાં ભગવાનની ઓથની બહુ જરૂર. સંસારમાં પૈસાદાર મિત્રોની ઓથ હોય તો તે પણ ખરે વખતે લૂલી પડી જતી હોય છે, પણ એક ભગવાન જ એવો છે કે જેની ઓથ ખરે ટાંકણે કામ આપે છે. ભગવાન ગતિમાં હોય છતાં ગતિવાળો નથી. એટલે સંસારમાં મળેલાં કર્મને વળગી રહેવાનું છે. મળેલું કર્મ ઉત્તમમાં ઉત્તમ થવાને બુદ્ધિની જરૂરિયાત, અને તે ખાતર જો બુદ્ધિમાં સમતા હોય તો એ ખરી વેળાએ કામ આવે. અને એટલા ખાતર જ અનાસક્તિ, નિર્મોહ, નિર્મમત્વપણું વગેરે કેળવીએ. એ શુદ્ધ થાય એટલે મન, પ્રાણ, અહમ્ પણ શુદ્ધ થાય. અને એને કારણે આપણામાં બધું વિશુદ્ધ થાય છે, અને જીવનમાં એક એવી શક્તિ પ્રગટે છે કે જે સામાન્યપણે અનુભવાતી નથી. એટલે ભગવાને કહ્યું છે કે 'सर्व धर्मान् परित्यज्य मामेकं शरणम् व्रज'— બધા ધર્મો એટલે જીવનના એકેએક ક્ષેત્રના ધર્મો છોડીને મારે શરણે આવ. તો એ કયા ધર્મો ? હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, જૈન વગેરે ધર્મો છે તે ? ના. તો કયા ધર્મ ? ધર્મ એટલે ફરજ પણ થાય. તો ગીતામાતા ફરજ છોડવાની અર્જુનને સાફ ના પાડે છે. 'તારો પ્રાપ્ત ધર્મ યુદ્ધ કરવાનો છે' તેથી, ગીતામાતા અર્જુનને પ્રેરે છે ! તો ધર્મનો અર્થ શો ? ધર્મ એટલે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એટલે કે પ્રકૃતિ. તો પ્રકૃતિનો ધર્મ છોડીને, પ્રાણનો ધર્મ-આશા, ઇચ્છા, કામના, લોલુપતા વગેરે છોડીને, બુદ્ધિનો ધર્મ-તર્ક, શંકાકુશંકા વગેરે કરવાનો; અહંકાર એટલે - 'હું બધું કરું છું', 'મારી સમજણથી થાય છે' એ ભાવ. એટલે આ બધાં પ્રાકૃતિક

functions (કાર્યો) (ધર્મો) છોડવાની વાત છે. તે બધું છોડીએ તો શું થાય ? બુદ્ધિ સાત્ત્વિક થાય. ભગવાન કહે છે કે 'તું તારા મનને મારામાં પરોવી દે.' એમ કરીએ તો શું થાય ? આપણાં કરણો દૈવી થઈ જાય, શુદ્ધ થઈ જાય. આપણે દરેક કર્મ કરતાં બંધાઈએ છીએ અને એમ કરતાં અનેક કર્મોમાં ભેરવાઈએ છીએ. એટલે એ બધાંમાંથી છૂટવું હોય તો પ્રાકૃતિક ધર્મને બધી બાજુથી છોડીને તારા મનને મારાં ચરણકમળમાં જોડી દે. મારાં ચરણકમળમાં તું આસક્ત થઈ જાય, તો બધાં કરણો આપોઆપ બદલાઈ જશે અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેમાં દૈવી ગુણ પ્રગટશે. એમ થશે તો કર્મમાં મોહ, લોભ નહિ હોય. એટલે તેવે વખતે કર્મ ગમે તેવાં હોય તોપણ ભગવાનમાં તેને લગની લાગી ગઈ હોય તો તે જે કર્મ કરશે તે સાત્ત્વિક પ્રકારનાં હશે, અને એમ કરતાં તું જે જીવ સાથે સંબંધમાં આવશે તેમાં પણ સદ્ભાવના પ્રેરાવશે અને એમ કરીને જગતની અને માનવની ઉત્તમ પ્રકારની સેવા કરી શકશે.

**પ્રભુની ગેબી મદદ**

દુનિયાની ઓથ કે સંસારી પ્રકારની ઓથ ઘણી વખતે ઓછી પડે છે, એનાથી ખમીર પ્રગટતું નથી, પણ ભગવાનમાં શ્રદ્ધા, વિશ્વાસ જીવંત થઈ જાય ત્યારે આપણને એમ થાય કે આપણી પાસે-સાથે કોઈ છે, જેના વડે કરીને પ્રેરણા, ઉલ્લાસ, બળ મળ્યાં કરે છે, ઉદ્યમ અને ઉત્સાહ પ્રગટે છે-એટલે એની ન માની શકાય એવી ગેબી મદદ મળ્યાં કરે છે કે જેની કોઈને સમજ પડે નહિ.

**પ્રભુશ્રદ્ધા માટે સ્મરણ**

તો ભગવાન ઉપર વિશ્વાસ પ્રગટાવવા માટે કોઈ સરળ સાધન હોય તો ભગવાનનું સ્મરણ છે. એનાથી એ આપણો બેલી થાય છે. ભગવાનની સમર્થતાની તોલે આ દુનિયાની કોઈ ઓથ

કામ આપતી નથી. એની ઓથે તો એવા પ્રકારની ખુમારી, મસ્તી પ્રગટે છે કે પછી કોઈ પ્રકારની ચિંતા રહેતી નથી.

## ભક્તિનું પરિણામ

સંસારમાં સુખી થવા માટે ભગવાનની ભક્તિ છે. ભક્તિ તો જ્ઞાનાત્મક છે. ભક્તિ મૂર્ખાઈ પેદા નથી કરતી. 'ભક્તિ કરનાર ભોટ હોય છે' એવી માન્યતા ભૂલભરેલી છે. એનાથી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ શુદ્ધ થાય છે. એટલે એનાથી ભોટ થવાતું નથી, પણ બુદ્ધિ-પ્રકાશ પ્રેરે છે. સંસારમાં કુશળ વહેવારુ કરતાં પણ ભક્તિ કરનાર વિશેષ વહેવારુ બની શકે છે અને જે ક્ષેત્રમાં એને દાખલ થવું પડે તેનું વિશેષ જ્ઞાન એને થાય છે. એટલે ભક્તિ કરવાથી કરણો બહેર મારી જાય છે, ભોટ થવાય છે, એ માન્યતા અજ્ઞાનમૂલક છે. એવી બુદ્ધિથી તો આપમેળે કર્મ કરવામાં ઉત્સાહ પ્રગટે છે. એ સમતાને પામેલી હોવાથી કર્મનો ઉકેલ કરવાને દલીલો કરવી પડતી નથી, એની મેળે એને બધું સૂઝે છે અને કર્મનું હાર્દ પકડાઈ જાય છે. ભક્તિમાંથી જ્ઞાન અને કર્મ પ્રગટે છે, એ તો ત્રિવેણીસંગમ થાય છે. કેટલાકનાં પ્રકૃતિ અને સ્વભાવ ભક્તિને, કેટલાકનાં ભક્તિ અને જ્ઞાનને, અને કેટલાકનાં ભક્તિ, જ્ઞાન અને કર્મને અનુકૂળ હોય છે. એટલે ત્રણે રીતે એ સંકળાયેલી છે. ભક્ત, જ્ઞાની અને કર્મ કરવાવાળો હોય છે.

## અનુભવ કરી જુઓ

ભાઈ, ભગવાનનું સ્મરણ કરો તો એનાથી શ્રદ્ધા પ્રગટે. ભગવાનની ઓથનો અનુભવ તો કરી જુઓ. આપણે સંસારમાં બહુ ગરીબ હોઈએ પણ આપણો કોઈ દોસ્ત બહુ પૈસાદાર હોય, પણ જો સુદામાની પેઠે આપણામાં ભક્તિ હોય, પણ માગવા જવાનું દિલ ન થાય, પણ જરૂર પડ્યે તો પ્રભુ

આપણને મદદ કર્યા વગર રહેવાનો નથી, એની જો ઓથ હોય તો. આવા પ્રસંગો મેં અનુભવેલા છે. ગાંધીજીની રચનાત્મક સેવામાં હતો ત્યારે માનદ વેતન લેતો. આઠ જીવનું પોષણ કરવાનું હતું અને તેનાથી પૂરું ન થતું. ત્યારે મારા મિત્રો મને મદદ કર્યા કરતા. વળી, વર્ષે ૧ મહિનો તો એકાંતમાં જતો ત્યારે મિત્રો મદદ કરતા. એટલે સંસારમાં એવા મિત્રો જો હોય તો એક જાતની હૂંફ રહે અને ટટારી રહે છે, તો જો ભગવાનની એવી ઓથ અને હૂંફ હોય તો કેવી ટટારી પ્રગટે તે વિચારશો.

## ચેતનનિષ્ઠમાં રાગનું પરિણામ

ભગવાનની ઓથ આ કાળમાં વૈરાગ્ય વગર પ્રગટવી મુશ્કેલ છે, આ કાળમાં વૈરાગ્ય પ્રગટવો સરળ નથી, પણ અભ્યાસ જો પ્રગટે તો વૈરાગ્ય આવે છે, એ મારો અનુભવ છે. વૈરાગ્ય તો અનેક જન્મોનાં પુણ્ય કર્મોનો ઉદયકાળ થાય તો થઈ જાય. પ્રહ્‌લાદ-ધ્રુવને તે પ્રગટેલો, પણ મારા-તમારા જેવાને નથી થતો. એટલે આપણે તો અભ્યાસ જ કરવાનો રહે છે, અને તે માટે ભગવાનનું સ્મરણ એ જ એક સુલભ વસ્તુ છે. અનુભવીઓ કહે છે કે ‘શું કરવા યોગની પાછળ પડો છો ? એકલું સ્મરણ જ ઉત્તમ પ્રકારનું ફળ આપવાને કે પરિણામ અપાવવાને શ્રેષ્ઠ છે.’ ગીતામાં તો કહે છે કે ‘મારામાં તારા મનને પરોવી દે. પછી તું જો કે શું પરિણામ આવે છે ! તારે પછી કશું જોવાનું નથી. પછી હું તારું બધું કર્યા કરીશ.’ મા બાળકનું મેલું પણ ધોઈ નાખે છે. તેમ જો બાળક જેવા થઈ જવાય તો ભગવાન તેને પવિત્ર પણ બનાવે, એનું બધું ધોઈ પણ નાખે. એવી રીતે જો કોઈ ચેતનમાં નિષ્ઠા પામેલો આત્મા હોય, તેનામાં જો રાગ કરી દઈએ તો તે પણ આપણને

પવિત્ર કરે છે, પણ તે ક્યારે ? કે જ્યારે એમની સાથે દિલ હળીમળીને એક થઈ જાય, એવી ભક્તિ થઈ જાય, તો એ સમર્થ બનાવી દે. એવા મહાત્માઓ આજે પણ હયાત છે.

**સ્મરણનો પ્રતાપ**

ઘણાં અહીં આવે છે, તેમની એવી દાનત પ્રગટેલી નથી. અહીં સવાલ પૂછે છે, પણ બહાર જઈને બીજું જ કરે છે. મનમાં એક વાત અને કરવું બીજું તે નહિ ચાલે. જ્યાંથી ઉચ્ચ પ્રકારનો લાભ મેળવવો હોય તેની પાસે આવીને દંભ સેવશો નહિ, એનાથી પતન થશે. ભગવાનનું સ્મરણ એ જીવનમાં પ્રત્યક્ષ પરિણામ નીપજાવી શકે એવું સમર્થ સાધન છે. પ્રભુકૃપાથી મારામાં બુદ્ધિ હતી. તેની મદદ વડે મેં ભગવાનનું સ્મરણ કરીને એની દયાથી ઘણા અનુભવો કર્યા છે. અને મદદ મળે છે. આ સ્વાનુભવ છે. ભગવાનનું સ્મરણ પ્રમાદી થવા દેતું નથી, એનાથી આપણામાં ભગવાનના ગુણધર્મ પ્રગટે છે. વળી, નોખાપણું કેળવવાને માટે પણ એ ઉત્તમમાં ઉત્તમ સાધન છે. જો કર્મ કરતાં કરતાં પ્રસન્નતા નહિ કેળવી શકો તો તમે થાકી જશો, જ્ઞાનતંતુ નબળા પડશે, પણ ભગવાનનું સ્મરણ તમને અને જ્ઞાનતંતુને મજબૂત બનાવશે; એને tone up કરશે અને જીવનનિર્વાહ ચલાવવાને માટે યોગ્યતાવાળાં કરણો પ્રગટાવશે.

**આંતરિક બળનું પ્રેરક**

આપણાં કરણો બહુ મૂંઝાયેલાં, અકળાયેલાં અને વિશુદ્ધ ન હોવાથી કર્મ કરવાની યોગ્ય લાયકાત ઓછી થાય છે, તો તે યોગ્ય પ્રકારની કરવા માટે પણ ભગવાનનું સ્મરણ ઉત્તમ છે. કોઈ કહે પાપ થઈ જાય છે. તો તેનો વિચાર ન કરો. એક વખત ભગવાનના સ્મરણમાં લાગી જવાય તો એક જાતનો વિવેક પ્રગટે છે. અને નકારાત્મક વર્તનમાંથી પાછા વળવા એક

આંતરિક બળ પ્રગટશે. તો સમજો કે ન સમજો ગમે તેટલા પ્રયત્ન કરો, તોપણ આંતરિક બળ વગર કશામાંથી પાછા વળવાની શક્યતા નથી.

એટલે કહું છું કે ભગવાનના સ્મરણથી જીવન ઉત્તમ બને છે, કર્મ પણ ઉત્તમ પ્રકારનું થાય છે. એટલે વેપારમાં જેમ મૂડી જરૂરી છે તેમ ભગવાનના માર્ગે જવા માટે નામસ્મરણથી હૈયાસૂઝ અને ઉકેલ જડે છે. અને એમ કરતાં તમને ઘણી સરળતા રહેશે, જીવન જીવવાની સરળતા રહેશે. એમાં આનંદ પણ રહેશે.

તા. ૧૦-૪-૧૯૬૨

## ૨. પ્રભુનું પ્રાગટ્ય

**પ્રમાણ ક્યાં ?**

ઘણા લોકોના મનમાં એમ થાય કે આપણે ભગવાન ભગવાન કરીએ છીએ પણ એ જો પ્રત્યક્ષ હોય તો અનુભવાતો કેમ નથી ? વળી, આ બધું જ જડ, ચેતન, બ્રહ્મ છે, તો જો બધું બ્રહ્મ હોય-ભગવાન હોય તો એનું પ્રમાણ મળવું જોઈએ.

**ધર્મનાં લક્ષણ**

જેમ અગ્નિ હોય તો એની ગરમી લાગે, તેમ આપણા ધર્મ વિશેનું લક્ષણ ખબર પડેને ? આપણી સંસ્કૃતિ દુનિયાની સકળ સંસ્કૃતિઓમાં બહુ ઉચ્ચ સ્થાને હતી અને ગણાતી. જ્યારે ધર્મનાં લક્ષણ વર્તાય ત્યારે ધર્મ જીવતો છે એમ લાગે. ધર્મ જીવંત હોય તો સાહસ, ઉદારતા, ધૈર્ય, હિંમત, સહનશીલતા, અભય, સમભાવ વગેરે એનાં લક્ષણો છે. આ બધાં લક્ષણો જ્યારે સમાજમાં પ્રવર્તેલાં હોય એટલે એ દેખાય ત્યારે ધર્મ જીવતો છે એમ ગણાય. અત્યારે આપણો સમાજ ખૂબ સુષુપ્ત દશામાં પડેલો છે અને પ્રભુકૃપાથી પણ હજુ પતનની દશા આવવાની છે. પ્રત્યેક માણસ પોતે વિચારે કે મારે તો ધર્મ કે ભાવનાથી વર્તવું જોઈએ, તો એ સમાજને સ્પર્શી શકે છે. આ સમાજની ઉત્તમ પ્રકારની સેવા છે. સમાજની ઉત્તમ પ્રકારની સેવા કરવાની હોય, તો ભાવનાથી વર્તવું જોઈએ.

**હેતુની જાગૃતિ**

આપણે દેવદર્શન કરવા જઈએ ત્યારે જો તેનો જીવતોજાગતો હેતુ આપણામાં ન પ્રવર્તતો હોય, તો એ કર્મ આપણને મદદરૂપ

નથી નીવડતું. માટે એના હેતુની આપણામાં ચેતનપૂર્વકની જાગૃતિ પ્રગટે તો એ મદદરૂપ નીવડે. આપણે અડધો કલાક ભગવાનનું નામ લઈએ, પણ બીજા વખતમાં એની કોઈ અસર નહિ. અને કદાચ વર્તાય પણ ફેર હોય. એટલે આપણે વખતના ભાગલા પાડીએ છીએ અને એમ દંભ કેળવાય છે. એટલે આ રીતે વર્તવાથી તે ફળી શકતું નથી. એટલે સાધનામાં હેતુની જાગૃતિ હોય તો જ ફળી શકે.

## વર્તન વિનાનું નકામું

વળી, ભગવાન છે કે નહિ એવી બુદ્ધિની વૃત્તિ કેળવાય છે. આપણે ત્યાં પરંપરાથી એવી માન્યતા છે કે અણુઅણુમાં ભગવાન રમે છે. એ માન્યતા સાચી છે, તેમ છતાં એ ઉપરછલ્લી છે. ખરેખર તો એ હૃદયમાં ઊતરેલું હોતું નથી. આ પૃથ્વી, ઝાડપાન વગેરે બધું બ્રહ્મ છે એવી માન્યતા છે, પણ તેવી ભાવનાથી આપણે વર્તતા નથી. બધું બ્રહ્મ હોય તો કશે અનીતિ, દંભ, દુરાચાર વગેરે વર્તાય નહિ.

## સ્મરણથી ભગવાન પ્રગટે

પણ એમ આપણે હંમેશ અને સંપૂર્ણપણે વર્તતા નથી, એટલે ભગવાન નથી એમ માની લઈએ છીએ. ભગવાન આપણામાં રહેલો હોવા છતાં એની ગરમી કેમ લાગતી નથી ? એનું કારણ શું ? આ પૃથ્વીના પેટાળમાં ઘણી ગરમી છે, છતાં પણ આપણે પૃથ્વી ઉપર ચાલીએ છીએ અને ગરમી લાગતી નથી. પેટાળમાં રહેલી ગરમીનો આપણને સ્પર્શ થતો નથી. એ અનુભવાતી નથી, પણ એ હકીકત છે કે અંદર ગરમી છે. એ આપણને લાગતી નથી, કારણ કે એ પેટાળમાં છે. પેટાળમાં જે ગરમી છે તેનાથી ૩૦૦-૪૦૦ માઈલ ઉપર પૃથ્વીનાં પડળો છે. તેવી જ રીતે ચેતન તો છે, પણ પ્રકૃતિનું પડળ ફરી વળેલું છે. દ્વંદ્વ અને

ગુણની બનેલી પ્રકૃતિ ચેતન ઉપર ફરી વળેલી છે. એટલે ઋષિમુનિઓએ જોયું કે જો આ રીતે ચાલશે, તો મનુષ્યને ભગવાનનું કંઈ ભાન પ્રગટશે નહિ. એટલે સમાજના માનવીઓને એવું કોઈ સરળ સાધન આપ્યું હોય, તો સમાજના અનેક પ્રકારના જીવો, સમાજમાં રહેલા માનવીઓ આચરી શકે; અને એ લોકોએ જે અનુભવેલું તે કહ્યું છે 'ભગવાનનું સ્મરણ કરો.' એનું સ્મરણ કરતાં એના (ભગવાનના) ગુણ આપણામાં પ્રગટે. જેમ આપણે કોઈના સંબંધમાં આવીએ તો એની પ્રકૃતિનાં, એના સ્વભાવનાં અનેક પાસાંની ખબર પડે, તેમ જ ભગવાનના ગુણધર્મોની ખબર પડે. એ રીતે નિર્દોષમાં નિર્દોષ અને સરળમાં સરળ સાધન ભગવાનનું સ્મરણ છે.

**પ્રયોગાત્મક હકીકત**

કોઈ કહે છે કે ભગવાનના સ્મરણથી આ બધું શી રીતે ટળે ? પ્રકૃતિ માત્રની પકડ પણ ઢીલી થઈ શકે ખરી ? દ્વંદ્વથી મુક્ત થઈ શકાય ? આ બધાંનો પ્રયોગ કરીને અનુભવીઓએ કહ્યું છે કે ભગવાનના સ્મરણથી આ બધું થઈ શકે છે. અણુઅણુમાં ભગવાનની શક્તિ રહેલી છે. એમ હજારો વર્ષથી આપણે કહીએ છીએ, એ જ વળી આજે વિજ્ઞાન કહે છે. એટલે જો એનો પ્રયોગ કરીએ તો ખબર પડે. આ પણ વૈજ્ઞાનિક હકીકત છે. પ્રયોગ કરી જુઓ તો ખબર પડે.

**પ્રભુનામના ઉચ્ચારમાં ગૂઢ શક્તિ**

Word has got a mysitc power - ભગવાનના નામમાં એવી ગૂઢ શક્તિ છે. મંત્રમાં એવી શક્તિ છે. નિષ્કામ અને સકામ એમ બંને પ્રકારના મંત્ર છે. આપણા ચાર વેદોમાં અથર્વવેદ આખો મંત્રોનો છે. એમાં આપણે ઊંડા ઊતરી શકીએ એવી શક્તિ કે તીવ્રતમ ઝંખના આપણામાં નથી. અનુભવીઓએ

જ કહ્યું છે. તેમની વાત માનવાથી શ્રદ્ધા કે વિશ્વાસ આપણામાં જાગે, તો ભગવાનના નામમાં ઝંપલાવવાથી આપણને ખૂબ સરળતા રહેશે. કદાચ આ જન્મમાં ભગવાનને ન પામી શકો, પણ આ સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિ, વેદના, ત્રાસ જે બધું રહે છે, તે પણ જો ટાળવું હોય તો - અરે, મનાદિકરણના આ રોગને ટાળવાને માટે ભગવાનનું નામ એ જલદ ઔષધ છે. એ ઔષધ કરવાથી શાંતિ મળે છે. જ્યારે જ્યારે ત્રાસ, ક્લેશ, સંતાપ થાય ત્યારે ભગવાનનું નામ લો, એનું સ્મરણ કરો અને તે પણ (દીર્ઘ ઉચ્ચારથી) દીર્ઘ શ્વાસથી. ભગવાનનું સ્મરણ કરીએ તો અનેક પ્રકારના વિચારની પકડમાંથી તમે હળવા થઈ જશો. આ પ્રયોગથી સમજાય એવી હકીકત છે. જ્યારે જ્યારે સંતાપ, વેદના, ત્રાસ, ક્લેશ વગેરે પ્રગટે ત્યારે એકાંતમાં એટલે ઘરમાં, ઓરડામાં અથવા તો ગમે ત્યાં જો ભગવાનનું નામ લલકારીએ તો મનના આવેગો શમે છે અને જીવપ્રકારની વૃત્તિઓ પણ શમે છે. અમે કહીએ છીએ કે અરે, કામ, ક્રોધ, મદ, મત્સર, તિરસ્કાર વગેરે પણ ખૂબ ઉત્કટ રીતે પ્રગટે ત્યારે જો તમે દીર્ઘ ઉચ્ચારથી સ્મરણ કરો તો કેવી સ્થિતિ થાય છે, તે તમે અનુભવી શકો. ઉપરાંત, આધિ, વ્યાધિ, ઉપાધિને મટાડવાને માટે પણ આ રામબાણ ઈલાજ છે.

**હાર્દ પામવાની રીત**

સકળ કામ કરતાં એનું સ્મરણ કરવાનો પ્રયત્ન કરો. પ્રયોગ કર્યા સિવાય સત્ય સમજાતું નથી; યાહોમ કરીને ઝંપલાવવા સિવાય વસ્તુનું હાર્દ સમજાતું નથી.

વિજ્ઞાનીઓ કોઈ બાબત અંગે શોધખોળ કરતા હોય છે ત્યારે તેઓ ગમે તે પ્રવૃત્તિમાં હોય, અરે, એની પત્ની સાથે દરિયાકિનારે હાથમાં હાથ રાખી ફરતા હોય તોપણ એના મનમાં

અને દિલમાં પળેપળ એની શોધ વિશેની પ્રવૃત્તિનું જ મનન-ચિંતવન થયાં કરે છે, બાહ્ય રીતે બધું કરતા હોવા છતાં એના વિચારો તો પેલી શોધના કાર્યમાં જ હોય છે. તો જ એને એ વસ્તુનું હાર્દ પ્રગટે છે. એટલે સ્મરણમાં પણ જ્યારે અખંડતા, એકધારાપણું પ્રગટે ત્યારે ખબર પડે છે કે એનું શું મહત્ત્વ છે અને એ શું કરી શકે છે.

અમે કહીએ છીએ કે એટલું ન થઈ શકે તો આ સંસારનાં ઘણાં સંઘર્ષણો જે થાય છે તેમાં જો દુઃખ ન પામવું હોય, અરે, હળવાશ, શાંતિ, પ્રસન્નતા મેળવવી હોય, તો ઉત્તમમાં ઉત્તમ ઔષધ ભગવાનનું નામ છે.

**સ્મરણના ઉઠાવ માટેની શરતો**

કોઈ કહે કે 'મોટા, તમે શું ગપ્પાં ઠોકો છો ? અમે નામ તો લઈએ છીએ પણ કંઈ થતું નથી.' તો ભગવાનનું નામ લઈએ ત્યારે એનો ઉઠાવ થવાને માટે અમુક ભૂમિકા જોઈએ, દવા માટે જેમ ચરી પાળવી પડે તેમ. એટલે જો ખરેખર સ્મરણ કરતા હોઈએ તો એનામાં ભૂમિકા જોઈએ. સદ્અસદ્ની વૃત્તિ હોય, તે પરત્વે જાગૃતિ હોય, દરેક સાથે કેમ વર્તવું તેનો વિવેક જોઈએ. એટલે સ્મરણની ભાવનાનો ઉઠાવ થવા માટે રાગદ્વેષ મોળા પડવા જોઈએ. અનેક પ્રકારના પૂર્વગ્રહોથી, મદ-મત્સરથી આપણે જકડાયેલા છીએ. તે જો મોળા પાડીએ તો ભગવાનની ભાવનાનો ઉઠાવ બહુ જલદી થાય છે. એટલે જો એનું ફળ ચાખવું હોય તો સાથે સાથે રાગદ્વેષ, ગમાઅણગમા, પૂર્વગ્રહોની મડાગાંઠો વગેરે મોળાં પાડીએ તો જ સ્મરણની ભાવનાનો ઉઠાવ બહુ જલદી થાય. ઘણા માણસો કોઈને કાગળમાં 'દેવ' લખે છે, પણ દેવની ભાવના ન હોય, તો એ એને પોતાને છેતરે છે. એના કરતાં તો એ એને ન માને તે ઉત્તમ, પણ દંભ ઉત્પન્ન

કરવાથી કે કેળવવાથી વધારે પતન થાય છે. એટલે ભગવાનના સ્મરણનો ઉઠાવ કરવાને માટે રાગદ્વેષ મોળા પાડવા જ જોઈએ. તે સિવાય આરો નથી. અને એવી જે પકડો છે, તે શોધી શોધીને મોળી પાડવી જ પડશે.

**એથીય આગળની શરત**

એટલે ખરા સાધકને અનેક પ્રકારની પકડોમાંથી છૂટવાની તત્પરતા જાગવી જોઈશે, એનું એને ભાન જાગવું જોઈશે. એમ થતાં એમાંથી મુક્ત થવાનો એણે પ્રયત્ન કરવો પડશે. જેને નકારાત્મક પ્રકારની વૃત્તિ હોય તેનાથી તો તે મુક્ત થઈ શકે. તે તો તાત્કાલિક ખબર પણ પડે, પણ સારી વૃત્તિઓથી તો એ મુક્ત ન થાય. કારણ, એને તો એ ઝોડની પેઠે વળગતો હોય છે. કારણ, એ એમ માની બેઠેલો હોય છે કે આ જ સાચું છે. એવી માન્યતાઓ કે વૃત્તિઓ કદાચ વહેવારને માટે ભલે ઉત્તમ પ્રકારની હોય તોપણ ચેતનની દશાને પામવા માટે એમાંથી પણ મુક્ત થવું પડશે, સારામાં સારી વાતોથી પણ એણે પર થવું પડશે. આ તો ઘણી આગળની વાત છે.

**રોગનિવારક ઔષધ**

એટલે જેમ રોગ થાય-માનસિક રોગ કે જેમાં સંઘર્ષણ, દુઃખ, વેદના થાય તો દવા તરીકે ભગવાનનું સ્મરણ કરો. પા કે અડધો કલાક ઓરડામાં બેસી ભગવાનનું સ્મરણ લલકારો અને એનાથી જો તમને કંઈ ફાયદો થાય તો દરેક કાર્ય કરતાં એ ચાલુ રાખો.

પણ પ્રકૃતિનું ઝેર આ સ્મરણથી કેવી રીતે મોળું પડશે ? જો ઝેર ચોખ્ખું હોય અને એ પી જઈએ, અને એ જ ઝેર Diluted–એટલે કે મોળું પાડેલું હોય અને એ પી જઈએ એ બેઉના પરિણામમાં ફરક પડવાનો. ભગવાનના સ્મરણથી પરિણામમાં આ જાતનો

ફેર પડવાનો. એટલે ભગવાનનું સ્મરણ છે, તે સંસારની અનેક પ્રકારની પ્રવૃત્તિમાં મદદ કરે છે. વળી, જે જીવ આમતેમ થયા કરે છે, અટવાયા કરે છે, એમાંથી પણ એની વૃત્તિઓ મોળી પડશે અને એમ એને એ પ્રકારની ભાવના પ્રગટે છે.

**ભગવાન સન્મુખ થશે**

બાકી એ (સ્મરણ) આ જીવનમાં મુક્ત થવાને માટે સરળમાં સરળ, સબળમાં સબળ, નિર્દોષને માટે સહજ, ઉત્તમમાં ઉત્તમ સાધન છે. અનુભવીઓએ પોતાના જીવનમાં નિચોડરૂપે ખુલ્લા દિલે કહ્યું છે કે 'ભાઈઓ, દુઃખી ન થાવ, આનાથી અનેક સંત ભક્તો તરી ગયા છે.' આજે પણ એવા ભક્તો જીવતા છે. મહાત્મા ગાંધીને ભગવાનમાં અખૂટ અને અતૂટ વિશ્વાસ હતો. એમની માળા એમનાથી કદી જુદી પડતી ન હતી. અને એમનાં સઘળાં કાર્યો ભગવાન ઉપરના અતૂટ વિશ્વાસને લઈને જ પાર પડ્યાં છે. એક તો આપણને ભગવાન ઉપર જ વિશ્વાસ પ્રગટેલો નથી. અરે, માણસ ઉપર વિશ્વાસ નથી તો ભગવાન ઉપર કેમ વિશ્વાસ થાય ? તેમ છતાં વેપાર-ધંધામાં કે વહેવારમાં માણસમાં વિશ્વાસ કરે છે. સંસારમાં લાખોના સોદા વિશ્વાસથી ચાલે છે. સંસારમાં વિશ્વાસ વગર એક ડગલું પણ ચાલી શકાતું નથી, તો ભગવાનમાં કેમ વિશ્વાસ રાખતા નથી ? તો કહે કે ભગવાન ક્યાં સામે (સન્મુખ) છે ? ક્યાં દેખાય છે ? તો અમે કહીએ છીએ કે એનું સ્મરણ કરો, એ તમારી સન્મુખ થશે. એ સામો થાય તે માટે, એની ભાવના જીવતી રહે તે માટે, ભગવાનનું સ્મરણ એ ખૂબ સરળ અને સહજ સાધન છે. એ અનુભવી લોકોએ આપણને આપ્યું છે અને એ આચરવાથી એનું સ્મરણ કર્યા કરવાની એની તીવ્રતમ ભાવના આપણા દિલમાં પ્રગટી શકશે.

તા. ૧૧-૯-૧૯૬૨

# ૩. શબ્દ વિશે વૈજ્ઞાનિક સમજૂતી

## વૈજ્ઞાનિક હકીકત

આજકાલ ઘણા બુદ્ધિવાળા લોકો કહે છે કે ભગવાનનું નામ બોલવાથી શું થાય? બીજાં વિજ્ઞાનની જેમ આ શુદ્ધ વૈજ્ઞાનિક હકીકત નથી, પણ અમે કહીએ છીએ કે આ વૈજ્ઞાનિક હકીકત છે, ભગવાનના નામથી ઘણું થઈ શકે છે.

## પાંચ તત્ત્વોની લીલા

આપણા બ્રહ્માંડમાં પાંચ તત્ત્વો છે. આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. બધાં નક્ષત્રોમાં પાંચે તત્ત્વો નથી. કેટલાકમાં માત્ર તેજનાં જ તત્ત્વ હોય છે. એવાં ઘણાં છે. વળી, થોડાં આકાશ, તેજ અને વાયુવાળાં છે. તેમ જ આકાશ, તેજ, વાયુ અને જળવાળાં થોડાં, પણ આપણી પૃથ્વી ઉપર પાંચે તત્ત્વો છે. એ પાંચે તત્ત્વોમાંથી menifestation (વ્યક્તત્વ) જે થાય તે અહીં છે. એમાં આકાશનું વ્યક્તત્વ શબ્દ, તેજનું વ્યક્તત્વ રૂપ, વાયુનું વ્યક્તત્વ સ્પર્શ, જળનું વ્યક્તત્વ રસ અને પૃથ્વીનું વ્યક્તત્વ સુગંધ છે. જે શબ્દ છે એ ભાવનાવાચક છે. એટલે જ્યારે જે મૂળ શબ્દો હશે અથવા પહેલાં જ્યારે મનુષ્ય હશે અને પહેલાં જે મૂળ શબ્દ હશે તે બહુ આકર્ષક હશે. બાળક પહેલવહેલું ‘મા’ બોલે છે અને તે એને બહુ આકર્ષક હોય છે. એ નવ માસ સુધી માના પેટમાં રહેલું હોય છે. એટલે તેનું આકર્ષણ મા સાથે ખૂબ હોય છે. તેમ જ જ્યારે માનવી પહેલાં જે હશે તેનું આકર્ષણ અજ્ઞાત રીતે (unconsciously) ચેતન તરફ હતું, કારણ એની વૃત્તિ બહિર્મુખ ન હતી. ભાષાનું સાધન

હતું નહિ. ત્યારે બહુ સુધારાની દશામાં ન હતા. ત્યારે કદાચ કપડાં પણ પહેરતાં ન હોઈએ એથી કરીને જેને સંસ્કૃતિ કે અંતર્મુખતા કહીએ તે કાળમાં વિશેષ પ્રમાણમાં હશે.

**વેદકાળની સંસ્કૃતિ**

પણ આપણે જે પ્રજાને જંગલી અવસ્થામાં હતી એમ કહીએ છીએ તે ઋગ્વેદનો કાળ હતો કે તે પહેલાંનો સમય (આજથી લગભગ ઈ. સ. પૂર્વે દશ હજાર વર્ષ) ત્યારે ઋગ્વેદ રચાયો અને એની ઋચાઓ ઋષિમુનિઓ ઉચ્ચારતા. કારણ, શબ્દ પરત્વે તેમનું આકર્ષણ હતું.

પહેલાં જેમ અંધારું હોય અને પછી જેમ પ્રકાશ થાય તેમ પહેલાં જે સ્થિતિ હતી તેમાંથી જે સંસ્કૃતિ જન્મી તેના પહેલાં એનો impact તો હોય જ છે. અંધારામાં જેમ પ્રકાશનો impact હોય જ છે એટલે તે જમાનાનું કે ઋગ્વેદના તે કાળનું કોઈ અધ્યયન કરે તો કોઈને પણ લાગે કે તેઓ આપણા કરતાં વધારે સંસ્કૃત હતા. કદાચ સુધરેલા ન હોય પણ વધારે સંસ્કૃત કે અંતર્મુખ તો હતા જ. દુનિયાની કોઈ પણ સંસ્કૃતિ કરતાં આપણે તે કાળમાં ઉચ્ચ સ્થાને હતા.

મૂળવાત ઉપર-જ્યારે આપણે બોલી શકતા ન હતા, જે જંગલી અવસ્થા હતી ત્યારે શબ્દનું વ્યક્તત્વ થયું. મારો પ્રવચનનો મૂળ હેતુ શબ્દનું મહત્ત્વ છે. આજે પણ જો શબ્દ ન હોય તો ખૂબ ગૂંચવાડો થઈ જાય. કોઈ માણસ મૌન પાળતો હોય તો લખીને આપવું પડે.

**શબ્દનું ઉદ્‌ભવસ્થાન**

શબ્દ આકાશમાંથી નીકળ્યો છે. એ બ્રહ્મવાચક, ચેતનવાચક અને ભાવનાવાચક છે. એમાં જ્યારે નિરંતરતા-અખંડતા પ્રગટે ત્યારે આપણું જોડાણ આકાશતત્ત્વ સાથે થતું હોય છે. શરીર

પાંચતત્ત્વનું બનેલું છે એ તો હકીક્ત છે. આપણામાં આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વીનાં તત્ત્વો છે.

શબ્દનો સંબંધ આકાશ સાથે છે, એનો જન્મ આકાશમાંથી થાય છે. જો શબ્દની નિરંતરતા એકધારી પ્રગટે તો આપણામાં આકાશતત્ત્વ ખીલે અને વળી આકાશનો સંબંધ ગુણ સાથેય હોય છે. ગુણ ત્રણ છે : સત્ત્વ, રજસ અને તમસ. આકાશનો સંબંધ સત્ત્વ સાથે હોય છે. રજસનો તેજ અને વાયુ સાથે અને તમસનો જળ અને પૃથ્વી સાથે સંબંધ હોય છે. હવે જ્યારે શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે અને એ ખીલે ત્યારે એનો સંબંધ સત્ત્વ સાથે હોય. સત્ત્વનો વિસ્તાર થવા માંડે અને એમ થતાં આપણી જીવદશા મોળી પડે-એટલે કે કામ, ક્રોધ, તૃષ્ણા, લોભ, મોહ, મદ, મત્સર વગેરે મોળાં પડે. જો આપણે જીવદશાની વૃત્તિઓને એક પછી એક મોળી પાડવા માગીએ તો જિંદગી વહી જાય. કોઈક એક ગુણ આપણે નિર્મૂળ ન કરી શકીએ, અને એને નિર્મૂળ કરવા માગીએ તો એની સાથે બીજાં બધાં સંકળાયેલાં છે.

## નિરંતર શબ્દની શક્તિ

એ નિર્મૂળ કરતાં બધાંને નિર્મૂળ કરવાં પડે. એટલે ઋષિમુનિઓએ જોયું કે આ બધું માનવીથી ન થઈ શકે. એટલે કે લોકોએ વિચાર્યું કે માનવીને એવું કોઈ સાધન આપો કે જે બધાંય કરે. યોગ, તંત્ર, ધ્યાન વગેરે બધાં ન કરી શકે, તેમાં ચિત્તશુદ્ધિ બહુ જોઈએ. એટલે આંધળાં, લૂલાં, રોગી, સ્ત્રી, પુરુષ, વૃદ્ધ બધાં લઈ શકે એવું સાધન હોય, તો તે ભગવાનનું નામ છે. અને ભગવાનના નામના સતત સ્મરણ-રટણથી આકાશતત્ત્વ ખીલે છે. વળી, સત્ત્વનો આકાશ સાથે સંબંધ હોઈ, સત્ત્વ ખીલતાં આપણામાંના બધા જીવદશાના ગુણો-કામ, ક્રોધ, લોભ વગેરે મોળા પડવા માંડે અને એમ જ્યારે ભગવાનનું સ્મરણ સહજ

થયા કરે -એટલે કે આપમેળે જેમ શ્વાસોશ્વાસ ચાલે છે, લોહી વહે છે તેમ effortless effortથી સ્મરણ થયાં કરે-જાગૃતિપૂર્વક-તો આપણામાં શુદ્ધિ થવા માંડે. આપણે શ્વાસ લઈએ છીએ એનું જાગૃતિપૂર્વકનું જ્ઞાન હોતું નથી (કારણ એ સહજ ક્રિયા છે. પણ અજપાજપની ક્રિયામાં એવું નથી.) આપણામાં જ પુરુષ સુષુપ્ત સ્થિતિમાં છે. એ પુરુષ અજપાજપ થતાં જાગ્રત થઈ જાય છે. અને પુરુષતત્ત્વ જાગ્રત થતાં consciousness પ્રગટે છે અને આપણામાં જીવતોજાગતો વિવેક જાગી જાય છે. સામાન્ય જીવદશાનો વિવેક નહિ, પણ જીવતોજાગતો. તે તાત્કાલિક નિર્ણય કરી શકે છે, અયોગ્યને નિવારી યોગ્યને સ્વીકારે છે.

### વૈજ્ઞાનિક અનુભવની હકીકત

મતલબ કે શબ્દની સાધનાથી આ સ્થિતિને પામી શકાય છે અને આ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. કારણ, આ જે પાંચ તત્ત્વો છે એ તો હકીકત છે. અને શબ્દ, આકાશમાંથી ઉદ્ભવ્યો છે એની પણ કોઈથી ના પડાય એમ નથી. એટલે શબ્દની નિરંતરતાથી આકાશતત્ત્વ ખીલે છે. એમાંથી સત્ત્વ પ્રગટે, અને એમ એવી સ્થિતિ પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખૂબ વિકસતાં સત્ત્વના ઉદયથી જીવદશા મોળી પડે છે. આ વૈજ્ઞાનિક છે. આ બધું શક્ય છે અને આ કંઈ ગામડિયાની વાતો નથી, પણ આ અનુભવની હકીક્ત છે.

### અંધારાના પોષક ગુણ

મારા ઘણા મિત્રો મને કહે છે કે ભગત, 'અહીં અંધારું શું કરવા રાખો છો ?' ત્યારે હું કહું છું કે 'કોઈ operation કરવાનું હોય તો તમે કોઈ ડૉક્ટરને કહેશો કે આમ કરો કે તેમ કરો ?' તો અમે ગુરુમહારાજની કૃપાથી આ techniqueના કંઈક જાણકાર છીએ. અને જે આપણને બીક લાગે છે તે અંધારાથી નહિ, પણ

ડરના સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે, તે ઉદય થાય છે. એટલે બીક લાગે છે. અંધારાને જ કારણે બીક લાગે છે એવું નથી. કેમ કે એની અંદર ૦ા-૦ાા કલાક પછી તો અજવાળું લાગે છે. મારું ચાલે તો સંપૂર્ણ અંધારું રાખું. કુંભકોણમ્‌માં (દક્ષિણ ભારત) તો ખૂબ નાનાં બાકોરાં છે અને ફક્ત ત્રણ આંગળી જેટલાં જ પહોળાં છે. અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્તશુદ્ધિને પોષક છે. આ પ્રયોગને સિદ્ધ કરવાને જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં પણ અંધારું નથી રાખ્યું. આ તો અહીં જે બધા મારા મિત્રો આવે છે તેમની સમજણ ખાતર કહું છું.

**ભોક્તા છતાં સાક્ષી**

સકળ બ્રહ્માંડમાં ચેતન વ્યાપ્ત છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે ‘બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે’ કુદરતમાં વિવિધતા અને વિસ્તાર બેઉ વાત છે. લીમડો એક special જાત ગણાય, પણ પ્રત્યેક લીમડો જુદો. એમ દરેક મનુષ્ય ખરા, પણ દરેક મનુષ્ય જુદો. એમ ભગવાને અનેક રૂપ ધારણ કર્યાં અને અનેકમાંથી એક થવાનું છે. એ અનેક કેમ થયો ? કારણ, અનેક રસ લેવાને. ભગવાન પોતે ભોક્તા હોવા છતાં બંધાતો નથી. આપણે ભોક્તા હોવાથી બંધનમાં પડીએ છીએ, પણ ભગવાનને બંધન નથી. કારણ, એ સાક્ષી છે. જો આપણે સાક્ષી થઈએ તો ભોગવવાપણું આપણને બંધનરૂપ ન નીવડે. આપણે પ્રકૃતિરૂપ છીએ અને એના બીબામાં વહેતા હોવાથી પ્રકૃતિરૂપ છીએ.

**નોખા થવા શબ્દ**

એનાથી નોખા થવું હોય તો શું કરવું ? તો સૌથી પ્રથમ તટસ્થતા, પછી સમતા અને પછી સાક્ષિત્વ કેળવાય. તટસ્થતા શી રીતે આવે ? આપણે પ્રકૃતિમાં ગળાબૂડ છીએ તો એ શી રીતે આવે ? તો એનું પણ સાધન શબ્દ છે. ઋષિમુનિઓએ કહ્યું છે

કે એને માટે પણ શબ્દની સાધના ખૂબ ઉપયોગી છે. જ્યારે શબ્દમાં આપણું અનુસંધાન થાય ત્યારે આપણાં ચિત્તમાં એ નોખાપણું પ્રગટાવે છે, અને એમ ધીમે ધીમે નોખાપણું સતેજ થવાથી વિવેક જાગ્રત થાય છે અને તાત્કાલિક નિર્ણય કરી શકે એવા વિવેકવાળી શક્તિ જન્મે છે. એમ તટસ્થતા અને સમતા કેળવાતાં કેળવાતાં અંતે સાક્ષીરૂપ બને છે. સાક્ષીરૂપ થવા છતાં એવા એ શરીરધારી હોવાથી એને અનેક પ્રકારનાં કર્મ તો કરવાં પડે છે, પણ એવો માણસ જે કર્મ કરે છે, એમાં જે નિષ્ઠા પ્રગટી છે, ચેતન જાગ્રત થયું છે, એથી એ જે કાંઈ કરે તેમાં ફેર છે, કારણ કે આપણે જીવદશાવાળા છીએ, પણ પેલો ચેતનનિષ્ઠ હોવાથી દુનિયામાં હોવા છતાં, એ દુન્યવી કર્મ કરવાં છતાં પણ એ અળગો રહે છે. દા. ત., એનો કોઈ આશ્રમ હોય તો એ એની વ્યવસ્થા કરે છે. એ ઉપયોગ કરે ત્યારે એણે દરેક કર્મ કેવી રીતે કરવું તે પરત્વેની સમજણ - જાગૃતિ હોય છે. એનું નામ જ્ઞાન. ઉપભોગમાં માનવી ભોગવે છે. એ બંધનરૂપ છે, પણ ઉપયોગમાં જે કંઈ કરે તેમાં જ્ઞાન રહેલું છે. જ્ઞાનદશામાં સાક્ષિત્વ હોવાથી એ બંધનરૂપ નથી, એટલે મારો કહેવાનો મૂળ હેતુ શબ્દથી આપણામાં સત્ત્વ પ્રગટે છે તે છે. શબ્દથી એ શક્ય બને છે અને તે પણ આ બધું તમને વૈજ્ઞાનિક રીતે સમજાવ્યું છે.

તા. ૨૧-૮-૧૯૬૨

## ૪. નિવેદનથી ખુલ્લાપણું

### સંસ્કૃતિનું બીજ

આ સંસારવહેવારમાં હરકોઈ માનવીને કંઈ ને કંઈ ગૂંચ હોય છે અને એવે વખતે સંસારવહેવારના માણસની સલાહ લઈએ છીએ. એમ જ જીવનવહેવારમાં જ્યારે ગૂંચ આવે છે ત્યારે આપણે ભગવાન પરત્વેની ઓથ મેળવીએ છીએ. એવી ઓથ જો કોઈ જીવને સમર્થપણે જાગી જાય તો જીવનમાં નિરાંત અનુભવાય.

ભગવાનને આપણે જોયો નથી, પણ હજારો વર્ષથી એક સંસ્કૃતિ ચાલી આવે છે, એ સંસ્કૃતિનાં બીજ આપણામાં ચાલી જ આવે છે. કોઈ કહે છે કે હું ભગવાનમાં માનતો નથી, તોપણ એવા માણસોમાં ભગવાન પરત્વેની ભાવના ઓતપ્રોત થયેલી હોય છે. નાસ્તિક ગણાતા માનવીના લોહીમાંય એવી ભાવના ઓતપ્રોત થયેલી હોય છે. પછી તે ગમે તે ધર્મનો હોય. દરેક ધર્મમાં ભગવાન પરત્વેની માન્યતા અનન્યપણે રહેલી છે અને એને કારણે એ સંસ્કૃતિનાં બીજ હોય છે અને એવો માનવી પણ કટોકટીના કાળે ભગવાનને પોકાર્યા વિના રહેતો નથી, કારણ કે સંસ્કાર પરંપરાથી એનામાં ભગવાન પરત્વેની ભાવના હોય છે. એ સંસ્કાર કદી નાશ પામતા નથી. એ સંસ્કાર એનામાં સુષુપ્ત હોય છે. એ ઉદયવર્તમાન નથી થતા, કારણ કે જે કાળમાં એ જીવી રહ્યો છે એ સંસ્કારને એના પ્રારબ્ધનું બળ ઉદય થવા દેતું નથી. એટલે જે જાતનું પ્રારબ્ધ ભોગવવાનું થાય તેવા સંસ્કાર જન્મે.

**અગમ્ય ભાવનાનું બળ**

આમ છતાં પણ તેનામાં એક અગમ્ય, અકલ્પ્ય ભાવનાનું બળ પડેલું જ હોય છે.જીવનમાં જેમ લાગણી, ઊર્મિનો એક પ્રકાર છે તેમ ભાવનાનો પણ એક પ્રકાર છે, અને એના જીવનમાં ભાવનાના અનેક પ્રદેશો છે. મનુષ્યના જીવનમાં સારુંનરસું બંને રહેલું છે. ગમે તેવો ખરાબ મનુષ્ય હોય તોપણ એનામાં સારું પણ હોય છે. દેખીતો અવગુણ હોવા છતાં એનામાં સદ્‌ગુણ હોય છે. અને ઘણી વખત એ ભાવનાથી પ્રવર્તતો હોય છે. આ દેશમાં હિંદુમુસ્લિમ રમખાણ વેળા બેઉ કોમોએ અરસપરસ પોતાના ઘરમાં બીજી કોમના માણસને રક્ષણ આપ્યું છે એવા ઘણા દાખલા છે. ગુંડામાં ગુંડો હોય તો તેને આપણે માબહેન સોંપીએ તો એ પોતાના જીવના જોખમે પણ તેઓનું રક્ષણ કરશે. એટલે એમ અનુમાન ઉપર અવાય કે દરેકમાં ભાવના રહેલી છે. અને એ ભાવના તો ચેતનનો અંશ છે કે ચેતનનું વ્યક્તત્વ છે. દરેકમાં ભાવના રહેલી છે. ત્યારે એવી ભાવના આપણા જીવનમાં વિશેષપણે પ્રગટે તો એની ઓથ છતી થાય; અને એ ઓથ મળે તો દરેક ગૂંચ - કોયડામાં હળવાશ થાય, નિરાંત અનુભવાય અને મનને શાંતિ અનુભવાય અને શાંતિ, પ્રસન્નતા અનુભવાય તો બુદ્ધિ શાંત હોવાથી ઉકેલ કરવામાં બુદ્ધિ મદદરૂપ થતાં સરળતા થાય છે. એટલે તે વખતે ભગવાનનું શરણું લઈએ અને આત્મનિવેદન કરીએ તો આપણો ભાર હળવો થઈ જાય. એમ આત્મનિવેદન કરવાથી એક જાતનો ભગવાન સાથે સંબંધ થાય છે. એને psychic touch (ચૈત્ય સંપર્ક) કહે છે.

**આત્મનિવેદન**

નવધા ભક્તિ છે તેમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ભક્તિ એ કે જે કંઈ થાય તે ભગવાનને કહ્યા કરો-એટલે કે આત્મ-

નિવેદન કરો તે છે. એટલે જ્યારે કંઈ પણ થાય ત્યારે નિવેદન કરવાથી બુદ્ધિ શાંત થાય અને એમ કરતાં ઉકેલ કરવામાં સરળતા થાય છે, અને એમ કરતાં એની ઓથનું આપણને ભાન પ્રગટે છે.

ભગવાનની ઓથ એક એવા પ્રકારની છે કે એના જેવી બીજી કોઈ નિરાંત અનુભવાતી નથી. એ મેળવવા માટે નિવેદન કરવું, એનું સ્મરણ, ભજન, સદ્‌વાંચન, સત્સંગ કરવાથી, ભાવનાનું અનુસંધાન કેળવવાથી ભાવનાનું જ્ઞાનભાન સુષુપ્ત પડેલું છે તે જાગતું થાય છે. અને માથે સમર્થ ગર્જે છે એમ લાગવાથી કોઈ જાતનો ભય કે ડર રહેતો નથી. એ પ્રકારની ભક્તિ કરવાથી જીવનનિર્વાહમાં પણ સરળતા રહે છે. આપણે એકલા નથી, પણ માથે કોઈ છે અને હંમેશાં એ મદદ કરે છે, ઉકેલ કરે છે. એની મદદનો જો ઉપયોગ ન કરી શકીએ તો આપણે કમનસીબ છીએ.

**ભગવાન સુઝાડે ?**

શરીરને દુઃખ તો સંસારમાં આવવાનાં છે જ. અને જો ભગવાનની ઓથનો અનુભવ કરવો હોય તો નિવેદન કર્યા કરો. પ્રાર્થના, સ્મરણ, સત્સંગની વાતો કરો, સદ્‌વાંચન કરો તો દિલની અંદર સુષુપ્ત પડેલી ભાગવતી શક્તિ પ્રગટ થાય અને અનેક રીતે ઉકેલ બતાવે છે, અણકલ્પ્યું ભાન પ્રગટાવે છે. જે હૈયાસૂઝ પ્રગટે તે અનેક પ્રકારના કોયડાના ઉકેલમાં મદદરૂપ થાય છે, ત્યારે પ્રશ્ન થાય છે કે ભગવાન ખરેખર સુઝાડે છે ?

**નવસારીનો અનુભવ**

નવસારી આશ્રમમાં હું કામ કરતો હતો અને કરની લડતમાં ઠક્કરબાપાએ મને કામ સોંપ્યું અને નવસારી આશ્રમમાંથી ગાંધી આશ્રમ(સાબરમતી)માં જવાનું થયું ત્યારે બધાંએ મને કહ્યું કે

તમે એવું કંઈક કરો કે જેથી તમારું સ્મરણ કાયમનું થાય. એટલે ઓચિંતું મને સૂઝ્યું કે આપણે સાઈકલ ઉપર સુપા ગુરુકુલ જઈએ. ત્યારે તો વરસાદની સિઝન. રાત્રે ચોમાસામાં કશે જવાય નહિ અને રસ્તા તદ્દન ખરાબ તોપણ નીકળ્યા, પણ મને રસ્તામાં સૂઝ્યું કે હવે આગળ મુસાફરી ન કર. સાંજના ૪-૫નો સમય હશે એટલે મેં છોકરાંઓને આ વાત કરી, પણ છોકરાંઓએ મને કહ્યું કે હજુ તો ૮-૧૦ માઈલ જવાશે, પણ મેં કહ્યું કે જુઓ આ જંગલ મજાનું છે. ઝાડ નીચે સાફ કરીને બેસીએ. અને અહીં બધી સગવડ છે અને રાતના વખતે બાળવા-કરવા માટે લાકડાં વીણી લાવીશું અને એમ રાત પસાર કરીશું. રાત્રે પહેરા રાખીશું. ૧૨ સુધી તમે અને ૧૨ પછી હું. અમે ત્યાં વાસો કર્યો.

એમ કરીને વળતે દિવસે નીકળી ગયા. થોડે ગયા પછી તો અઢી વાંસ જેટલો ખાડો સડકમાં હતો. એમાંથી અમે બચી ગયા. જો રાત્રે ચાલ્યા કર્યા હોત તો એમાં પડત અને ઘણાંને વાગત. એટલે આવી કોઈ પ્રેરણા થાય તો એને સ્વીકારી લેવી. આવી પ્રેરણાને શંકાકુશંકાથી બરબાદ કરી દઈએ છીએ. એટલે બુદ્ધિના વિચારોથી આવાં સૂચનો બંધ થઈ જાય છે. અને એવાં સૂચનો જો સ્વીકારીને વર્તીએ તો એવાં સૂચનો પ્રગટે અને નહિ તો બંધ પણ થઈ જાય.

## અકસ્માતમાંથી ઊગર્યા

એકવાર ગાંધીઆશ્રમમાં કામ કરતો હતો અને બૅંકમાંથી પૈસા લાવવા હતા. ત્યારે ખાનગી બસ હતી. એક માણસ બસમાં વાત કહે કે 'અકસ્માત થાય તો ? બસમાં નથી જવું.' એટલે મને થયું કે મને આ સૂચન છે. એટલે હું પાછો આવ્યો, અને મેં નક્કી કર્યું કે હું તો સાઈકલ ઉપર જઈશ. આમ, મેં તો સૂચન મારે માટે

જ સ્વીકાર્યું. બધાં મને આશ્રમમાં પૂછે, 'કેમ ભગત પાછા આવ્યા ?' મેં કહ્યું, 'હું તો સાઇકલ ઉપર જઈશ.'

અને વિદ્યાપીઠ આગળ એ બસને અકસ્માત થયેલો. અને ઘણાંને વાગ્યું હતું એમ મેં સાઇકલ ઉપર પસાર થતાં જોયું. વિદ્યાપીઠમાં જઈને બધા મિત્રોને એ લોકોને મદદ કરવા કહ્યું. પોલીસને બોલાવવાની વાત પણ કરી અને હું બૅંકમાંથી પૈસા લઈને પાછો આવ્યો ત્યાં સુધી કશી તજવીજ થઈ ન હતી, પણ મેં પેલું સૂચન સ્વીકારી લીધું તો એમાંથી હું બચી ગયો.

પણ એ ચેતવવાનું ભગવાન ક્યારે કરે કે જ્યારે આપણે ખુલ્લા થયેલા હોઈએ અને એવી સલાહને પ્રેમભક્તિપૂર્વક આચરીએ તો. જીવનના એક એક ક્ષેત્રને એ આવરી લેતો હોય છે. ભગવાન તો રોમેરોમ અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બધાંમાં પ્રવર્તતો હોય છે, પણ આપણે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌થી દોરવાયેલાં હોવાથી એ મદદ આપણે સ્વીકારી શકતા નથી. એટલે એવી ઓથ સ્વીકારવા પ્રાર્થના, નિવેદન, સદ્‌વાંચન, ભજન કરવાથી ભગવાનની ઓથ આપણાં દિલમાં છતી થાય છે.

તા. ૨૪-૪-૧૯૬૨

# ૫. સંસ્કારની શક્તિ

## એક છતાં અનેક

આપણું જીવન કેટલું બધું complex (સંકુલ) છે કે એનાં અનેક પાસાં છે. એક જ જીવ પિતા, પુત્ર, ભાઈ, બહેન વગેરે હોય છે અને જીવ એક હોવા છતાં અનેકગણો અને અનેક રીતે બધાંની સાથે સંકળાયેલો રહે છે. એક હોવા છતાં એ અનેકમાં હોય છે. અને અનેકમાં હોવા છતાં એ પાછો એક છે. આપણે જુદી જુદી રીતે અનેક સાથે સંકળાયેલા છીએ.

## સંસ્કારોની સૂક્ષ્મ ગતિ

તેમ જ ચેતનનું એકમાંથી અનંત અને અનંતમાંથી એક થવાનું લક્ષણ છે. આ દુનિયામાં આરોહણ અને અવરોહણ બંને પ્રકૃતિઓ સાથે આવી રહેલી છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારમાં માનવી એટલો ગરકાવ થઈ ગયો છે કે એને બીજું કશું વિચારવાની પડી જ નથી. આપણને ભગવાને બુદ્ધિ આપી છે, તે આ વિચારવા આપી છે. બુદ્ધિ, મિત્ર અને દુશ્મન પણ છે. એ તમને આત્માના પ્રદેશમાં લઈ જશે. એ તમને કામ, ક્રોધ વગેરેના પ્રદેશમાં પણ લઈ જશે. એ તમને બંને પ્રકારમાં લઈ જશે. એ સ્વતંત્ર નથી. એ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મદ દરેકનાં વલણમાં ચાલે છે. એ વલણ કેમ ઊઠે ? એનો કોઈ પાયો ? એનો પાયો અનેક પ્રકારના સંસ્કાર. જે જીવો સાથે મળીએ કરીએ અને તે વખતે જે સંસ્કાર ઊઠે, તે આપણાં ચિત્તમાં પડે અને આપણાં મનમાં તેના વિચારો-સંકલ્પો જાગે. ત્યારે પ્રાણ જાગે, અને તેવે વખતે જે વૃત્તિ ઊઠે એના

અનુસંધાનમાં કામ, ક્રોધ વગેરેની વૃત્તિઓની સાથેના સંકલ્પમાં પ્રાણ જોડાય, એમાં બુદ્ધિ જોડાય અને એ શંકા-કુશંકા વગેરે કરીને એનો પટ (channel) નક્કી કરી આપે છે અને અહંકાર એમાં ગતિ કરાવે છે.

**ચિત્તની શક્તિ**

જે ચિત્ત છે એ આપણા સંસ્કારોની તિજોરી છે. એમાં દરેક સંસ્કાર સંગ્રહાય છે, પછી તે સારા હોય કે નરસા. આપણને પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ એ ચૌદ ઇંદ્રિયોથી બધું ચિત્તમાં સંગ્રહાય છે. ચિત્ત તો open camera છે. એમાં બધું જ જડાઈ જાય. એમાં મીનમેખ ફરક નહિ. જે વિચાર કરીએ તેના સંસ્કાર ચિત્તમાં જડાઈ જાય, તેથી સુખનો વિચાર કરશો તો સુખના સંસ્કારો ચિત્તમાં જડાશે. જો એકલા સુખના વિચાર કર્યા કરો તો એ પ્રકારના સંસ્કારો પડ્યા કરશે, પણ સુખના વિચારો કરતાં કરતાં પણ માનવીને દુઃખના વિચારો આવે છે. એ સામસામાં પાસાં છે.

**આત્મામાં નિરંતર સુખ**

સુખદુઃખ, સત્ અસત્ , રાગદ્વેષ વગેરે તે બબ્બે સાથે જ રહેવાનાં. એમાં ફેર ન પડે. ‘સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં’ એમ જે નરસિંહ મહેતાએ ગાયું છે તે સાચું છે, કેમ કે સુખદુઃખ સાથે જ રહેવાનાં. માનવી માત્રને સુખ જ ગમે છે. એ એનું અંતરનું કોઈ વ્યક્તત્વ છે. કયું તત્ત્વ એવું છે કે જે નિરંતર સુખને જ શોધે છે ? ત્યારે અનુભવીઓએ ઊંડા ઊતરીને જોયું કે આ શું છે ? તો કહે કે આપણામાં ચેતનનું તત્ત્વ છે. ગીતામાતા પણ કહે છે કે ‘સકળ પ્રકારના જીવો પૃથ્વી ઉપર છે તે મારા અંશ છે.’ ચેતનનો અંશ દરેકમાં છે અને આ બધા ચેતનના ગુણધર્મો એ લોકોએ અનુભવ્યા. ચેતન એટલે આત્મા.

આત્માનો વિચાર કરીએ તો બીજી ગમે તે પ્રવૃત્તિમાં પણ એને દુઃખ લાગે નહિ. માટે કેમે કરીને આપણે આત્મામાં પ્રગટીએ તો દુઃખ ન લાગે, પણ આપણે પ્રકૃતિથી દોરવાતા હોઈએ છીએ. પ્રકૃતિનો ગુણધર્મ તો સુખદુઃખ બેઉમાં છે. અને આપણે પ્રકૃતિમાં હોવાથી સુખદુઃખ રહેવાનું, તો એમાં જો સમત્વ અને સમત્વમાંથી સાક્ષિત્વ પ્રગટે તો આત્માના ગુણધર્મમાં પ્રગટાય. જો બુદ્ધિમાં સમતા પ્રગટે તો એને યોગ કહે છે. એ કેમ બને ? તો કહે કે પહેલાં તટસ્થતા કેળવો. તે કેમ બને ? તો કહે કે રાગદ્વેષ મોળા પાડો. તે સિવાય સમતા ન પ્રગટે. પછી એનાથી પણ સરળ ઉપાય શોધ્યો. પરિણામે ભગવાનનું સ્મરણ જ સરળ લાગ્યું. કારણ બીજા બધાંમાં ખૂબ ચિત્તશુદ્ધિ જોઈએ. એટલે જપયજ્ઞ એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે, એમ લોકોએ અનુભવથી શોધ્યું. ગીતામાતાએ પણ જપયજ્ઞને શ્રેષ્ઠ યજ્ઞ કહ્યો છે.

**શબ્દશક્તિના સંસ્કારનું બળ**

પણ કોઈ પૂછે છે કે ભગવાનનું સ્મરણ કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે અને એ આત્માના પ્રદેશમાં લઈ જાય છે એનું કાંઈ Rational તદ્દન વાસ્તવદર્શક સમર્થન કરી શકશો ? શબ્દની અંદર એક ગૂઢ શક્તિ રહેલી છે. મારા એક મિત્રે મને એ અંગે એક વખત કહેલું : 'ૐને માટે બુદ્ધિથી સમજાય એવું એક પ્રવચન કરો.*' ભાવનાથી એક જ શબ્દનું ઉચ્ચારણ થયા કરે તો એનામાં શક્તિ પ્રગટાવવાનો ગુણ છે. સંગીતમાં એવી પ્રક્રિયા હતી. એનાથી વરસાદ પણ પાડી શકાતો અને દીપક પણ ચેતાવી શકાતો, પણ એવું કશું કરી શકે એવા કોઈ પ્રખર સંગીતકારો હવે નથી. તેમ છતાં સંગીતમાં મૃદુતા, પ્રસન્નતા તથા નીરવતા પ્રગટાવે એવી શક્તિ છે. આપણે ત્યાં હાલ પંડિત ઓમકારનાથજી

*આ પછીનું પ્રવચન

છે (હવે સદ્ગત) એમણે ઘણે ઠેકાણે સંગીતથી બતાવી આપ્યું છે કે વાઘ, સિંહને એ શાંત કરીને હાથ ફેરવી શકતા. ઉપરાંત, કઠણમાં કઠણ વસ્તુને સંગીતના રાગના સૂરથી તોડી શકાય છે. આ બધું ઓમકારનાથજીએ કરી બતાવ્યું છે. સંગીતમાંથી એક જાતનો લય પ્રગટે છે.

અને લયથી એક જાતની મુલાયમતા-pliability પ્રગટે છે. એવું ભગવાનના સ્મરણથી પણ બની શકે છે. એટલે મારા ગુરુમહારાજે મને કહ્યું કે તું આવું કંઈ સાધન બનાવ. કારણ, એ જ્યારે ૧૫-૧૬ કલાક સ્મરણ કરશે ત્યારે એને અંદર એક જાતનો સંસ્કાર પડશે અને એનો ઉદય વર્તમાન થશે, ત્યારે એને આમાં જ લઈ જશે. જો એમાં ૨૧ વખત બેસે તો બીજા જન્મમાં તો એને સાધનાની જ વૃત્તિ રહે અને દર વર્ષે બેસે તો એની બૅટરી ચાર્જ થયા કરે.

તા. ૧-૫-૧૯૬૨

## ૬. ભાવાત્મક શૂન્યતા અને સાકાર શબ્દ

### અનુભવનું જ્ઞાન

ૐ વિશે તો આપણા શાસ્ત્રોમાં ઘણું લખાયેલું છે. મેં કદી શાસ્ત્ર વાંચ્યાં નથી. જ્યારે હરિજન સેવકસંઘમાં હતો ત્યારે સવારે ૭થી રાત્રે ૯ વાગ્યા સુધી કામ જ કરતો. તે વખતે પણ હરિજનો ઉપર જે જુલમ કે ત્રાસ ગુજરતો, તેના નિવારણ માટે ગામડે ગામડે ફરતો. ત્યારથી આ દિશામાં-ભગવાનના માર્ગ પરત્વે-મોઢું ફર્યું. તે પછીથી મને જે પ્રત્યક્ષ અનુભવ થયો છે, તે કહીશ, કારણ કે શાસ્ત્રો તો કદી વાંચ્યાં જ નથી.

### શબ્દનું મૂળ

બાઈબલમાં શરૂઆત આ પ્રમાણે છે : In the beginning there was a word. શબ્દ એટલે શું તેની ગડભાંજ થાય. ત્યારે word એટલે શું ? આ સંસારવહેવારમાં જે બધી ગતિ ચાલી રહેલી છે. વહેવાર ચાલી રહ્યો છે, તે શબ્દથી ચાલી રહેલો છે. તે સિવાય તો ઈશારો કરવો પડે. તેમ છતાં ઈશારો એ શબ્દનું સૂક્ષ્મ સ્વરૂપ છે ત્યારે એમાં પણ શબ્દની ભાવના તો રહેલી છે.

ત્યારે પ્રશ્ન ઊઠે છે કે શબ્દથી બ્રહ્મનો અનુભવ કેવી રીતે થાય ? સંસારવહેવારમાં પ્રેમ, અણગમો, વેર વગેરે પ્રગટે છે, એ શબ્દથી પ્રગટે છે, એ વાત દરેક કબૂલ કરશે. એનાથી પ્રેમ, સહાનુભૂતિ, સદ્‌ભાવ, વેર, ઈર્ષાદિ પ્રગટે છે, તેમ છતાં એનાથી ભાવનાય પ્રગટે તે હકીકત છે. તેમ પારમાર્થિક ક્ષેત્રમાં જ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ બધું શબ્દથી પ્રગટે છે. કેવી

રીતે પ્રગટે ? એના ઉપર પણ શાસ્ત્રોનું લખાણ છે. કામ ઉપર કામશાસ્ત્ર લખાયું છે. એની જુદી જ ટેક્નિક છે. એ અંગેની શૃંગારિક સાહિત્યિક ભાષા છે. તેમ જ ક્રોધ અને મોહનું છે. તેમ શબ્દ ત્રણ પ્રકારના છે : સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. એનાં ત્રણ વિભાજન થતાં ત્રણ પ્રકાર ગણાય. એનો એકમાં કેવી રીતે મેળ ખવડાવવો ?

## 'ૐ'નું અતિસૂક્ષ્મ મૂળ

હજારો વર્ષ પહેલાં એટલે કે જ્યારે ભાષાનો ઉદય થયો ન હતો, ત્યારે વાદળાં અને એનો ગડગડાટ થાય તેને ભગવાનનો અવાજ ગણેલો. એની પ્રાર્થના વેદમાં છે. એમ અનંત પ્રકારના શબ્દો છે. તેમ જ વનસ્પતિની મૂગી સૃષ્ટિ છે, જેની અંદર એક રમત રમાઈ રહેલી છે. એને લીધે પૃથ્વી ઉપર જીવન રહેલું છે અને એમાંથી એ લોકોએ મૂળ શબ્દ શોધ્યો અને જે પ્રગટ્યો તેને 'ૐ' કહ્યો.

## 'ૐ'કારમાં બ્રહ્માંડ

શબ્દની ઉત્પત્તિ ત્રણ ઠેકાણેથી ઉદ્ભવે : નાભિ, કંઠ અને મૂર્ધન્ય. એટલે શબ્દ એ ત્રણે સ્થળમાંથી ઊઠે અને ત્રણેયને ભેદે એવો શબ્દ ૐ છે. ઉપરાંત, શબ્દનાં મૂળ, ગણ, લોમ અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ બધાં ૐકારમાં સમાયેલાં છે. ૐકારમાં અખંડ બ્રહ્માંડ સમાયેલું છે. એકલી પૃથ્વી નહિ, પણ સમસ્ત નભોમંડળ પણ એમાં સમાયેલું છે એમ બધા અનુભવીઓએ કહ્યું છે. બુદ્ધિથી વિચારીએ તોપણ એ એમાં સમાઈ જાય છે. દા.ત. એક વિસ્તારના ભવાનીવડનો ઉલ્લેખ કરીએ એની સાથે એના બધા વિસ્તાર ઉપરાંત બધી જગ્યા આવી જાય. એવું જ 'ૐ'નું છે, પણ એ અનુભવમાં પ્રગટી શકે ખરું ? હા, પણ એને માટે સતત

સાધના જોઈએ. એ જો અવિરતપણે-સળંગપણે પ્રગટે તો એનો અનુભવ થાય. એનાથી કામ, ક્રોધ વગેરે મોળા પડે. બેંગલોરમાં મારા એક મિત્ર છે- Air Forceમાં છે. એમણે મને હમણાં જ કહ્યું કે '૪૦ હજાર ફૂટ ઊંચે વિમાન ઊડે પછી એ Dive મારે ત્યારે એ અવાજની એટલી Intensity ઊઠે કે એનાથી મકાન પણ ઊડી જાય અને વધુ અવાજ થાય તો વિમાન પણ તૂટી જાય.'

## સૂક્ષ્મ ચક્રોની ખિલવણી

ૐમાંથી જે આંદોલનો પ્રગટે છે, તે ત્રણે ઠેકાણે પ્રગટે છે- એટલે કે નાભિ, કંઠ અને મૂર્ધન્ય ત્રણેમાંથી પ્રગટે છે અને ઉચ્ચાર સાથે. આપણાં શાસ્ત્રોમાં કરોડરજ્જુની અંદર મેરુદંડ તેમ જ જે ચક્રો કહેલાં છે તે રહેલાં છે. અવાજનાં ત્રણ સ્થાન કહ્યાં, એની બરાબર સામે રહેલા આપણા જ્ઞાનતંતુને સંકળાઈને એ ચક્રો આવેલાં છે. નાભિ સામે જ ચક્ર છે, કંઠમાં ચક્ર, કરોડરજ્જુના મૂળમાં-એટલે કે જ્યાંથી બધી ગતિ થાય ત્યાં-ચક્ર છે અને મૂર્ધન્યમાં એક ચક્ર છે. હવે જ્યારે અવાજનાં આંદોલનો ઊઠે ત્યારે એ બધાં ચક્રો ખીલવા માંડે છે.

## સમતા

ૐમાં ત્રણ અક્ષર अ, उ, म्. છતાં ખરી રીતે એમાં એકેય અક્ષર નથી. ચેતનમાં જેમ બે પાસાં છે : નિરાકાર અને સાકાર, એ જ પ્રમાણે ૐકારમાં 'અક્ષર હોવા છતાં અક્ષર નથી.' ૐ બોલવાથી માત્ર આપણામાં ભાવના પ્રગટતી નથી, પણ જે જીવ ભાવના પ્રગટાવવાને માટે (એનો) જો એક સાધન તરીકે ઉપયોગ કરે છે, તેને એ એમાં મદદરૂપ થાય છે. ઘણો લાંબો વખત ૐનો ઉચ્ચાર સતત રહ્યા કરે છે. તો એવા ઉચ્ચારથી કરોડરજ્જુમાં જે આંદોલનો ફેલાય છે તેથી ચક્રો ખીલે છે અને એનાથી સમતા

પ્રગટે છે. એટલે સુખદુઃખની સ્થિતિમાં સમતા પ્રગટે ત્યારે જીવનની ઘણી સરળતા રહે છે.

### ૐનું માધુર્ય

સાધુ લોકો કહે છે કે 'ગૃહસ્થીથી ૐકારનો ઉચ્ચાર ન કરાય.' એટલે મેં તો પ્રયોગ કરેલો કે એનાથી શું થાય ? અને સાથે અમુક પુરશ્ચરણ પણ કરવાં એમ મેં તો નક્કી કરેલું. એક પુરશ્ચરણ એટલે ૨૪ લાખ જપ. અને એનાથી મને કશું નુકસાન થયું ન હતું. દરેક જપની સાથે ૐ હોય તો તે મધુર થાય છે. આપણી સાથે આવરણ રહેલું છે. ચેતનમાં પણ આવરણ આવ્યું એટલે પ્રકૃતિરૂપ દ્વંદ્વ અને ગુણવાળું-થઈ ગયું. એ સ્થિતિમાં ૐકાર કેવો ભાગ ભજવે છે ?

### ગુણધર્મ ઓળખો

દ્વંદ્વ એટલે બે સામસામાં પાસાં. સુખદુઃખ, પ્રકાશઅંધકાર એવાં બે પાસાં. એ આપણામાં ઘર્ષણ ઊભું કરે છે અને પ્રકૃતિથી દોરવાયેલાં આપણને ઘર્ષણમાં ઉતારે છે. એટલે જો એમાં દોષ જોઈએ તો દોષ લાગે, પણ આપણે એમ વિચારીએ કે એ તો પ્રકૃતિ અનુસાર વર્તે છે, તો આપણને કશું ન લાગે એમ અનુભવીએ. જ્યારથી પ્રકૃતિના ગુણધર્મ સમજી લઈએ ત્યારથી એ આપણને નડતાં નથી.

ૐકારનો જ્યારે એકધારો ઉચ્ચાર પ્રગટે ત્યારે સંસાર-વહેવારમાં સરળતા રહે. સંસારવહેવારનાં સંઘર્ષણો અને અકળામણોથી રોગ તેમ જ સંતાપ વગેરે થાય છે અને તટસ્થતા અને સમતાથી જો એનું સંવેદન થાય તો ઘર્ષણ ઘટે છે.

### જપના શબ્દનું રહસ્ય

સંન્યાસીઓ માટે જ એનું રટણ છે એ વાત ખોટી છે. ૐકારનું ઉચ્ચારણ સરળ છે. જપ હંમેશાં ટૂંકો Low Consonent

(ભારે વ્યંજન ન હોય એવો) હોય અને એમાં હ્રસ્વ સ્વરો હોય અને ત્રણે સ્થળના સ્તરને ભેદે એવો હોવો જોઈએ. એટલે જ્યારે એનું સતત રટણ-સ્મરણ થાય તો પ્રકૃતિનાં જે સંઘર્ષણો જાગે, મૂંઝારો થાય એને સંવેદન કરવાથી ધીરેધીરે ઓછાં થતાં જાય છે અને એમ ઓછું થતાં શાંતિ અને પ્રસન્નતા વધતાં જાય છે. આમ થતાં સકળ વસ્તુમાંથી આપણને ૐકારની લગની લાગ્યા કરે અને પછીથી-Effortless effort જેવું-અજપાજપ જેવું થઈ જાય.

દરેક વખતે પ્રકૃતિથી કર્મ કરતાં રાગદ્વેષ પ્રગટે અને એ રાગદ્વેષ કર્મ કરતાં વધતા જવાના, કારણ એને ખ્યાલ નથી કે મારે રાગદ્વેષ મોળા પાડવાના છે. જેમ નદીમાં પૂર આવે તો હજારો મણ લાકડાં તણાઈ જાય, તેમ આપણે પ્રકૃતિથી તણાઈ જઈએ છીએ.

## પુરુષની જાગૃતિ

ૐકારના સતત ઉચ્ચારણથી સમતા પ્રગટે, રાગદ્વેષ ઘટે, દ્વંદ્વ અને ગુણની પકડ મોળી પડે. ૐકારના સતત સ્મરણથી સાતત્ય પ્રગટે અને કરોડરજ્જુમાંનાં ત્રણે ચક્રોને એનાં આંદોલનોનો સ્પર્શ થતાં ખીલે છે. એથી સમતા પ્રગટે અને રાગદ્વેષ મોળા પડે અને એમ દ્વંદ્વ અને ગુણ મોળાં પડતાં આપમેળે કામ, ક્રોધ, લોભ વગેરે મોળા પડે, અને એ મોળા પડે એટલે પ્રકૃતિથી આપણે જે ધકેલાતાં હતાં તેને બદલે ‘કોઈ બીજો ફોર્સ’ આપણી પાસે કામ કરાવે છે અને દ્વંદ્વ અને ગુણ આપણને કર્મમાં ધકેલતાં નથી. એટલે બીજું જે કંઈ આપણામાં છે તે કર્મમાં ધકેલે છે-તે શું ? તો કહે છે કે આપણામાં જે ચેતન છે, તે દ્વંદ્વ અને ગુણ મોળાં પડતાં, પ્રકૃતિ મોળી પડતાં, પુરુષ જે આપણામાં રહેલો છે તે જાગ્રત થાય છે અને તેમ થતાં આપણે પ્રકૃતિથી દોરવાતા નથી. દ્વંદ્વ અને ગુણમાં પ્રકૃતિથી કામ લઈએ છીએ ત્યાં સુધી

ચેતન અથવા પુરુષ સુષુપ્ત રહે છે. અને પ્રકૃતિ ખસી જતાં આપણામાં જે કર્મો પ્રગટે તે ચેતનના બળથી પ્રગટે. એટલે પહેલાં જે પ્રકૃતિથી દોરવાતા તેને બદલે હવે પ્રકૃતિના સ્વામી બનવાથી પ્રકૃતિ પ્રમાણે દોરવાવાતું નથી.

**અધ્યાત્મમાં સંશોધન**

ૐકારનો આવો અનુભવ જે આપણા લોકોને થયો એથી Word has a mystic power એમ કહીને બેસી ન રહેતાં એનું સંશોધન કર્યું. આધ્યાત્મિક વિજ્ઞાનમાં એ રીતે લોકોએ ખૂબ સંશોધન કર્યું છે. પશ્ચિમમાં લોકો જે બધી શોધ કરે છે તે લોકો ભૌતિકવાદી materialist છે. પણ આપણે ખરી રીતે ખોટા છીએ. આપણે તો આળસુ-પ્રમાદી છીએ. તે લોકો ચેતનને જલદી પ્રાપ્ત કરી શકે. આપણે તો તડાકા માર્યા કરવા છે કે અમારી સંસ્કૃતિ બહુ જૂની અને સમૃદ્ધ, પણ આપણે કેવા છીએ ? આપણો બાપ કરોડપતિ હતો, પણ આપણી પાસે કંઈ ન હોય તો ? રાજાઓના વંશજો ભીખ પણ માગે. એટલે જૂની સંસ્કૃતિમાંથી પ્રેરણા મેળવવી જોઈએ-જો આગળ આવવું હોય તો.

**કાળનો અંતરાય**

આપણા લોકોએ અધ્યાત્મવિદ્યામાં ઘણાં સંશોધનો કરેલાં છે. શબ્દમાં ગૂઢ શક્તિ રહેલી છે તેનો અભ્યાસ કર્યો અને એમ કરતાં એનું હાર્દ, રહસ્યો ખૂલતાં ગયાં. તેનો અભ્યાસ કર્યો. એમને લાગ્યું કે ચેતનનો અનુભવ કરવા કાળ અડચણરૂપ છે, તો એ કેમ કરીને ટૂંકાવાય કે જેથી ચેતનનો જલદી અનુભવ થાય ? એટલે તંત્રમાં બે પ્રકાર છે : કૃષ્ણ અને શુક્લ. આપણી હાલની પરિસ્થિતિમાં એનું યોગ્ય મૂલ્યાંકન ન કરી શકીએ. આઇન્સ્ટાઇનની Relativity-ને આખી દુનિયામાં ભાગ્યે જ ૫-૭ માણસો સમજી શકતા હશે. થીઅરી તો ખોટી નથી, તદ્દન વાજબી છે.

તંત્રમાર્ગ શબ્દના રહસ્ય ઉપર છે. એ શબ્દ પણ એવો છે કે એનો અર્થ પણ ન કાઢી શકાય. ઘણા બ્રાહ્મણો, ૐ, હ્રીં, ક્લીં એવા કેટલાયે શબ્દો છે, તે આરાધનામાં બોલે છે, પણ એ કરવા માટે આપણામાં બહુ ચિત્તશુદ્ધિ જોઈએ, તો જ તંત્રવિદ્યા સાધ્ય થઈ શકે. તંત્રમાં જો કોઈ વિકારી માણસ એ લે તો કદાચ વિકાર વધે, પણ ૐકાર જ એવો શબ્દ છે કે વિકાર ઘટાડે.

એટલે શબ્દમાં જે ગૂઢ રહસ્ય રહેલું છે તેનો જલદીથી અનુભવ થઈ શકે તેમ કરવા તંત્રવિદ્યા છે. એના જાણકારો બહુ ઓછા છે. એનાં બીજરૂપે એની હસ્તી છે. કંઈ કશું નાશ પામતું નથી, પણ એ શીખવાની ભાવના ક્યાં પ્રગટેલી છે ?

**'ૐ'માં ત્રિલોક**

ૐમાં જે ત્રણ અક્ષરો આવેલા છે. અ, ઉ, મ્ એ ત્રણ સ્થળની અંદર પણ ત્રણ લોક વસેલા છે. કોઈને એમ લાગે છે કે ગપ્પાં છે ! પણ એ અનુભવથી ખબર પડે. 'પિંડે તે બ્રહ્માંડે' એવી એક કહેવત છે. જે ખેલ આ બ્રહ્માંડમાં થઈ રહેલો છે તે જ આપણા શરીરમાં થઈ રહેલો છે. આ શરીરમાં અણુપરમાણુની રચના છે, એમ બ્રહ્માંડમાં પણ છે. એ અણુપરમાણુ ફૂટે છે એનાથી શરીરની શક્તિ-ગરમી જળવાઈ રહે છે. આપણા શરીરમાં અમુક પ્રમાણમાં ગરમી રહે તો ખોરાક પણ પચે છે. એ ત્રણ સ્થળ તે ત્રણ લોકનાં પ્રતીક છે. કોઈક ૭-૧૪ લોક પણ કહે છે.

In the beginning there was a word-એ Positive સ્થિતિ છે-એ ભાવાત્મક છે. એમાંથી જ્યારે Menifestation થયું તે શબ્દ થયો. બાળક જન્મે પછી રડે નહિ તો ગભરાઈએ છીએ અને મળત્યાગ ન કરે તોપણ ગભરાઈએ છીએ. એટલે શબ્દ પહેલાંની સ્થિતિ શૂન્યાવસ્થા અને મળરૂપી જે વૃત્તિઓ છે તેનો ત્યાગ કરવો પડે. એટલે વધવું અને જીવવું હોય તો મળત્યાગ

કરવો. એટલે જીવવું હોય તો શબ્દની ઉપાસના કરવી અને કામ, ક્રોધ, લોભ વગેરેનો ત્યાગ કરવો.

શબ્દની પહેલાંની સ્થિતિ તે શૂન્યાવસ્થા કે જે ભાવાત્મક છે. જ્યાં શૂન્યાવસ્થા છે ત્યાં ૐનું અસ્તિત્વ છે, પણ સૂક્ષ્મ સ્વરૂપે છે. જ્યારે શબ્દ પ્રગટે ત્યારે તે સાકારરૂપે પ્રગટે છે.

**ભિન્ન સ્થળેથી પ્રયોગ કરો**

જીવનમાં ચેતનના અનુભવને માટે શબ્દની ઉપાસનાની જરૂર. આ બધું જાણતાં આનંદ થાય પણ એની આરાધના કરવી મુશ્કેલ. આગળ જતાં જેમ શબ્દનાં ત્રણ મૂળ-તે કોઈકને એક, બે કે ત્રણ-માંથી પ્રગટે. એ ત્રણે કરણનો આપણને ખ્યાલ નથી હોતો. નાભિમાંથી જાગે, મૂર્ધન્યમાંથી જાગે તો એનો લાભ થાય છે. તમે કામ, ક્રોધ અને લોભના વિકારમાં હો તેની ખબર તો પડેને ? પ્રયોગને ખાતર શબ્દ નાભિમાંથી ઉઠાવો અને જુઓ કે તમારા માનસની સ્થિતિ કેવી થાય છે. એનો બુલંદ અવાજ-રણકાર તમારામાં ઉન્મીલન કરી દેશે, એકાગ્ર કરી દેશે. પ્રયોગ કરી જુઓ. ગમે તેવી મૂંઝવણમાં આવો જ અવાજ ખૂબ મદદરૂપ છે. એમ જ કંઠ અને મૂર્ધન્યમાંથી ઊઠતા અવાજની પણ અસર હોય છે. કરી જુઓ તો ખબર પડે.

તા. ૧૫-૫-૧૯૬૨

# ૭. કરવા જેવું એકમાત્ર કામ

**સંસ્કૃતિઓ**

આપણી આ પૃથ્વીના પટ ઉપર ઘણી સંસ્કૃતિઓ થઈ ગઈ. ઈતિહાસ જેણે વાંચ્યો છે તે આ અંગે જાણે છે કે કેટલી સંસ્કૃતિઓ જન્મી, ઉદય પામી, વિકાસને પંથે આવી, શિખરે પહોંચી અને પડી ભાંગી.

એક કાળે રોમન સંસ્કૃતિ એટલી પ્રચંડ હતી કે બાળક જન્મે તે જો સશક્ત હોય, તો તેને જીવવા દેવું. બાળક જન્મે એટલે તેને ઊંચી ટેકરી ઉપરથી ફેંકતા અને જીવે તો જીવવા દેતા. એ લોકોએ ઘણે ઠેકાણે લડાઈઓ કરીને ઘણાં રાજ્યો સ્થાપેલાં. એવું જ ઈજિપ્તમાં પણ હતું.

**વિનાશનું મૂળ**

એનું મૂળ તપાસીએ, તો જ્યારે જ્યારે માનવીઓમાં જીવપ્રકારની વૃત્તિઓની અભિવૃદ્ધિ થતી જાય-એટલે કે પોતાનું જ હિત વિચારવું અને બીજાનું ભલે જે થવાનું હોય તે થાય. પરિણામે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેની વૃદ્ધિ થઈને પોતાના જ એકમાત્ર સુખનો વિચાર થયા કરે-ત્યારે એનો નાશ થાય છે. આજે ઘણી સંસ્કૃતિઓનું એવું જ છે. ઘણી બધી પડું પડું થઈ રહેલી છે અને હું તો એને પડી ભાંગેલી જ ગણું છું.

**પશ્ચિમની સંસ્કૃતિનું ભાવિ**

જે પશ્ચિમની સંસ્કૃતિ છે, તેમાં પણ પોતે કેમ સુખી થવું એની જ શોધો કરી છે અને એ શોધો એવી છે કે એના વડે એ લોકોનો નાશ કરે અને પોતે નાશ પામે. એ લોકોએ તપ તો

એવું કર્યું છે કે એની કદર કરાય, પણ એ તપથી જે સંસ્કૃતિ જન્મી, તેનાથી કલ્યાણ પણ થાય અથવા આખી પૃથ્વીનો નાશ પણ થાય. અને હજુ પણ એવી શક્તિઓને ખોળવામાં એ લોકો પડેલા છે. એની પાછળનો હેતુ એકબીજા ઉપર પોતાનું વર્ચસ જામે, અને એકબીજા ઉપર પોતે પ્રબળ થઈને એને વશ રાખે એવી વૃત્તિ છે.

### તપનો હેતુ ફળે

દેવદાનવના યુદ્ધ વેળા દાનવોની એવી વૃત્તિ હતી-એટલે કે દાનવોએ દેવોને હરાવવા એવી એકમાત્ર વૃત્તિ હતી. અને એમનો નાશ કરવો, એ જ એમનું ધ્યેય હતું. રાવણે ભયંકર તપ કરેલું કે પવન વાસીદું વાળે અને ઈંદ્ર પાણી ભરે. એવી કોઈ શક્તિ એનામાં હતી કે જેના જોરે દેવોની સંસ્કૃતિનો નાશ કરવો, એમનો પરાજય કરવો. એટલે એ તપ આસુરી હતું. જ્યારે તપ કરીએ ત્યારે મન, ચિત્ત, પ્રાણ, અહમ્‌ની શુદ્ધિ થાય તો જ એ તપ ખરું, નહિ તો નાશને પંથે લઈ જશે. જો બીજાને તોડવાની વૃત્તિ કરી તો પોતે જ નાશ પામે છે. આજે અમેરિકા અને રશિયા બંને પાસે એવી શક્તિ છે કે બેઉ નાશ પામે. બેઉ એકબીજાથી ડરે છે.

### બળનું પ્રદર્શન

શિવનું તાંડવ નૃત્ય એવું ભયંકર હતું કે એનાથી બધાં ડરે. તેમ આ બંને એકબીજાથી ડરે છે. એટલે એ લોકો ડરના માર્યા લડતા નથી. કારણ, આખી પૃથ્વી અને એ લોકો બંને નાશ પામે. એટલે બળનું પ્રદર્શન કર્યા કરે છે અને બે આખલા જેમ લડે તેમ એ લોકો આથડી રહ્યા છે. કોઈ ઠેકાણે છમકલાં જાગે છે એટલે એ લોકો આવીને ઊભા રહે છે. આપણા દેશમાં પણ એવું જ ચાલી રહેલું છે.

**ઈતિહાસમાંથી પદાર્થપાઠ**

એટલે મૂળ વાત-આખી પૃથ્વી ઉપર જે સંસ્કૃતિઓ થઈ તે કાળે કરી નાશ પામી. કારણ, પોતાના સુખમાં સંતોષ મેળવીએ પછી ભલે બીજાને દુઃખ, નુકસાન, હેરાનગતિ થતી હોય, તો સંસ્કૃતિ એવી થઈ જાય કે એનો નાશ થાય છે એમ ઈતિહાસ કહે છે. આમાંથી મનુષ્યજીવ બિચારો ધડો લેવાનું જાણતો નથી.

**ચિત્તશુદ્ધિની જરૂર**

ઈતિહાસ આ જુએ છે કે કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ચાલી ગઈ, પણ મનુષ્યજાતિ સુધરી નહિ. એણે ઈતિહાસમાંથી જાણ્યું અને અનુભવ્યું છે-પુરાણોમાં અસુરોએ શક્તિ મેળવી અને નાશ પામ્યા. કારણ, એ શક્તિનો ઉપયોગ પોતાના ઉપભોગ માટે કર્યો. એ લોકોનાં મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણની શુદ્ધિ ન હતી અને અહંકાર ખૂબ વધાર્યો, તોપણ આપણે સમજતા નથી. એટલે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ કરવી જોઈએ.

**પ્રકૃતિનું રૂપાંતર**

તો જીવન એટલે શું ? એનો હેતુ શો ? કોઈ કહેશે કે પરોપકારનાં કામ સારાં. પણ શાથી ? જો એમાં કામ કરતાં પણ તમારી વૃત્તિ ન સુધરે તો જ્યાં ત્યાં બખેડા જ ઊભા કરે.

એટલે પ્રકૃતિ અને સ્વભાવ જ્યાં સુધી સુધરે નહિ ત્યાં સુધી, ગમે તે ક્ષેત્રમાં હો-અરે, સાત્ત્વિકમાં સાત્ત્વિક ક્ષેત્રમાં હો તોપણ બખેડા જ કરશો. ભગવાન, અર્જુનને કહે છે કે 'અલ્યા, આ ઘોડા હણહણશે અને શસ્ત્રો ખખડશે એટલે તારો સ્વભાવ લડવાનો છે, તે તું લડશે જ.' એટલે માણસે અહમ્ તો છોડવું જ જોઈએ. માણસ ધારે ત્યારે અહમ્ છોડી શકતો નથી. કારણ, દરેક મનુષ્ય એની પ્રકૃતિથી જ દોરવાય છે. એટલે ઉત્તમમાં

ઉત્તમ કર્મ ભલે હોય તોપણ જ્યાં સુધી પ્રકૃતિ સુધરે નહિ, ત્યાં સુધી બખેડા જ થવાના.

**પોતાને સુધાર**

મેં પણ આ ઉત્તમ પ્રકારની સેવામાં ૨૦ વર્ષ સુધી કામ કર્યું છે. ત્યારે બિલકુલ બોલતો નહિ, કારણ કે મને તે વખતે એમાં ઘણી ગમ ન પડતી. છાત્રાલયનાં બાળકો મને જાજરૂ જતાં રોકતાં અને કહેતાં કે 'ભગત પછી જજો.' એટલે લોટો મૂકીને કામ કરવા લાગી જતો. એનાથી તબિયત ઉપર ખરાબ અસર થાય પણ ખરી, પણ એ પ્રકૃતિ સુધારવાના હેતુથી કરતો. એટલે પ્રકૃતિને સુધારવાના કાર્ય સિવાય ગમે તેવી સેવા કરો તો અંદર બખેડા જ થવાના. મને તે વખતે જ્ઞાન પ્રગટેલું કે 'બીજાંને સુધારવાની વાત મૂકીને તું તારી પ્રકૃતિને સુધાર.'

**કર્મનો હેતુ**

અને જે કામ કરીએ છીએ તે કામ પ્રકૃતિને સુધારવાને માટે છે. કર્મમાત્ર ભાવના કેળવવાને માટે છે અને મનબુદ્ધિની શુદ્ધિ કરવા માટે છે એવું ભાન જાગે તો જ તેનું કલ્યાણ થાય. અને આપણાં મનબુદ્ધિમાં શું પડેલું છે તેનું ભાન એકાંતમાં થાય. એનું સમર્થન ઘણા અનુભવીઓએ કર્યું છે. ઘણા લોકો મને કહે છે કે 'તું આ શું લઈ બેઠો છે ?'

**એકાંતનું મહત્ત્વ**

જો આપણે દુનિયાને સુધારવી હોય તો પોતાની જાતને પહેલાં સુધારવી પડશે. સમાજને ઊંચે આણવા પોતાની જાતને પહેલાં ઊંચે લેવી પડશે. અને પ્રકૃતિને સુધારવાને, એનું મહત્ત્વ સમજાય અને એને સુધારવાની ગરજ જાગે તો જ કંઈ થાય. દરેક પ્રહ્લાદ, ધ્રુવ થઈ શકતા નથી. પણ માણસને પોતાની પ્રકૃતિમાં એ કેવો છે, કેવા થરો એનામાં પડેલા છે તે સમજવાની

એને બહાર નવરાશ નથી; જ્યારે મૌનમંદિરની અંદર એ બધું ઊભરાય ત્યારે ઘણાં અકળાય છે, પણ જો કોઈ સદ્‌ભાગી જીવ એને સમજીને એ રીતે પોતાને સુધારશે તો અમને સંતોષ છે. કારણ, આખી દુનિયા સુધરી જવાની નથી એની અમને ખબર છે. એટલે આપણી પ્રકૃતિ અને સ્વભાવમાં શુદ્ધિ કરજો.

### કરવા જેવું કામ પ્રકૃતિનું રૂપાંતર

પણ એ એકદમ ન થઈ જાય. જીવનમાં કરવા જેવું જો કોઈ મુખ્ય કર્મ હોય તો એ છે. એને જ મહત્ત્વ આપજો. અને દરેક કર્મ પોતાની પ્રકૃતિને સુધારવાને કરે તો જ એનામાં ફેરફાર થાય. ઘણાં મારી પાસે આવે છે, તે બીજાંની જ વાત કરે અને પોતાનું શું છે તેની વાત ન કરે. એટલે હું તો જોઉં છું કે, બધાં પારકાંની વાત કર્યા કરે. એ એમ ન જુએ કે પોતાનામાં પણ અવગુણ પડેલા છે, પણ તે ન જુએ. એટલે જેને પોતાને સુધરવું છે તે પંડને જ જુએ તો તેને તેની સમજ પડે કે એ પોતે સુધરવા મથે છે.

### પ્રભુસ્મરણ સાથે સદ્‌વ્યવહાર

એટલે મૂળ વાત-પ્રકૃતિને-સ્વભાવને-સુધારવાની છે. એવા ભાવથી ભગવાનનું નામ લઈશું તો કામ આવશે જ. ઘણા સંતો થઈ ગયા. તે લોકો પળેપળ ભગવાનનું નામ દેતા. આપણે તેમ કરતાં નથી. એટલે તેવું ખપમાં નહિ આવે, પણ પ્રકૃતિને સુધારવા મથીશું અને જે અનેકની સાથે સંબંધ છે તે બધાં સાથે સુમેળ, સદ્‌ભાવ આચરીશું તો જ એમાં ફેરફાર થશે.

### વ્યવહારથી પ્રયોગ

એટલે આ પ્રયોગ છે તે કરી જુઓ. તે સિવાય પ્રકૃતિ સુધરશે નહિ. જો એને સુધારવાની ગરજ હોય તો સંસારમાં જેટલાંની સાથે સંબંધ થયો છે, તે બધાંની સાથે સુમેળ, સદ્‌ભાવ કેળવો

અને આપણા સુખને માટે બીજાં હેરાન ન થાય તેનો ખાસ ખ્યાલ રાખો. પણ ખરી વાત તો એ છે કે પ્રકૃતિને સુધારવાની કોઈને પડી નથી.

**શ્રદ્ધાનું મહત્ત્વ**

અમે સાધુ-મહાત્માઓ પણ એવું કહ્યા કરીએ છીએ કે 'કૃપા બધું કરી દેશે.' અને એમ કહી સમાજને ઊંધે રસ્તે દોરીએ છીએ. પણ હું તો ગુરુમહારાજની કૃપાથી સાચી વાત કહું છું કે 'ભગવાનનું નામ લેતાં જો એના ઉપર શ્રદ્ધા થઈ જાય તો એનો સહારો જેવો તેવો નથી. જેમ દીવો સળગતો હોય તો એનું અજવાળું ચારે કોર ફેલાઈ જાય છે, તેમ જો ભગવાન ઉપર ભરોસો બેસી જાય તો અઢળક સહારો મળી રહે છે.' એ માટે પ્રાર્થના, ભજન વગેરે સાધનથી પ્રકૃતિને સુધારીએ, તો ધીમે ધીમે એમ શ્રદ્ધા પ્રગટે. શ્રદ્ધા જ્ઞાનાત્મક અને બળવાન છે. શ્રદ્ધા તો મહાબળ પ્રગટાવે છે. શ્રદ્ધા જીવનમાં નવો પ્રાણ પૂરે છે, મડદાને બેઠા કરે છે. એવી શ્રદ્ધા પ્રગટાવવાને માટે પ્રકૃતિની શુદ્ધિ કરો અને સાથે સાથે ભગવાનનું ભજન-પ્રાર્થના કરો તો જ શ્રદ્ધા પ્રગટે, અને એમ જીવન ઊંચે લઈ જવામાં તમને મદદરૂપ થશે.

તા. ૨૨-૫-૧૯૬૨

## ૮. ભ્રમણા ભાંગો-ભેદ ઘટાડો

### ભ્રમ ભાંગો

આપણા સમાજમાં ભગવાન વિશે અથવા તો ખરેખર મહાત્મા થઈ ગયા છે તેમને વિશે કેટલીક ભ્રામક માન્યતા પ્રસરે છે. આપણે કહીએ છીએ કે 'ભગવાનને મન બધાં સરખાં. બધાં ઉપર દયા કરે, કરુણા કરે.' એવી જ રીતે મહાત્માઓ માટે પણ ભ્રામક માન્યતા છે. એટલે સમાજને એની ખરી સમજણ નથી. કોઈ મહાત્મા કે ભગવાન તમને કશું આપી દેવાનો નથી. તમારી અભિમુખતા જાગ્યા વિના કંઈ કશું થવાનું નથી. એટલે એવી ખોટી માન્યતા પ્રવર્તે ત્યારે ખરી વાત કહેવી પડે. ગીતામાતામાં કહ્યું છે કે 'ये यथा माम् प्रपद्यन्ते तां तथैव भजाम्यहम्' એટલે મહાત્મા આમ કરી દે અને તેમ કરી દે કે આમ કરે ને તેમ કરે એ બરાબર નથી. તે કંઈ તમારો ગુલામ નથી. માટે, તમારા મનમાંથી એવી ભ્રામક માન્યતા કાઢી નાખવી પડશે. મારો એક મિત્ર મને લખે છે કે 'હું તમારો મિત્ર છું.' પણ મને ખબર પડવી જોઈએને કે તું મિત્ર છે અને ખરેખર મિત્રભાવ રાખે છે ? અમે તો ભગવાનની કૃપાથી મિત્રભાવ રાખીએ છીએ. વળી, ઘણા ખાલી ખાલી પગે લાગવા આવે છે, માથાં નમાવ્યાં કરે છે. એટલે અમે કહીએ છીએ કે 'ભ્રમ કાઢી નાખો, ખોટા ભ્રમમાં પડી રહેવાથી કંઈ વળવાનું નથી.'

### માન્યતાને વર્તનથી પ્રગટાવો

એટલે આવી સમજણ રાખશો નહિ. એક જણ તો મને લખે છે કે 'સાંઈબાબાએ આમ કર્યું. તેમ કર્યું.' પણ તે વિશેની

ઘણી માન્યતા અતિશયોક્તિભરી છે. હું કંઈ મહાત્મા નથી. અમારો વેશ તો ગૃહસ્થાશ્રમી છે. મારે માટે પણ બધાં ખોટી ખોટી વાતો કરે છે, પણ હું તો બધાંને પ્રેમ કરું છું. 'મોટા તો અંતર્યામી છે.' પણ તું પોતે એવી માન્યતા રાખે છે અને વર્તે છે ? ઊલટો ગુનેગાર થાય છે. ખરેખર તો જ્યારે ભાવનાપૂર્વકનું તમારું વર્તન થશે ત્યારે ભગવાન તો તમારામાં પડેલો જ છે, તે છતો થવા માંડશે. તે તમારામાં છે, સમસ્ત બ્રહ્માંડમાં છે અને છતાં એ નોખો છે.

## 'મોટા' સાથે મિત્રતા કેળવો

મારાથી આવે વખતે ક્રોધ થઈ જાય છે. હું તો ઘણી વખત ક્રોધ કરતો નથી, પણ શરીર છે એટલે ક્રોધ થઈ જાય છે. અને જેના ઉપર ક્રોધ કરવો પડે છે એ લોકો મને ઉપયોગમાં પણ આવે છે. જો દુનિયામાં ભગવાનનો લાભ લેવો હોય તો તમે કઈ રીતે એને ભજો છો એની બરાબર ખોજ કરી લો તો એના વિશે ભ્રમ રહેશે નહિ. માટે, જેણે દોસ્તી રાખવી હોય તેણે પહેલાં મિત્રતા કેળવવી પડશે. હું તો રાખું છું, તે પછીથી ખબર પડશે. એટલે સંસારવહેવારમાં સંસારી વાત કરવી પડે છે. ખરેખરો પ્રેમ કરનાર માણસ નિસ્પૃહ છે. એ પરવાવાળો છે અને બેપરવા પણ છે. મારા ગુરુમહારાજે મને કહ્યું છે કે 'બધાંને પ્રેમ કરવો, બધાંને સાચી વાત કરવી.' એટલે હું તો બધાંને સાચી વાત કરું છું. અને નિસ્પૃહ તો બહુ થોડો વખત રહું છું.

## અજોડ મૌનમંદિર

મને એમ પણ લાગ્યું છે કે ભાષણ કરવાથી કંઈ વળવાનું નથી. એટલે અંદર બેસાડીશ તો કંઈક તો પોતા વિશે વિચારે અને એમ બધાં ભગવાન તરફ જરા પણ વળી શકે એવી કોઈ યોજના હોય તો આ એક જ છે. આ સંસારવહેવારમાં અનેક

પ્રકારની મુશ્કેલી, ગૂંચ, ચિંતા હોય છે. માંદા પડીએ તો ૭ દિવસ ખાટલામા પડી રહેવાનો વાંધો નહિ, પણ મૌનરૂમમાં ૭ દિવસ બેસવાનું હોય તો અનેક પંચાત. ઓચિંતો તાવ આવી જાય તો શું ? ઘણાં તો મને કહે છે કે 'મહારાજ, તમારે તો આગળ ઉલાળ નહિ અને પાછળ ઢળાણ નહિ.' પણ આ રીત આખા હિંદુસ્તાનમાં અનોખી છે. આ રીત મારી છે એટલે નહિ પણ આ જાતના સાધનથી માણસનું મન જરા સરખું પણ ભગવાન તરફ વળે, રાગદ્વેષ મોળા પડે, આશા, તૃષ્ણા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર મોળા પડે એ જ ખરી સેવા છે. એનો યશ મને નથી પણ મારા ગુરુમહારાજને છે. એમણે મને આ સુઝાડેલું અને ખરી સેવા આ જ છે એમ સૂચવેલું.

**સ્વભાવવશ કર્મનું પરિણામ**

જેઓ મારી સાથે સંબંધમાં છે તેઓને વિનંતી કરું છું કે અંદર છતા થાય, અંદર મનન કરે. પોતાને માટે જે વિચારે તે માણસ પોતાનું ભલું કરી શકે. એટલે મારી સાથે જૂના રચનાત્મક કાર્યકર્તાઓ છે તેમને પણ હું તો એમ જ કહું છું કે ભલું કરવું હોય તો જાતે ભલા થવું પડશે. આપણે પ્રત્યેક કર્મ આપણી પોતાની પ્રકૃતિ અને સ્વભાવ અનુસાર કરવાના. ભલેને સાત્ત્વિક પ્રકારનું કર્મ હોય, પણ તમારી પ્રકૃતિ અને સ્વભાવ તેવાં ન હોય તો કેવી રીતે એ સાત્ત્વિક પ્રકારે થશે ? એટલે જેવાં પ્રકૃતિ અને સ્વભાવ એ જ રીતે એ થવાનાં અને પ્રકૃતિથી થતાં કર્મોથી રાગદ્વેષ વધશે અને એમ ભેદ વધશે.

**સુખી થવા ભેદ ઘટાડો**

જો ભેદ ઘટાડવા હોય તો રાગદ્વેષ મોળા પાડો. મને ઘણાં કહે છે કે સમાજમાં ઘણા ઝઘડા થયા કરે છે, એનું કારણ ? તો કહે, 'કળિ કાળ.' પણ હું તો કહું છું કે જેવો કાળ, જેવી દશા જોઈતી

હોય તે આપણે પ્રગટાવી શકીએ છીએ. કારણ, આપણામાં ચેતન પડેલું છે. એટલે સુખ મેળવવું હોય તો રાગદ્વેષ મોળા પાડવા સિવાય તેમ થવાનું નથી. કારણ, જગતમાં વિવિધતા અને વિસ્તાર છે. ભગવાનનાં એ સ્વરૂપ છે. એટલે વિવિધતા તો રહેવાની જ, એને કોઈ મિથ્યા કરી શકે એમ નથી. એટલે એની સાથે મેળ રાખવો પડે. બાપદીકરાને બનતું નથી, પણ બંને જો વિચારે કે ભેદ ઘટાડવો છે તો ઘટે. બુદ્ધિથી કોઈ વિચારે કે ભેદ ઘટાડવા છે તો કંઈ થઈ જાય ? માંદા પડીએ ત્યારે દવા લેવાનું સૂઝે છે, પણ આ જ રીતના માંદા પડ્યા છીએ તે સૂઝતું નથી. માબાપે નાનપણથી મોટા કર્યા, તો કંઈ તમારો ધર્મ ખરો કે નહિ ? પણ અત્યારે તો વડીલોને શીંગડાં જ બતાવે. આપણી વાત સાચી હોય તો સમજાવીને, નમ્રતાથી, સદ્‌ભાવથી કરી શકીએ. મનમાં અણગમો, ખરાબ લાગણી પ્રવર્તાવીએ તે આપણો ધર્મ નથી. આ તો સમસ્ત સમાજમાં પ્રસરેલું છે, તો જો સુખી થવું હોય તો ભેદ ઘટાડો. એ પછી મા, બાપ, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન અને કારખાનાંના મજૂરો સાથે પણ ભેદ ઘટાડશો તો જ ઘર્ષણ ઘટશે.

### પોતાના વિચાર માટે જ સદ્‌ભાવ

જો ભેદ ઘટાડવાનો આપણે પ્રયત્ન કરીએ, પણ સામો પક્ષ એમ ન કરે તો આપણી મુશ્કેલી ઓછી ન થાય, પણ જે પોતે ભેદ ઘટાડવા માગે છે, એની બુદ્ધિમાં હૈયાસૂઝ પ્રગટે છે. માટે, એનું બધાંની સાથેનું વર્તન એવું હોય છે. જતે દિવસે એમાંથી સદ્‌ભાવ ઊગશે કે કેમ તે ન કહેવાય, પણ શક્યતા ખરી. દા.ત. મહાત્મા ગાંધી અને જિન્નાહ. એમાં ગાંધીજીએ છેવટ સુધી સદ્‌ભાવ રાખ્યો પણ જિન્નાહ તો પોતાની માન્યતામાં બિલકુલ નિશ્ચિત હતા. એણે કશો જવાબ ન આપ્યો. ત્યાં ગાંધીજીનો સદ્‌ભાવ ઊગી ન નીકળ્યો. એમણે તો સદ્‌ભાવ જ

રાખ્યો. એટલે તમને પોતાને તમારામાં કંઈક ફેરફાર લાગશે, જો સામેથી Response ન મળે તોપણ.

**આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્ર : ગીતા**

આપણાં શાસ્ત્રોમાં આધ્યાત્મિક સ્થિતિનું વિજ્ઞાનશાસ્ત્ર જો કોઈ હોય તો તે ગીતામાતા છે. એમાં જે કહ્યું છે કે 'ફલાણામાં હું છું. હું આમ છું, તેમ છું.'-એ સાચું છે કે જેવું જ્ઞાન જે વખતે પ્રગટે તેવી સ્થિતિ તે વખતે થાય છે. ભક્તનાં લક્ષણ પણ બારમા અધ્યાયમાં છે અને પંદરમા અધ્યાયમાં ઉત્તમ સ્થિતિ પણ બતાવી છે. એટલે ગીતા એ Practical Science છે. એ શ્રીકૃષ્ણે કહ્યું છે એટલે નહિ, પણ એમાં જે હકીકત છે તેથી આમ કહું છું. ઘણી વખતે કોઈક લખાણને કોઈ મોટી વ્યક્તિનું નામ લગાડી દે છે. અસલના વખતમાં વેદવ્યાસનું નામ લગાડે તો એનો પ્રચાર બહુ થાય. પહેલાં આમ થતું, પણ હાલમાં કોઈનું લખાણ હોય તો તેની ચોરી કરી પોતાનું નામ લગાડે એ ઘણું ખરાબ છે. તો મૂળ વાત, કે સંસારવહેવારમાં ભેદ ઘટાડવા માટે બાપ, દીકરો, દીકરી વગેરેમાં ભેદ ઘટાડવાનો જો પ્રયત્ન કરીએ તો સુખ મળે. ઘણાં કહે છે કે 'પ્રારબ્ધમાં હતું તે મળ્યું.' પણ હું કહું છું કે 'પુરુષાર્થથી પ્રારબ્ધ પણ પલટાવી શકાય છે.'

ઘણા સેવકો સેવા કરવા બહારગામ જાય, પણ પોતાની સેવા ન કરે. ઘરમાં છોકરાંઓ સાથે બિલકુલ બેસે નહિ. ઘરમાં બૈરાં સાથે બે ઘડી સદ્ભાવની વાર્તા ન કરીએ અને જગતની સેવા કરવા નીકળી પડીએ એટલે ઘરમાં ભેદ ન ઘટે. એટલે ઘરમાં ભેદ ઘટાડવાની સેવા ન કરો તો દુનિયાની સેવા થવાની નથી.

તા. ૧૪-૮-૧૯૬૨

# ૯. હરિ, ભક્તનું બધું હરે !

## જબરજસ્ત ઓથ

જો આપણે ભગવાનનું સ્મરણ લેતા રહીએ, તો એ અનેક પ્રકારે સહારો આપે છે. આપણે જીવદશામાં છીએ, સંસાર-વહેવારમાં છીએ એટલે ગૂંચ, કોયડા, મુશ્કેલી વગેરે રહેવાનાં જ. કારણ કે સંસારવહેવારનો એ ગુણ છે. એ બદલી શકવાના નથી. એટલે અમે કહીએ છીએ કે ભગવાનનું નામ લીધા કરીએ તો એની એક જબરજસ્ત ઓથ રહે છે. એ ઘણી ભારે ઓથ છે. સંસારવહેવારના કોઈ માણસ કરતાં એ ઓથ ઘણી મોટી છે. એટલે જ્યારે જ્યારે અરે, દરેક પ્રસંગે જો એનો આશરો લીધા કરીએ અને એની સાથે સંબંધ રાખીએ, તો જ્યારે આપણું મન ક્ષુબ્ધ થઈ જાય, ત્યારે એ આપણા જીવનમાં ઘણી હળવાશ પ્રગટાવશે.

## મૌનમંદિરના સંસ્કાર

અહીં મૌનઓરડામાં બેસવાનું મળે, અને જે નામસ્મરણ અહીં લેવાય તેના સંસ્કાર એટલા જ ઊંડા પડે છે. એના બે દાખલા આપું :

બાબુભાઈ તમાકુવાળા ૧૪ દિવસ બેભાન રહ્યા, તે દશામાં પણ એ સ્મરણ કરતા. વળી, પદ્માસન વાળીને બેસતા. એટલે એમને જીવવાની મુશ્કેલી છતાં ખૂબ મદદરૂપ નીવડ્યું છે.

બીજું, અહીં બારડોલીવાળા ઉત્તમચંદભાઈની નાની દીકરી નિરંજના ૭ દિવસ મૌનમાં બેઠેલી. તે બારડોલી ગયા પછી એના બાપ પાસે સૂતેલી અને ઊંઘમાં હરિઃૐ બોલતી. એના

બાપને થયું કે આ છોકરી જાગે છે કે ઊંઘે છે ? એટલે એમણે જોયું તો ઊંઘતી હતી.પછી એમણે પણ હરિઃૐ બોલવાનું શરૂ કર્યું. એટલે પેલી છોકરી પણ બોલી અને પછી તો એમણે એને જગાડીને પૂછ્યું કે 'તું જાગે છે કે ઊંઘે છે ?' તો કહે કે 'ઊંઘતી હતી.' એટલે ઊંઘમાં પણ એનાથી ભગવાનનું નામ લેવાતું હતું. આ ઉપરથી અહીં મૌનમાં બેસનારના સંસ્કાર કેટલા ઊંડા પડે છે તે સમજાય છે. એટલે સંસારવહેવારમાં આપણું મન ઘણી દિશામાં વહેંચાયેલું હોવાથી મૌનમાં સ્મરણ જેટલું ઊંડું જઈ શકે તેટલું ઊંડું બહાર રહીને લેવાથી જઈ શકશે નહિ. એટલે આવા એકાંતમાં કોઈ પણ જાતની પ્રવૃત્તિ વિના રહીએ ત્યારે ભગવાનની ધારણા એટલી ઊંચે લઈ જાય છે અને એ કારણે રોગ, દુઃખ, મુશ્કેલી વગેરેમાં એ ખૂબ મદદરૂપ નીવડે છે.

## યોગક્ષેમ-આધ્યાત્મિક ઉદ્ધારની શરત

ભગવાને ગીતામાં અભય વચન આપ્યું છે કે 'તારો યોગક્ષેમ હું માથે લઈ લઉં છું.' પણ ક્યારે ? કે જે મને અનન્ય ભાવે ભજે છે, મારી પાસે રહ્યા કરે, અને અનન્ય ચિત્તથી એટલે જીવનના એકે એક ક્ષેત્રમાં મારી પાસે જે ચારે બાજુએ બેસે છે તેવાઓનું; પળેપળ-નિત્ય, अभियुक्तानाम् એટલે કે જેઓ સતત મારી સાથે અભિયુકત એટલે આગળપાછળથી બધી રીતે જોડાયેલા છે, તેમનું યોગક્ષેમ હું વહન કરું છું. સાચો અર્થ એ છે કે એ જીવનો આધ્યાત્મિક ઉદ્ધાર મારે માથે છે, પણ તે ઉપરાંત, એના જીવન-વહેવારનો બોજો પણ ભગવાન માથે લેતો હોય છે. ભગવાને ઘણા ભક્તોનાં કામ કરેલાં છે. ભગવાન જાતે આવતો નથી, પણ એ નિમિત્તરૂપે (Symbolic) ભક્તનાં કામ કરાવે. અને તેવે વખતે પેલો ભક્ત તો ભગવાન જ હાજરાહજૂર આવીને કામ કરી જાય છે એમ શ્રદ્ધાપૂર્વક માનતો હોય છે. એટલે

આપણામાં એવી માન્યતા છે કે ભગવાન જ એનાં કામ કરે છે.

એટલે આ કાળમાં ભગવાનમાં ભક્તિ ન હોવાથી આપણને એમ લાગે છે કે એમ ક્યાં કામ બની જાય ? પણ એવી ભક્તિ નહિ એટલે લોકો આમ માને.

**બે અનુભવ**

(૧) હું ૧૯૪૦-'૪૧માં ગાંધી આશ્રમમાં હતો ત્યારે મારી ઉપર એક Registered Insured પૅકેટ આવ્યું. તેમાં ઉર્દૂ કે અરેબિક લખાણ હતું. ત્યાં ગુલામરસૂલ કુરેશીભાઈ કરીને એક ભાઈ આશ્રમમાં રહે. એ લખાણ તેમને વંચાવવા હેમંતભાઈને મોકલ્યા. એ ભદ્રથી રજિસ્ટર થયેલું અને એમાં લખાણ હતું કે 'તારા પૈદાઈશીને દિવસે (જન્મદિને) વિમાનમાં બેસીને કરાંચી આવવું.' વિમાનની ટિકિટના પૈસા પણ એક ઓલિયાએ મોકલેલા અને દિવસો પણ ત્રણચાર કે પાંચ જ રહેલા. ટપાલથી ખબર આપી શકાય એવી કોઈ શક્યતા ન હતી. એ કાગળમાં લખેલી હકીકત સાચી બનેલી છે. અને વિમાનમાં બેસીને ગયો ત્યારે એટલી ઊંચી કક્ષાએ જે અનુભવ થવો જોઈએ તે મને થયેલો. ત્યારે બેઠો ત્યાંથી મને સમાધિ થઈ ગયેલી તે ઊતર્યો ત્યાં સુધી. અને એ ઓલિયાની સાથેની વાતથી ખબર પડેલી કે એક મનુષ્યને મેં પ્રેરણા કરેલી અને તેની મારફત તને રકમ મળેલી. આવી રીતે બને ત્યારે ભક્તને એમ જ થાય કે ભગવાન મારું કામ કરે છે. અનન્ય ચિત્તથી કે લક્ષથી ભગવાનનું ભજનકીર્તન-એનું સ્મરણ, જીવનમાં જીવતુંજાગતું રાખ્યા કરીએ, તો એ બધું એના માથે લઈ લે છે. અને આપણને કેટલી નિશ્ચિંતતા થઈ જાય છે !

આવું અભયવચન આપ્યા છતાં માનવીનું મન ભગવાનમાં પરોવાતું નથી. વેદકાળમાં ભગવાનની ભાવનાનું મહત્ત્વ બહુ હતું. આજે એ ઘટી ગયું છે. એટલે આપણા જીવનમાં નિશ્ચિંતતા

એક વખત પ્રગટાવવા માટે એ ખૂબ જરૂરનું છે.

(૨) અમારી સ્થિતિ ખૂબ ગરીબ હતી અને છે. નડિયાદમાં મારા ભાઈઓ છે અને એ લોકો જેમ તેમ નભાવે. આવી સ્થિતિ છતાં મેં રચનાત્મક કાર્ય કર્યું. ૨૦ વર્ષ સુધી હરિજન સેવા કરી છે. ત્યાર પછી ગુરુમહારાજના હુકમથી એ કામ છોડી આ સેવા કરવા બેઠો, ત્યારેય મારી પાસે પૈસા ન હતા. તે વખત રૂ. ૪૫/-થી વધારે વેતન ન લેવું એવી પ્રતિજ્ઞા કરેલી. પરીક્ષિતલાલભાઈ, હેમંતભાઈ તથા હરિવદન ઠાકોર એ બધા તો એકલરામ હતા, જ્યારે મારે તો આઠ જણનું પોષણ કરવાની જવાબદારી હતી. અને તેમાં મને દેવું થયાં કરતું. ત્યારે એક જણ મને મળેલા કે જે મારું દેવું દર વર્ષે પૂરું કરી દેતા. અને ત્યાર પછી આ સેવા કરવા માંડી. એવાને, એક પછી એક ઘણી સરળતા ભગવાને કરી આપી છે. મારી કોઈ પ્રતિષ્ઠા ન હતી. અને આ કંઈ મારી મહત્તા માટે નથી કહેતો પણ એનાથી સમજ પડે કે ભગવાનને અનન્યભાવે ભજવાથી ભગવાન એના ભક્તનું કામ પાર પાડે છે. એટલે એના પર ભરોસો રાખતા થઈ જઈએ, એના પર વિશ્વાસ રાખીએ તો એ આપણાં કામ કરશે. એનો અર્થ એવો નથી કે કર્મ છોડી દેવાં. બુદ્ધિથી ઉકેલ કાઢીને દરેક કર્મ તો કરવાનું જ છે.

ભગવાન જ્યારે ભક્તને જરૂર પડે છે ત્યારે રસ્તામાંથી પણ ધન આપે છે. એવા એક બે બનાવ બને તો લોકો 'કાકતાલીય' ન્યાય લેખે છે. 'કાકતાલીય' એટલે કે કાગનું બેસવું અને તાડનું પડવું. પણ ૫-૬ વખત એમ બન્યું છે અને એના સાક્ષી પણ છે. એ ક્યારે બને કે ભગવાન પર ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા પ્રગટી જાય તો. ભગવાનની અદીઠી મદદ પણ આપણને મળશે એવો વિશ્વાસ આ કાળમાં કેળવવાની ઘણી જરૂર છે.

તા. ૨૫-૯-૧૯૬૨

## ૧૦. પ્રભુભાવનું રહસ્ય

**પ્રશ્ન**

મને એક ભાઈએ પૂછ્યું કે 'બધાંને ભગવાનનાં દર્શન થાય છે. કોઈને કંઈ દર્શન થાય, કોઈને કંઈ-એ બુદ્ધિપૂર્વક સમજાતું નથી. તો જે કંઈ દર્શન થાય છે, તે વખતે એની બુદ્ધિ જેવી હોય, તેવી બુદ્ધિ આપણી થાય તો સમજણ પડે, પણ એવી ન થાય તો પણ કંઈ એમ ને એમ એટલે કે Rationally બુદ્ધિથી સમજી શકાય એવી સમજણ પાડો !'

**ભગવાનનાં દર્શન કેવી રીતે ?**

વિજ્ઞાને સિનેમા ખોળી કાઢી છે તે જુઓ છોને ? ત્યાં શબ્દોનાં આંદોલનોને તેજનાં આંદોલનમાં ફેરવી કાઢવામાં આવે છે, તે તો હકીકત છેને ? તો કહે 'હા !' તેવી જ રીતે ભક્ત લોકો એકતાનથી મચે. એના જે શબ્દો થાય, એનાં મોજાંઓમાંથી તેજ થાય છે. અને તે વખતે એની ભાવના અને બુદ્ધિ તેવી હોવાથી એને તે તેજમાંથી ભગવાનનાં દર્શન થાય છે. એટલે એને ગળે વાત ઊતરી કે 'વાત સાચી, મોટા.'

**ભિન્ન રૂપો શા માટે ?**

પણ ભગવાનનું અસ્તિત્વ આપણામાં ભળેલું હોવા છતાં પાછું નોખું છે. એટલે જ્યારે ભક્ત પોકાર પાડે ત્યારે એનામાં રહેલું ચેતન એનામાં અને બહાર બંને ઠેકાણે છતું થાય છે. ત્યારે સવાલ થાય કે દરેક ભક્તને જુદાં જુદાં દર્શન કેમ થાય ? તુલસીદાસ, મીરાંબાઈ, સુરદાસને જુદાં જુદાં સ્વરૂપનાં દર્શન કેમ થયાં ? લીમડો તો એક જ છે, પણ દરેક લીમડો જુદો છે. તેમ દરેક ભક્તની ભાવના

જેમ લાગે-એટલે કે એની જેવી ઝંખના હોય-ભગવાન એને તેવાં દર્શન આપે. એમ તુલસીદાસને રામ, મીરાંને કૃષ્ણ-એવાં દર્શન થયાં. એનો એ લોકો સ્પર્શ પણ અનુભવી શકેલાં. કારણ, એઓનો આખો આધાર એવો થઈ જાય છે. આમ તો બધું જ બ્રહ્મસ્વરૂપ છે, પણ આજે એવી સ્થિતિ આપણી નથી. કારણ, મળ વિક્ષેપ અને આવરણથી આપણે આવરાઈ ગયેલાં છીએ અને આપણે જીવદશાવાળાં, એટલે દ્વંદ્વ અને ગુણમાં ભેરવાયેલાં છીએ. એટલે એ દરેકની મર્યાદામાં આપણે આવી ગયાં છીએ એટલે દ્વંદ્વ અને ગુણની જે પ્રકૃતિ બની છે એમાં આપણે ગોંધાઈ ગયા છીએ, આપણે આમ તો અનંત સ્વરૂપે છીએ પણ પ્રકૃતિ, દ્વંદ્વ અને ગુણમાં બંધાઈ ગયાં છીએ એટલે આપણી શક્તિ આવરાઈ ગઈ છે. બાકી તો ચેતનનાં ગુણધર્મ, શક્તિ, વિસ્તાર જેવાં જ આપણાં ગુણધર્મ, શક્તિ અને વિસ્તાર હોવાં જોઈએ, પણ એ બધું આપણે પ્રકૃતિ, દ્વંદ્વ અને ગુણમાં હોવાથી બંધાઈ ગયું છે.

તો પ્રશ્ન થાય કે આપણે પ્રકૃતિરૂપ કેમ થઈ ગયા ? એ વિવાદાસ્પદ પ્રશ્ન છે અને અત્યારે એની ચર્ચા થઈ ન શકે. 'ચેતન તો સ્વયંભૂ છે. એનું પરિણામ પણ ચેતનનું જ હોવું જોઈએ. એમ દરેકમાં ચેતન દશ્યમાન હોવું જોઈએ.'— એ રીતે બુદ્ધિ વિચારે, પણ આ બધી તર્કપરંપરા છે અને વળી એ સમજવાને ભક્તિવાળું દિલ જોઈએ.

એટલે મૂળ વાત ઉપર આવીએ. ભક્તને ભગવાનનાં દર્શન કેમ થાય છે ? શબ્દનાં આંદોલનોને તેજનાં આંદોલનોમાં જેવી રીતે ફેરવી શકાય છે, તેમ ભક્તને એના જે એકતાન અને ભાવથી બોલાયેલા શબ્દોનું તેજમાં રૂપાંતર થાય છે, અને એની તે વખતની ભાવના-બુદ્ધિ ભગવાનમય હોવાથી એને એવાં એવાં દર્શન થાય છે, એ વૈજ્ઞાનિક હકીકત છે.

## શબ્દથી જ બધું ચાલે છે

વેદની શોધ છે કે આપણામાં પાંચ તત્ત્વો છે : આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. આકાશમાં તેજની વાત થઈ અને શબ્દ છે, તે આકાશમાંથી નીકળ્યો છે. શબ્દનું મૂળ આકાશ છે. મૂળ શબ્દ બ્રહ્મ છે. બાઈબલમાં પણ છે કે in the beginning there was a word. ભાઈ, દૂર શું કરવા જાવ છો ? આ દુનિયાનો બધો વહેવાર, સંસાર, સગાંવહાલાં, ધંધો, વેપાર બધું શબ્દથી ચાલે છે. એ માન્યા સિવાય કોઈનું ચાલે એમ નથી. માટે જો કોઈની ભલી લાગણી પ્રગટાવવી હોય તો તેવી જાતનો શબ્દ નીકળવો જોઈએ. એટલે સંસારમાં બધું જ શબ્દથી ચાલે છે એ માન્યા સિવાય કોઈનું ચાલે એમ નથી. માટે જો કોઈની ભલી લાગણી હોય તો તે જાતનો શબ્દ નીકળવો જોઈએ. એટલે સંસારમાં બધું જ શબ્દથી ચાલે છે. એ બધું જુએ છે, સમજે છે, પણ જે શબ્દ બ્રહ્મવાચક છે તેના ઉપર એને ભરોસો નથી. ચેતન છે તે એના કરતાં વધારે પ્રત્યક્ષ છે, એ દેખાતું નથી, એને સ્પર્શ કરી શકાતો નથી, કેમ કે એ બાજુ મોં ફરી ગયું નથી. ચેતન બાજુ આપણું મોં નથી. મોં તો સંસારવહેવારમાં છે. એટલે ચેતન તરફ મોં ફેરવીએ તો દેખાય. આ કલ્પનાની વાત નથી, વિજ્ઞાનથી સાબિત કરી શકાય એમ છે. એટલે મને કોઈ પૂછે તો બુદ્ધિથી એનો જવાબ આપી શકાય. શબ્દને બ્રહ્મ કહેલો છે અને બ્રહ્મથી શબ્દ પ્રગટ્યો, તો એનામાં બ્રહ્મને પ્રગટ કરવાની શક્તિ છે.

## પ્રભુનું નિવાસસ્થાન

શબ્દપ્રાગટ્યનું મૂળ નાભિ, કંઠ અને મૂર્ધન્ય. એ તો આપણા શરીરની અંદર રહેલાં છે. શરીરમાં એ બધાં શેની સાથે સંકળાયેલાં છે ? તો કહે, એ બ્રહ્મરંધ્ર અથવા તો હૃદય સાથે સંકળાયેલાં છે.

ચેતનનું કેંદ્રસ્થાન ક્યાં ? તો બ્રહ્મરંધ્ર કે હૃદયમાં છે. ગીતામાતામાં પણ કહેલું છે કે 'હું હૃદયમાં છું.' એટલે કે શારીરિક હૃદયમાં નહિ પણ શરીરમાં છાતીની વચમાં જે ખાડો હોય છે ત્યાં અને થોડે અંશે બ્રહ્મરંધ્રમાં. એટલે શબ્દ નીકળે છે તેનું મૂળ હૃદયમાં છે. એટલે શબ્દ પણ શરીરશાસ્ત્રની દૃષ્ટિએ કે આધ્યાત્મિક યોગશાસ્ત્રની દૃષ્ટિએ હૃદયમાંથી નીકળે છે.

જેમ શબ્દથી સંસારનો વહેવાર ચાલે છે તેમ આ વહેવાર પણ. એમ આ વહેવાર ચલાવવાને તેવો શબ્દ જોઈશે. તો જો ચેતન પ્રગટાવવાને શબ્દ જોઈતો હોય તો ચેતન તરફ અભિમુખતા પ્રગટાવે એવો શબ્દ જોઈએ.

ભગવાન તરફની અભિમુખતા કેવી રીતે પ્રગટે ? એવી ભૂમિકા હાલ નથી તો બીજું કંઈ સાધન ? તો કહેશે-ભગવાનનું સ્મરણ.

## નિરંતરતા જરૂરી

એ (સ્મરણ) અખંડતા કે નિરંતરતા સુધી લઈ જવું જોઈએ. એ એવું એક સાધન છે કે ચેતનામાં નિષ્ઠા પામેલા કે પ્રગટેલા આત્માઓ પ્રત્યે નિરંતરતા પ્રગટે. એટલે સરળતા અને સળંગતા-ગંગા મૈયાના પુનિત પ્રવાહના જેવી-પ્રગટી જાય તો જ બને. સંસારમાં નિરંતરતા પ્રગટે છે. વેપારધંધામાં એના જ વિચારો, ચિંતવન હોય છે, છતાં તેમાં ધાર્યું પરિણામ નીપજતું નથી, પણ જો આધ્યાત્મિક સ્થિતિમાં એવી નિરંતરતા પ્રગટે, તો વધારે ચોકસાઈવાળાં વધારે સારાં પરિણામ નીપજી શકે.

## ઘાટ માટે મુલાયમતા

ભગવાનનું સ્મરણ, પ્રાર્થના, ભજન, સદ્‌વાંચન વગેરે રોજિંદાં કર્મવહેવારમાં સંકળાવી દઈએ તો એ ભાવના આપણાં હૃદયનાં, શરીરનાં કેટલાંયે દ્વારો ખુલ્લાં કરે છે. વહેવારમાં પણ

અમુક પ્રકારની સમજણ દૃઢ પ્રકારની થઈ ગઈ હોય, તો તે આધ્યાત્મિક ક્ષેત્રમાં ન ચાલે. એને આ ક્ષેત્રમાં Pliable (મુલાયમ) બનાવવી પડશે. જેમ કુંભાર માટીને લોચા જેવી (કાંકરી વગરની) બનાવે છે, એવી મુલાયમતા આપણામાં પ્રગટે-અને તે પણ હેતુના જ્ઞાનભાનવાળી-તો જ ચેતનનો આકાર પ્રગટે. જેમ કુંભાર માટીનાં વાસણોના જાતજાતના ઘાટ બનાવે છે તેમ.

## ભાવવિકાસની પ્રક્રિયા

તો સંસારમાં તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રમાં શબ્દ દરેક પ્રકારે બધું મઠારે છે. શબ્દની શક્તિ તો એવી છે કે જીવપ્રકારને સાત્ત્વિક પ્રકારનો બનાવી દે. જો માનવી વિચારે કે જે શબ્દ છે તેમાં જો નિરંતરતા પ્રગટે તો એ નિરંતરતાથી ભાવની પ્રતિષ્ઠા થાય, અને એવી ભાવની પ્રતિષ્ઠા થાય ત્યારે સંકલ્પવિકલ્પ ઘટે. કારણ, ભાવમાં સંકલ્પવિકલ્પ નથી. આમ, શબ્દની નિરંતરતા થાય એટલે ભાવની નિરંતરતા થાય અને એમ થતાં ભાવની ગાઢતા વધતી જાય-એટલે કે એ વધારે intense થાય. ભાવ પહેલાં થોડો રહે, પછી મધ્યમ, પછી વધારે. એમ ભાવની intensity થતાં ભાવાવેશ થઈ જાય અને એમ એને ભાવસમાધિ થઈ જાય. એવું શ્રીરામકૃષ્ણ પરમહંસને થઈ જતું. સુંદર ફૂલ જુએ, સુંદર દૃશ્ય જુએ, સુંદર ભાવનું ભજન સાંભળે, વાદળાં ચઢી આવે-એ બધું જોતાં કે સાંભળતાં એમને સમાધિ થઈ જતી.

## બુદ્ધિયોગનાં લક્ષણો

એટલે ભાવની ગાઢતા વધારો. એનાથી બુદ્ધિનો સંકલ્પ-વિકલ્પ કરવાનો જે ગુણ છે તેવી વૃત્તિ બદલાઈ જાય. જે પ્રાણ છે તેના પ્રાકૃતિક ધર્મ-આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા એ બધું બદલાઈ જાય. એમ ભાવની ગાઢતા થતી જવાથી આ બધું બદલાઈ જાય છે. એકલો લોભ બદલવો હોય, તો એ જરા

મુશ્કેલ છે, પણ જો ભાવ વધારો તો બધાં કરણો બદલાઈ જાય છે. ભક્તોમાં એમ ભાવની ગાઢતા ખૂબ હોય છે. ભક્ત ભોટ હોતો નથી, પણ એ જ્ઞાનપૂર્વક એમ વર્તતો હોય છે. ભગવાન તો ગીતામાં કહે છે : 'મારા ભક્તને હું બુદ્ધિયોગ આપું છું.' ભક્તને પ્રખ્યાત થવું નથી. એને તો હૈયાઉકલત એવી હોય છે કે એવી બીજાને જણાતી નથી. અને એનામાં જે બુદ્ધિ છે તે બીજાને જણાવા પણ ન દે. ઊલટો મેલાઘેલા જેવો લાગે. એટલે આવો ભાવ જ્યારે પ્રગટે અને એની જેમ જેમ ગાઢતા થાય, ત્યારે ભાવાવેશ થાય ત્યારે એને ભગવાન બુદ્ધિયોગ આપે છે. એ દરેકમાં પછી સમાધાન કરે છે. એને પછી નીતિ અને અનીતિ જેવું નથી હોતું, કારણ કે દ્વંદ્વમાંથી નીકળવાની સ્થિતિમાં થતો જાય છે, એ ચોથા ડાયમેન્શનમાં વસે છે. આપણે ત્રીજા ડાયમેન્શનમાં છીએ. એ દ્વંદ્વની ભૂમિકામાંથી નીકળી જાય છે. આ પ્રયોગ કરાય તેને માટે આ મૌનમંદિરો છે. અને બુદ્ધિથી સમજાય એવી વાત છે, પણ એ પ્રયોગ કરીને ખોળી કાઢે ત્યારે જ સાચું. માટે, પ્રયોગ કરી જુઓ.

તા. ૨-૧૦-૧૯૬૨

# ૧૧. ચેતનનો અનુભવ

## મૂળ આધાર ચેતન

આપણા શરીરની રચના જો તપાસીએ તો એની બધી સમજણ જ્ઞાનતંતુ દ્વારા પડે છે. જ્ઞાનતંતુનું મૂળ મગજમાં છે અને મગજ હંમેશાં ઉપર રહે છે. એ મગજમાં કેટલાંયે કેંદ્રો છે. દા.ત. સાંભળવાની શક્તિનું, સૂંઘવાનું, જોવાનું. એટલે આંખ દ્વારા જે જોવાય છે તે આંખની કીકી સાથે બધાં જ્ઞાનતંતુઓ જોડાયેલાં છે. તેની ગતિ થઈને એનો આકાર સ્પષ્ટ થાય છે. તેમ જ સાંભળવામાં કાનના પડદાને મોજાંઓ અથડાય અને ત્યાં જે જ્ઞાનતંતુઓ રહેલા છે તેને અથડાય; એ રીતે સંભળાય. એમ જ નાક વડે સૂંઘવાનું બને તે પણ જ્ઞાનતંતુઓ મગજથી દોરવાતાં હોય છે. એટલે મગજમાં બધાં જ્ઞાનતંતુઓનું કેંદ્ર છે. આંખ એ તેજનું, કાન એ આકાશનું અને સ્પર્શ એ વાયુનું કેંદ્ર છે. તેમ જ જળ અને પૃથ્વી તત્ત્વો પણ ત્યાં જ રહેલાં છે. એટલે એ બધાંનો આધાર જે કેંદ્રોમાં છે તેનો મૂળ આધાર ચેતન છે.

## માનવદેહમાં ચેતનની શોધ

એ ચેતન અનુભવીએ ત્યારે શું થાય ? ચેતનનો ધક્કેલો લાગે. તેના વડે હાથપગ, બધી ઇંદ્રિયો કામ કરે છે. બધાં માનવીને એનું ભાન નથી, પણ કોઈક ભાગ્યશાળી જીવને એનું ભાન થાય છે. એવું ભાન જેને જાગે છે ત્યારે ચેતનતત્ત્વ શું ? એની શક્તિ કેવી ? એના ગુણધર્મો કેવા ? એનું મનન ચિંતન થાય. એ બધું ઋષિમુનિઓએ એક પછી એક લઈને તપાસી જોયું. અને એમ દરેકને તપાસતાં તપાસતાં 'આ નહિ'–'નેતિ નેતિ' કરતા ગયા.

'આ ચેતન નથી'-એમ એને ખોળતાં ખોળતાં એ લોકોને આપણા શરીરમાં પુરુષ અને પ્રકૃતિ બે તત્ત્વો રહેલાં છે એની ખબર પડી. એમાં પ્રકૃતિનું રાજ્ય ચાલે છે અને પુરુષતત્ત્વ સુષુપ્ત છે. એ પ્રકૃતિને છૂટો દોર આપે છે. આત્મામાં સાક્ષિત્વનો ગુણ છે, તેવો જ પુરુષનો પણ છે. પણ પુરુષ સુષુપ્ત દશામાં હોવાથી એનામાં સાક્ષીનો ગુણ હોવા છતાં એને લાગતું વળગતું નથી. એટલે પ્રકૃતિ ગમે તેવું કર્મ કરે તો તે બધું પ્રકૃતિને જ લાગે છે.

## સુવર્ણ રંગી

પુરુષને વેદોમાં સુવર્ણમય પાત્રથી ઢંકાયેલો છે એમ કહ્યું છે. એવો સોનેરી રંગ ક્યારે પ્રગટે ? એ તો પ્રતીક છે. જ્યારે સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય ત્યારે એનાં કરણો, ગુણો, ઇંદ્રિયોમાં ઉચ્ચમાં ઉચ્ચ ફેરફાર થાય. કેટલાક સાધકો જે એક અંધારા ઓરડામાં રહે, એને કોઈનો સ્પર્શ થતો નથી, ભગવત્ ભાવનામાં રહે છે ત્યારે એનો રંગ સુવર્ણ જેવો થાય છે. તેમ જ એ બહાર હોય અને જો બધાંમાં હળેભળે અને બધાંના સંપર્કમાં આવે ત્યારે પણ જો એનામાં ઉચ્ચ ભૂમિકા હોય તો એવો જે રંગ હોય છે, તે પણ બાહ્ય વહેવારને લીધે એ ધીમે ધીમે ઓછો થઈ જાય છે.

## પુરુષનો ગુણધર્મ

એટલે પુરુષ સુષુપ્તદશામાં છે, પણ એનામાં ચેતનના ગુણ છે. એ જો જાગ્રત થાય અને એ જો મોખરે થઈ જાય તો ચેતનના ગુણધર્મો જાગ્રત થાય અને એનું સ્વરૂપ જાગ્રત થાય, પણ પ્રકૃતિના ગુણધર્મ તપાસતાં એ ચેતનનું અંગ નથી, જ્યારે પુરુષમાં સમતા, તટસ્થતા, સાક્ષિત્વ છે-એટલે એ ચેતનનો ગુણધર્મ ધરાવે છે. પ્રત્યેક કર્મ કરતાં એ નોખો રહે છે. જેમ વિમાનમાં ઊંચે આકાશમાં જઈએ તો સુરત શહેરનું દર્શન થાય

પણ એ દર્શનનો પાસ લાગે નહિ, તેમ જ પુરુષતત્ત્વનું દર્શન કરતાં ઋષિઓને લાગ્યું કે એનામાં સાક્ષિત્વ છે. એટલે એ જો મોખરે આવી જાય તો ચેતનના ગુણધર્મ પ્રગટે.

**પુરુષને પ્રગટ કરવાની રીત**

પુરુષ કેવી રીતે મોખરે આવે ? પ્રકૃતિના બે મૂળ ધર્મો-દ્વંદ્વ અને ગુણ. દ્વંદ્વ એટલે સત્-અસત્, રાગદ્વેષ, સુખદુઃખ વગેરે અને ગુણ એટલે સત્ત્વ, રજસ અને તમસ. એટલે જો દ્વંદ્વ અને ગુણની પકડ મોળી પડે અને એનાથી છૂટા થઈએ તો પુરુષ-તત્ત્વ ખીલી ઊઠે-જોકે એ તો ખીલેલું જ છે-એટલે કે એ મોખરે આવી જાય. એટલે આ વિચાર ઉપર જ્યારે ઋષિમુનિઓ આવ્યા ત્યારે એમને લાગ્યું કે દ્વંદ્વ અને ગુણની ભૂમિકા મોળી પડવી જોઈએ.

**ભૂમિકા પ્રમાણે સંસ્કાર**

દ્વંદ્વની જે ભૂમિકા છે તેની જે અથડામણ વગેરે થાય છે તેના સંસ્કાર પડે. તેમ જ સત્ત્વ, રજસ અને તમસની ભૂમિકા હોય, તો તે પ્રમાણે સંસ્કાર પડે. તમસની ભૂમિકા હોય તો તેવા, રજસની ભૂમિકા હોય તો રજસના અને સત્ત્વની ભૂમિકા હોય તો સત્ત્વના સંસ્કાર-એમ સંસ્કાર પડે.

**ગુણનાં લક્ષણો**

ત્યારે સત્ત્વ એ ગુણ એવો છે કે એનાથી એવા પ્રકારની ભૂમિકા પ્રગટે કે એને કૂદી શકાય. એ જ્યારે જાગેલું હોય ત્યારે પુરુષતત્ત્વ વધારે જાગેલું હોય. તમસ અને રજસ એ નીચી કક્ષાની ભૂમિકા છે. તમસ એટલે પ્રમાદ, આળસ વગેરે. એટલે એમાં તુક્કા ઊઠે પણ આગળ વધવા ન દે. એમાં જડતા જ હોય. વળી, રજસમાં દોડાદોડપણું, ધમાલ ખૂબ હોય એ ગતિ કરાવ્યા કરે. એનાથી હેરાન થઈ જવાય. એટલે એમાં એકધારાપણું ન

પ્રગટે, પણ સત્ત્વગુણમાં સ્થિરતા, સમતા અને તટસ્થતા છે. રજસ-તમસનાં જે કોચલાં છે, તે તૂટી જવાં સરળ છે, પણ સત્ત્વનું કોચલું તૂટવું મુશ્કેલ છે.

**સુવર્ણપાત્રનો અર્થ**

જેમ પુરુષતત્ત્વ સુવર્ણથી ઢંકાયેલું છે તેમ સત્ત્વ પણ ઢંકાયેલું છે. એવી ભૂમિકાવાળો ડહોળાય નહિ, અકળાય નહિ. એ સ્થિર રહે. એમાંથી સર્વ પ્રકારનો ઉકેલ નીકળ્યા કરે. એ ગમે તેમ કરીને એનો રસ્તો કાઢ્યા કરે. જેમ ગીતામાં કહ્યું છે કે 'योगक्षेम वहाम्यहम्' એવો જે સાધક છે એટલે કે સત્ત્વગુણવાળો સાધક સુવર્ણકોચલાને તોડી શકતો નથી. એ એ આનંદમાં રહ્યા કરશે. એ આનંદનો આપણને ખ્યાલ નથી એટલે કેમ કરીને એનો વિચાર આવે ? એટલે ઋષિમુનિઓએ વિચાર્યું કે આ પણ છેવટની સ્થિતિ નથી. 'નેતિ-નેતિ' સત્ત્વગુણમાં સમતા અને તટસ્થતા સુધી અવાય, પણ એનામાં સાક્ષીભાવ નથી. એ સુવર્ણનું પાત્ર છે, પણ સુવર્ણથી ઢંકાયેલું છે. એનાથી પણ ચેતનનો અનુભવ નથી થતો, કારણ કે એમાં સાક્ષિત્વ નથી એટલે એ પણ તૂટવું જોઈએ.

**સત્ત્વગુણનો દોહ્યલો ગઢ**

જેમ અસલના વખતમાં રાજાઓ મોટા ગઢ બાંધતા કે જેથી બીજાઓ એમને જીતી ન જાય. લગ્નમાં ગીત ગાય છે : 'અમે ઈડરિયો ગઢ જીત્યા રે'. સત્ત્વગુણ હોય તો દયા, સમતા, સદ્ભાવ વગેરે હોવાથી એ પોતાના જીવનો વિસ્તાર વધારે છે, એ કદી સ્વાર્થી હોતો નથી. સત્ત્વગુણનું કોચલું તૂટવું બહુ મુશ્કેલ છે. તે વખતે ભગવાન એની મદદે આવે છે.

अनन्याश्चितयन्तो माम् ये जना पर्युपासते ।
तेषाम् नित्याभियुक्तानां योगक्षेमम् वहाम्यहम् ॥

એની એવી ભાવના નિરંતર પ્રગટેલી છે. એટલે અનન્ય ભાવથી એ ભગવાનને ભજતો હોય છે અને 'पर्युपासते' એટલે ચારેબાજુથી એ ભગવાનને ઉપાસે છે. 'ઉપાસતે' એટલે પાસે બેસે છે અર્થાત્ એની સાથે ને સાથે જ હોય છે. બીજી રીતે કહીએ તો એવી ભક્તિ કરે છે, જેથી એ એની નિકટતા અનુભવે છે. વળી, नित्य अभियुक्तानां એટલે હંમેશ અભિયુક્તાનામ અર્થાત્ એની સાથે ને સાથે જોડાયેલાં છે. એવાનું એ યોગક્ષેમ વહે છે. યોગ, युज-युज्य એટલે જોડાવું-આપણા હૃદયનો તાર જેની સાથે જોડાયેલો છે તેનું ક્ષેમ શું ? એટલે યોગમાં તાર જોડાઈ ગયા પછી અનેક સંગ્રામ થાય છે, ત્યાં ચેતનનું બળ જ કામ લાગે છે. પુરુષપ્રકૃતિનું બળ કામ લાગતું નથી. એ કોને મદદ કરે ? જે મને ભજે. 'તેને મારા જેવા તેના ગુણધર્મો થાય છે એટલે કે સાક્ષી થાય. હું આ બધાંમાં વસી રહ્યો છું. છતાં નોખો છું. એવા નોખા તમે થાવ.' આ એનો પહેલો ગુણધર્મ એટલે સકળ કંઈ કરતા નોખા રહો એમ વિચારતાં વિચારતાં ઋષિમુનિઓ આ સ્થિતિ ઉપર આવ્યા.

**ચેતનદશા પામવા માટે**

સત્ત્વગુણ આમ તો ઉત્તમ છે. એવો તટસ્થતા, સમતાવાળો હોય, બુદ્ધિ પણ એની સ્થિર, પ્રશાંત હોય; ચિરશાંતિવાળો અને પ્રસન્નતાવાળો છે-પણ આ છેવટની સ્થિતિ નથી. અહીં એ આનંદની પરિસીમા અનુભવે. એ કદી ચલાયમાન થતો નથી. ક્ષુબ્ધ થતો નથી. એ આ ઉત્તમ સ્થિતિમાં રહે છે. એને બીજા કોઈ પ્રશ્નો ઊઠતા નથી. એવી એની સ્થિતિ છે. સત્ત્વરૂપી તત્ત્વ છે. તે સોનાના પાત્રથી ઢંકાયેલું છે. એનાથી પર થયા વગર ચેતનની દશાને ન પામી શકાય. ત્યારે મારા-તમારા જેવાએ શું કરવું ? ત્રીજી કે ચોથી ભૂમિકાવાળાઓએ શું કરવું ? ત્યારે એમણે કહ્યું

કે 'ભગવાનનું સ્મરણ કરો.' એમ કરતાં એવી જાતની ભૂમિકા કેળવાશે. બધાં સાથે સદ્‌ભાવ, સુમેળ કેળવો. ભજન, પ્રાર્થના, સદ્‌વાંચન રાખો અને એનાથી જે ભૂમિકા થશે એનાથી બધાં કોચલાં તૂટી શકશે.

**'તું તારું કર્મ કર'**

પણ મને કેટલાયે લોકો પૂછે છે : 'આપણે સદ્‌ભાવ, સુમેળ બધું રાખ્યું પણ બીજા એટલે કે સામા અન્યાય જ કરે છે તો શું કરવું ?' તો તેને પૂછું છું કે 'તેં ધાર્યું છે શું ?' તો કહે, 'ઉત્તમ સ્થિતિમાં પ્રગટવું.' તો પછી મારો જવાબ છે કે 'એ ચાલવા દે. તું તારું કર્મ કર. તું સદ્‌ભાવ ન છોડતો'. તપ તો કરવું જ પડશેને ? તો આ તપ છે. કોઈને આપણે મદદ કરી હોય-ગમે તેવી મદદ કરી હોય અને તેમ છતાં તે ઊંધી રીતે વર્તે, આપણને હેરાન કરે તો આપણે આપણું કર્મ પ્રમાણિકપણે કર્યું છે એમ જાણીને સંતોષ કેળવવો. જો તેમ ન થાય તો તેવી આપણી ભૂમિકા તૈયાર નથી એમ સમજવું. એટલે આ બધામાંથી માર્ગ કાઢવા આ રીતે તપ તો કરવું જ પડશે, તો કહે છે કે એ તો બહુ અઘરું છે. અરે, સંસારમાં મહેનત નથી કરતા ? તે ઓછું અઘરું છે ? તો આમાં પણ મહેનત તો કરવી જ પડશે. એટલે જો મહેનત કરતા હો તો વેદના, ત્રાસ, ગૂંગળામણ વગેરે થાય છે તો તપ કરો. એટલે કે ગમે તેમ કરીને સહનશીલતા કેળવો. સદ્‌ભાવના કેળવો, સુમેળ રાખો વગેરે કરો. એમ વર્તીશું તો જ આપણે સુખી થઈ શકીશું. આપણે જો દુઃખી થઈએ છીએ તો તે આપણા પોતાના જ કારણે. ભગવાન કંઈ કોઈને દુઃખી કરતો નથી. એટલે એમ દુનિયામાં તપ તો કરવું જ પડશે. સંસારવહેવારમાં પણ મહેનત કર્યા વગર છૂટકો નથી અને ત્યાં અથડામણ, ગૂંચ, મુશ્કેલી વગેરે થશે તો તેમાંથી બચવા તપની

ભાવના રાખો અને આપણે તો સદ્‌ભાવ વગેરે રાખવું જ પડશે. જો એ અંગે આડુંતેડું વિચારશો તો તમારે ભોગવવું જ પડશે, એ સિવાય છૂટકો નથી.

**સાવધાન**

જો સંતાપ કર્યો તો સંતાપ ભોગવવો પડશે. ક્લેશ કર્યો તો ક્લેશ ભોગવવો પડશે. જેવું વિચારશો કે કરશો તેવી છબી અંદર પડી ગઈ સમજજો.

જો આપણી સમજણની આંખ ઊઘડી જાય તો બધાંનો આ ઉકેલ છે. એ કેવી રીતે બને ? તો કહે છે : એને એમ થઈ જવું જોઈએ કે આમાંથી છૂટવું છે. એટલે એવી ઉત્કટ ઝંખના જોઈશે. ઉત્કટ ઇચ્છા જાગવી જોઈએ. એ વગર કશું ન થઈ શકે. તમે જો આ બધાંથી દુઃખી થઈ ગયા છો એમ લાગે તો ઉત્કટ ઇચ્છા રાખીને એ સમજણની આંખ ઉઘાડો. એટલે ભગવાનનું સ્મરણ બહુ જરૂરનું છે. એની ઓથ બહુ મોટી છે. સંસારવહેવારમાં ઘણી જાતની ઓથ છે, પણ ચેતનની ઓથ બધાં કરતાં મોટી છે. પણ એ ત્યારે બને કે જ્યારે એના પરત્વે અભિમુખતા પ્રગટે. એટલે કે આપણું મોં એ તરફ ફરી જાય તો આ બધું ગૌણ બની જશે. આપણી સાથે એ બળ જોડશે. તો આપણને એની ખબર પડશે. દા.ત. રૂપિયા. એ આપણી પાસે જેટલા વધારે હોય તેટલા પ્રમાણમાં એનું બળ એટલું વધુ વર્તાય. તેમ જ આ સ્મરણ એ એવું બળ છે કે એ જેટલું વધારે લેવાય તેટલું વધારે બળ મળશે, પણ આ પ્રયોગ કરવાથી જ સમજી શકાય એવું છે. માટે, અમે કહીએ છીએ કે પ્રયોગ કરી જુઓ.

તા. ૧૫-૧૦-૧૯૬૨

## ૧૨. ભગવાનનાં કામથી ભગવાન રાજી

**'હું હરિનો, હરિ છે મમ રક્ષક એ ભરોસો જાય નહિ,**
**જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ.'**

### ડાકોરના ભક્તની વાત

આ કડી મધુરીબહેને ગાઈ, તે ડાકોરમાં એક ભક્ત રહેતા હતા તેમણે લખી છે. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈએ જેણે 'ચંદ્રકાંત'ના ચાર ગ્રંથો રચેલા છે. તેઓ આ પંક્તિના મૂળ રચયિતા હતા. એના ઉપરથી ઇ. સૂ. દેસાઈએ બધું લખ્યું છે. એ ભક્ત પાસે બહુ થોડી મૂડી હતી. તમે બધાં જેમ મને પ્રેમથી કંઈક કંઈક આપો છો તેમ એમને મળી રહેતું. એમને એક પત્ની અને એક પુત્ર હતાં અને ભગવાનનાં ભજનની પ્રવૃત્તિમાં થોડી મૂડી હતી, તે એક શેઠને ત્યાં મૂકેલી અને પ્રારબ્ધયોગે શેઠે દેવાળું કાઢ્યું અને એમને (તે શેઠને) પણ સૂઝ્યું નહિ કે ભક્તને એમની રકમ કાઢી આપું. વળી, ભક્ત પાસે તો બિલકુલ સાધન ન હતું. આમ શેઠ વ્યાજ ઉપરાંત, ખર્ચખૂટણની બાકીની રકમ પણ આપતા. એટલે એઓ બધી રીતે નિશ્ચિંત રહેતા, પણ બધી રકમ ચાલી ગઈ ત્યારે એમણે આ લખેલું (હું હરિનો, હરિ છે મમ રક્ષક એ ભરોસો જાય નહિ, જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ.)

### દંભ ના કરાય

એટલે આવી ખરેખરી કટોકટીની વેળા આવે ત્યારે આવી કડી બોલાય તો તે સાચું. બાકી, તે વખતે જો ધ્રાસકો પડ્યો કે પડે તો તે સાચું નહિ. એટલે ભગવાન ઉપર જીવતો ભરોસો રહે તો જ તે સાચું, નહિ તો દંભ. એટલે ભક્ત લોકો જે ગાય છે તે પ્રમાણે

ગમે તેવા સંજોગોમાં પણ તેઓ ટકી રહે છે. આપણે બધાં બોલીએ છીએ પણ આપણને તેવો ભરોસો હોતો નથી. અરે, આપણને આપણો પોતાનો પણ ભરોસો નથી. એટલે આવું બોલતા બંધ થઈ જવું જોઈએ, કારણ કે એનાથી દંભ પોષાય છે. દંભ તો બહુ નુકસાનકર્તા છે. એટલે આપણી સમજણ ખરી અણીને ટાંકણે સાચી ન પડતી હોય તો એવું બોલવાથી કશો ફાયદો નથી. અને એવે વખતે કોઈ આપણને એ વાત યાદ કરાવે, તો આ બધું મોઢાનું જ છે એમ ખબર પડે.

**મિથ્યાચાર ન ચાલે**

ઉપરની કડીની વાત ખરી છે, પણ એનો અનુભવ આપણને નથી. ભગવાન છે પણ એનો અનુભવ આપણને નથી અને એની શક્તિનો વિશ્વાસ નથી. એટલે આ બધી આપણે માટે ઉપલકિયા વાતો છે. એને ખરી કરવા માટે મહેનત કરો. કંઈક ત્યાગ કરો તો ખબર પડે. આમ તો બધો મિથ્યાચાર સમાજમાં પોષાય છે. એટલે અમારા જેવા મહાત્માઓને સમાજ ઉપર નભવું છે. એટલે સમાજને થાબડ્યા કરે છે અને સાચી વાત કરતા નથી. ધંધો સાધુનો-વેશ બહુરૂપીનો-પણ જે વેશ ભજવવો જોઈએ તે ભજવતા નથી. એટલે સમાજના અને ભગવાનના એક નંબરના દુશ્મન છીએ.

**ભગવાનનું કામ**

કોઈ પરોપકારનાં કામ, એકબીજા માટે ઘસાવાનું એવું કંઈક કરીએ તો 'ભગવાન' 'ભગવાન' કરેલું કામનું. એટલે સમાજમાં જે ભગવાન વિશેની માન્યતા છે તે ઉપરછલ્લી છે. તે ખપમાં ન લાગે. જેમ બૅંકમાં પાંચ હજાર રૂપિયા હોય, તો ખપ પડે ત્યારે વટાવાય તેમ, ભગવાન એક જબરજસ્ત મોટી મૂડી છે. તેના ઉપરની હૂંડી ગમે ત્યારે શિકારાય. જો તમે એના અસ્તિત્વને સમજીને એનાં કાર્ય કરો તો તમે એની ઓથ, હૂંફ, બળ વગેરે સમજી શકશો, એ સિવાય પત્તો ન ખાય.

## શું ખપનું ?

સંસારમાં કોઈનો પ્રેમ જોઈએ તો ખાલી બોલ્યેથી પત્તો ન ખાય, ઊલટા ઉઘાડા પડી જશો, પણ જો એનું કામ કરશો,તો એનું દિલ જીતી શકશો. તેમ જ ભગવાનનાં કામ કરશો તો જ એને રાજી રાખી શકશો. ઘણાં કહે છે કે અમે નાહીધોઈને રોજ માળા કરીએ છીએ, પણ પાંચ કે અગિયાર માળા ફેરવવાથી કંઈ ન થાય. એ વાત ખોટી છે. એ તો ભ્રમણા છે. એ માળા ખપમાં ન લાગે, પણ જીવનમાં જેની સાથે હળ્યામળ્યા છો, એ બધાં સાથે સદ્ભાવ, સહાનુભૂતિ, સુમેળ, એકબીજાના ઉપયોગમાં-ખપમાં આવો અને રાગદ્વેષ મોળા પાડો, અહમ્ ઘટાડો-આ બધાં ભગવાનનાં કામ છે. એટલે માળા કરતાં હું આને વધારે મહત્ત્વ આપું છું. કોઈ કહે છે કે ૭ લાખ કે ૭ કરોડ માળા કરો તો ભગવાનનાં દર્શન થઈ જશે, પણ એ બધી વાત ખોટી છે. જ્યારે દિલમાંથી રાગદ્વેષ, અહમ્ ઘટશે, સદ્ભાવ, સહાનુભૂતિ પ્રગટશે, એકબીજાના ઉપયોગમાં આવવાની વાત કરશો, તો તે વધારે મહત્ત્વનું છે.

## બોલવું અને ચાલવું જુદું ?

આ બધું બ્રહ્મ છે એમ આપણે કહીએ છીએ, તો પછી બધાં પ્રત્યે પૂર્વગ્રહ વગેરે તો હોય છે. તો તે ખોટું છે. જો બધું બ્રહ્મ હોય તો બધાંના સદ્ગુણ જ દેખાય. એટલે ખાલી ખાલી બોલવાથી કશું વળે નહિ. એટલે આમ કરવાથી અને આ બધું ચલાવ્યે રાખો, તો જો ભગવાન હોય તો એ તો મારે. એ તો છે, પણ અલોપ રહે છે. એ બિચારાને દુઃખ થતું હશે. એટલે સંસારમાં કરવા જેવી વાત તો એ છે કે માળા ફેરવવા કરવા કરતાં રાગદ્વેષ મોળા પાડો. અહમ્ શૂન્ય થઈ જાય એમ વર્તો. પૂર્વગ્રહ દૂર કરો. ત્યાગ કરીએ. ઉદાર થઈએ. સદ્ભાવ, સહાનુભૂતિ રાખીએ. મોટું પેટ રાખીએ તો આપણી ભૂમિકા કેળવાશે.

## દૃષ્ટિ ખોલો

પણ લોકો કહે છે કે આ તો અઘરું છે. અમારાથી ન થાય. એકલા ભગવાનના નામથી કંઈ ન થાય. ખાલી જપ લખવાથી કંઈ ન થાય. જપ લખવાનું ખોટું નથી, પણ આ રાગદ્વેષ, અહમ્ વગેરે મોળાં પાડો. તેમ કરવાથી ભગવાનના નામમાં ઉઠાવ આવશે અને તો જ એનો લાભ મળશે. એટલે જોવા જઈએ તો ભગવાનની શક્તિ તો જ્યાં જોઈએ ત્યાં નજરે પડશે, પણ એવી દૃષ્ટિ ખૂલવી જોઈએ.

## મૌનમંદિર-એક મહાન ભૂમિકા

કોઈ સાધના કે ભક્તિ ન કરે તોપણ એને જેમાં ને તેમાં ભગવાનનું મહત્ત્વ લાગે, સમજાય તો એમ માનવું કે એના દિલમાં ભક્તિ પાંગરવા માંડી છે. બીજાં કારણો આપે તોપણ એ ભક્તિમાં પાંગર્યા નથી એમ કહેવાય. કોઈ કહે કે એનો દાખલો કે પ્રયોગ આપી શકો ? મારો એક જુવાન મિત્ર ૭ દિવસ મૌનમાં બેઠો હતો, તે ભાગ્યે જ ૧૪ કલાક ઊંઘ્યો હશે. હું બાજુમાં જ ઓરડામાં સૂઈ જાઉં છું. તે રાત્રે મને એનો અવાજ આવ્યા કરતો, કારણ કે મને અને એને ઊંઘ આવતી ન હતી. એણે એટલાં તો પુસ્તકો વાંચ્યા અને એમાંથી ઉતારા કરીને મને વાંચવા મોકલ્યા. એટલે ૭ દિવસમાં ૧૪ કલાક ઊંઘ્યો તો સરેરાશ ૨ કલાકની ઊંઘ થઈ. તોય તબિયત બગડી નથી. વળી, ખોરાક પણ ખૂબ ઓછો લીધેલો. એક ટંક જમતો હતો. કૉફી પણ પીતો નહિ, પણ કોઈ કહે કે એ તો દિલનો ઉત્સાહ. તો કોઈ બીજો બેસે અને જો ચાલે છે કે કેમ ? તે ખબર પડે. એટલે હજુ ભક્તિ પાંગરી નથી તે મુખ્ય કારણ છે. એટલે જેનામાં ભૂમિકા કે તાકાત હોય ત્યાં જ ચેતનનો સ્પર્શ થાય છે.

## 'મોટા'-વિરલ મિત્ર

તમે બધાં મારા મિત્રો છો અને તમારા નિમિત્તે મારો આશ્રમ ચાલે છે. હું તમને મહત્ત્વ નથી આપતો, પણ ભગવાનને મહત્ત્વ આપું છું અને એનો જ ઉપકાર માનું છું. અને એ મારો હજાર હાથવાળો છે, કારણ કે સુરતમાં મારું કોઈ ઓળખાણવાળું ન હતું, પણ મારું ઘણું કામ એણે કરી દીધું છે. એટલે એ મારો હજાર હાથવાળો છે અને હજાર આંખવાળો છે. કારણ કે કેટલાંયે ભાઈબહેનો મારી સંભાળ રાખે છે. અહમ્ જ્યારે સમૂળગું ઓગળી જાય છે ત્યારે જ તે ભગવાનને મહત્ત્વ આપે છે. એવા બહુ ઓછા જીવ મેં જોયા છે. ઘણા સાધકો વગેરેને મારે મળવાનું થયું છે, પણ એવા કોઈ જીવનું મને દર્શન નથી થયું કે જે ફક્ત ભગવાનને જ મોખરે રાખીને વર્તે.

## અણીની વેળાએ ખપનું

જીવનમાં ઘણા પ્રસંગો બને છે. એવા પ્રસંગની વાસ્તવિકતા સ્વીકાર્યા છતાં એ ભગવાનને મહત્ત્વ આપ્યા કરતો નથી. એટલે ત્યાં સુધી એ સાધક કે ભક્ત નથી. એનામાં ભક્તિ પાંગરી નથી એમ કહેવાય. એટલે આપણા પોતાના વિકાસ ખાતર રાગદ્વેષ મોળા પાડો, પૂર્વગ્રહ છોડો, સદ્ભાવ, સહાનુભૂતિ કેળવો, બીજાનો વિચાર છોડો. માત્ર તમારો જ વિચાર કરવાનો છે. બીજાની વાત તદ્દન છોડો. બીજા કોઈ આપણી કૂથલી કે નિંદા કરે તોપણ આપણને કંઈ ન થાય એવી રીતે વર્તો. ભગવાનના સ્મરણનો તો જ ઉઠાવ થશે. જો આ બધું તમે કરશો તો તેનાથી તમને ઓથ, હૂંફ, બળ, ઉઠાવ વગેરે મળશે અને ત્યારે જ અણીને વખતે સ્મરણ ખપ લાગશે. અને તો જ અણીને વખતે ટકી રહેવાશે. માટે, ભગવાનનું સ્મરણ લીધેલું કામનું.

તા. ૨૩-૧૦-૧૯૬૨

# ૧૩. દેશભક્તિ

## (ચીનના આક્રમણ વેળાએ)

### યુદ્ધ અનિવાર્ય

ગીતામાતામાં કહ્યું છે કે 'युध्यस्व विगतज्वरः'- લડ તો ખરો ! લડ્યા વિના આરો નથી અને સંગ્રામ તો જીવનની પ્રત્યેક ભૂમિકામાં રહેલો છે. સંગ્રામ વિના જીવનની કોઈ ભૂમિકા નથી. સંસારમાં વિચારીએ તો યુદ્ધ તો છે જ અને જીવનનાં અનેક ક્ષેત્રમાં યુદ્ધ રહેલું છે, તો કેવી રીતે યુદ્ધ કરવું ? 'વિગત જ્વરઃ'- જ્વર એટલે તાવ. તાવ અનેક પ્રકારના. એક, શરીરને આવે તે. એકતા ન પ્રગટે. ચડસ ચઢે,ઉત્સાહ પ્રગટે, શૌર્ય પ્રગટે, રાગદ્વેષ, ક્રોધ, મડાગાંઠ વગેરે હોય. આ બધાં તાવના પ્રકાર છે. એ બધાં સમૂળગાં જતાં રહે એવી રીતે લડો. જીવનમાં આપણે ઈચ્છતાં હોઈએ કે લડવું નથી છતાં લડવું પડે છે. જોકે એ તો અંદર જ છે, પણ એમાં કેટલાંક આવરણો દૂર કરવાનાં છે. એટલે જ્યારે એવી કટોકટીની વેળા આવે ત્યારે-એટલે કે જ્યારે પાંડવો ફક્ત પાંચ ગામડાં જ માગતા હતા. એટલાથી એમને સંતોષ હતો, પણ એ ન બન્યું. પરિણામે મહાભારત થયું. એ લોકોની લડવાની ઈચ્છા ન હતી પણ લડવું પડ્યું.

### દેશ ઉપર આક્રમણ-પ્રભુકૃપા

તેમ આપણો દેશ યુદ્ધ ઈચ્છતો ન હતો. જોકે બુદ્ધિથી બધા કહે છે કે આપણે કશી તૈયારી ન કરી, એ અંગે કશું વિચાર્યું નહિ, પણ જો તૈયારી કરત અને લડાઈની ગોઠવણ કરત ત્યારે પણ લોકો એમ પણ કહેત કે 'આપણે દંભ કરતા હતા.' કારણ

કે તૈયારી કરીને યુદ્ધ નથી ઈચ્છતા એમ કહેવું એ દંભ છે, પણ કશી તૈયારી યુદ્ધને માટેની આપણી હતી નહિ. એટલે આપણે દુનિયા આગળ દેખાડી શકીએ છીએ કે ખરેખર આપણે લડવાને ઈચ્છતા ન હતા. ઘણા ચેતેલા લોકો કહે છે કે 'તૈયારી રાખવી હતી, પણ આપણી કશી તૈયારી ન હતી' એ જાણીને દુનિયાને ખબર પડી ગઈ કે આપણે યુદ્ધ ઈચ્છતા ન હતા. 'યુનો'માં પણ આપણે ચીનને દાખલ કરાવવા અત્યાર સુધી પ્રયત્ન કર્યો છે. હિંદુસ્તાને કોઈને દુશ્મન ગણ્યો નથી અને પ્રાચીનકાળમાં આ દેશમાંથી ઘણા ઋષિઓ અને સાધુઓ બહાર ગયેલા અને હિંદુ સંસ્કૃતિ અને ધર્મનો ફેલાવો કરેલો. ત્યાં કોઈએ તલવારના જોરથી પ્રચાર કરેલો નહિ, પણ આત્મબળથી એ સંસ્કૃતિ ફેલાવેલી. એ છેક રશિયા સુધી અને જાવા-સુમાત્રા વગેરે દેશોમાં. અરે, અમેરિકા સુધી હિંદુ સંસ્કૃતિ ફેલાયેલી. એ આત્મબળ આપણે ખોઈ બેઠા છીએ. એટલે આપણા જીવનમાંથી ખમીર જતું રહ્યું છે. પરિણામે આંધળા બન્યા છીએ. સ્વાર્થમાં માણસ રચ્યોપચ્યો રહે ત્યારે એ ઘણી રીતે દુઃખી થતો હોય છે. એને લીધે એને ક્લેશ, સંતાપ વગેરે થયા કરે છે. તોપણ એને એ છોડી શકતો નથી, પણ ભગવાનની જેના ઉપર કૃપા છે તેને એ કોઈ ને કોઈ રીતે જાગ્રત કર્યા કરે છે. આપણા દેશ ઉપર ભગવાનની કૃપા છે. દુનિયાના ઘણા દેશોની જુદી જુદી સંસ્કૃતિ હતી અને એ અદૃશ્ય થઈ ગઈ, પણ આપણા દેશની સંસ્કૃતિ-એક જૂનામાં જૂની સંસ્કૃતિ છે. તે હજુ ટકી રહી છે. બીજી બધી સંસ્કૃતિનો નાશ થઈ ગયો. ભગવાને આને હજુ જીવતી રાખી છે.

**માતૃભૂમિનું ઋણ**

પણ આપણી આખી પ્રજા ઘોર તામસમાં પડી છે. આપણામાં ધર્મ નથી, પણ દંભ રહ્યો છે. અમે પણ આ વેશ લઈને બેઠા

છીએ, પણ અમારામાંય એટલું જાગ્રત પરિબળ નથી. કોઈ કહે : 'અમે સાધુ-મહાત્માઓ દુનિયાથી પર છીએ, પણ જ્યાં સુધી મહાત્માનું શરીર છે ત્યાં સુધી એને લેવાદેવા છે. એને પણ પ્રારબ્ધ છે ને છે જ.' આ ખોળિયું જેના રજકણથી ઘડાયું છે, તે માતાને કેમ વીસરી શકે ? શંકરાચાર્ય તો સંન્યાસી થઈ ગયેલા અને સંન્યાસીઓનું પૂર્વનું જીવન વીસરાઈ જાય, પણ માતાના શરીરને અગ્નિદાહ દેવા એઓ પધારેલા. એટલે આ દેહ જેના રજકણથી ઘડાયેલો છે તેને કેમ ભુલાય ? વળી, જેટલું આપણાથી બને તેટલું કરી છૂટવું જોઈએ. આપણે ધન આપીએ છીએ તે એક વખત આપ્યે ન ચાલે. જેમ મુસલમાનોના વખતમાં આપણામાં નબળાઈઓ હતી અને એકતાનો અભાવ હતો, અને તેથી મુસ્લિમો અને ઈસાઈઓ પેઠા. એ આપણા દુશ્મન નથી. આપણે મન બધા સરખા છે, પણ એ લોકોએ આપણા ઉપર જુલમ કર્યો છે અને આપણા ઉપર જુલમ થવા છતાં આપણી સંસ્કૃતિ ટકી રહી, પણ એવું ફરી ન થાય એટલે કે એવો જુલમ ફરી ન થાય એ જોવાનું આપણું કામ છે.

### એકતા જરૂરી

ઈતિહાસ જુઓ : સમગ્ર દેશ એક થઈને કોઈનો મુકાબલો કર્યો હોય એવો એકે પ્રસંગ નથી. પાંડવોના વખતમાં અંદરઅંદરના યુદ્ધમાં ઘણા સાથે થયેલા, પણ બહારના કોઈ દુશ્મન સાથે એવો વહેવાર કર્યો નથી. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ-સમગ્રે એક થઈ જવું પડશે અને એક થયા વગર પૂરતો સામનો ન થઈ શકે.

### ભક્તિનું સ્વરૂપ

આ યુદ્ધ લાંબો વખત ચાલવાનું છે. રૅશનિંગ આવે, પેટ્રોલની, કેરોસીનની તંગી થાય તે વખતે આપણે ટકી રહીએ

અને ગાળો ન દઈએ. દેશ આપણો છે, એના માટે સહન કરવાની તૈયારી રાખીશું તો ભક્તિ ગણાશે. એવી ભક્તિ આપણામાં નથી. ભક્તિ કંઈ સ્થગિત (Static) નથી. એ તો પરિમાણવાળી (Dynamic) છે. જીવનનાં અનંત પાસાંમાં એ વિલસે છે અને જીવનને તેજસ્વી કરે છે. એટલે તો ભગવાન કહે છે કે 'મારા ભક્તને હું બુદ્ધિયોગ આપું છું.' એ પરિભાષા છે. જીવનમાં અનેક પ્રકારની ભક્તિ છે. દેશ, સમાજ, મળેલા પ્રત્યે સદ્ભાવ, દેશ પરત્વેની ફરજ, ફનાગીરી, સહન કરવાની શક્તિ વગેરે આપણામાં જીવતીજાગતી પ્રગટે તે જરૂરનું છે. એ ન પ્રગટે તો ભક્તિ નથી.

ભક્તિમાં નમ્રતા, પરાક્રમ, સાહસ, શૌર્ય, ઉદારતા, સહનશીલતા હોય છે અને એવા ભક્તમાં જે નમ્રતા હોય છે, એ તો સિંહની નમ્રતા છે. ભક્તિ તો શૌર્ય, પરાક્રમ, નમ્રતા, ઉદારતા પ્રગટાવે. એ માથું આપી દે છે.

**આર્યસંસ્કૃતિના વારસદારો, જાગો**

કોઈ કહે છે કે આ બધું તમે કહો છો પણ તમે શું કર્યું ? અમે પણ ૨૦ વર્ષ સુધી મા-ભોમની સેવા કરી છે. મારું ચાલે તો હું પણ વૉર-ફ્રંટ ઉપર ઊભો રહું ! પણ ૬૫ વર્ષનું શરીર એ કામ ન આપે. મેં તો પ્રત્યક્ષ જીવનમાં એ ઉતારીને બતાવી આપ્યું છે. ૨૦ વર્ષ સુધી સેવા કરીને તમને આ કહું છું. આ કંઈ ફક્ત પારો ચડાવવા કહેતો નથી, પણ જીવનમાં ઉતારીને પછી કહું છું. આપણી સંસ્કૃતિ જીવતી છે. રોમન, ગ્રીક વગેરે સંસ્કૃતિ મરી પરવારી અને આપણી એક જ સંસ્કૃતિ જીવતી છે. ઈસાઈ અને મુસ્લિમ સંસ્કૃતિ પાછળની છે. આર્યસંસ્કૃતિ સૌથી પ્રથમ છે. તેના આપણે વારસો છીએ એ આપણું મહદ ભાગ્ય છે.

## સ્વયંસ્ફુરણાનું મહત્ત્વ

જોકે યુદ્ધ તો આપણી ઉપર બેળે બેળે આવી પડ્યું છે. (વિગતજ્વરઃ) એટલે એને જો મદદ કરવાની જરૂર હોય તો તેમ કરવું. આપણે એને 'યુનો'માં દાખલ કરાવવા પ્રયત્ન કર્યો. એને અનાજ પણ મોકલેલું. એટલે મારી દૃષ્ટિએ આપણે જે કર્યું છે તે સત્ય છે. 'વિગતજ્વરઃ' એટલે દુશ્મનાવટ વગર આપણે એને હઠાવવું છે એ વાત નક્કી. એટલે દેશને માટે ભક્તિ પ્રગટાવવી પડશે. એક વખતની મદદથી પરવારી જવાનું નથી. ઘણી મુસીબતો આવશે. રૅશનિંગ આવે, પેટ્રોલની તંગી થાય. વેપાર-રોજગાર પણ ખોરવાઈ જાય. વેપાર કરીએ છીએ અને માલ પરદેશ મોકલીએ છીએ. તેને લાઈસન્સ મળે છે. તેમાં પણ મુશ્કેલી આવવાની. એટલે જેને ચેતવું હોય તે ચેતજો. આ બધું કહેવાની વાત એટલે કે મારે તમને ચેતવવા, કારણ કે લડાઈ લાંબો ટાઈમ ચાલે તો આ બધી શક્યતા ખરી, અને કમાઈએ છીએ એટલું કમાઈ શકીએ નહિ અને સરકાર પણ કાયદાથી કે બળજબરીથી વધુ લેશે. વધુ કર આપવો પડે. આપણે આપવું તો પડશે જ. તો બેળે બેળે આપવું નહિ, પણ ઉમળકાથી આપવું. કોઈની શરમે નહિ. કોઈની દેખાદેખીથી નહિ પણ સ્વયં આપજો. દેખાદેખીથી આપશો તો નકામું છે. તે ખરા કામમાં આવે માટે પ્રેમ-ઉમળકાથી સ્વયંસ્ફુરણાથી આપજો.

તા. ૬-૧૧-૧૯૬૨

❑

॥ હરિઃૐ ॥

# મૌનમંદિરમાં પ્રભુ

## વિષયસૂચિ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અકસ્માતમાંથી બચાવ | ૨૫ |
| અંધારાનું મહત્ત્વ | ૧૯-૨૦ |
| આક્રમણ-દેશ ઉપર | ૭૨-૭૬ |
| આત્મનિવેદન | ૨૩ |
| આત્માની શક્તિ | ૨૮ |
| આધ્યાત્મિક વિજ્ઞાન-ગીતા | ૪૯ |
| આરોહણ-અવરોહણ | ૨૭ |
| ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ | ૬૭ |
| એકતાની જરૂર | ૭૪ |
| ઓમકારથી વિકારવિનાશ | ૩૨-૩૮ |
| ઓમકારના ઉચ્ચારણની પ્રક્રિયા | ૩૩ |
| ઓમકારમાં બ્રહ્માંડ | ૩૨ |
| ઓમકારમાં માધુર્ય | ૩૪ |
| કાળનો અંતરાય | ૩૬ |
| કોયડાનો ઉકેલ | ૨૩ |
| ગુણનાં લક્ષણ | ૬૨ |
| ચિત્તની શક્તિ | ૨૮ |
| ચેતનદશા પામવા | ૬૪ |
| ચોથું પરિમાણ | ૫૯ |
| જપના શબ્દનું સ્વરૂપ | ૩૪ |
| જાગૃતિ-કેવી રીતે ? | ૧૯ |
| ‘જાણવા’થી મુક્તિ | ૩૪ |
| તટસ્થતા-કેવી રીતે ? | ૨૦ |
| તપ-અદીઠ | ૬૫ |
| તપની સંસ્કૃતિ | ૩૬ |
| ત્યાગ-શેનો ? | ૭૧ |
| ત્રણ લોક | ૩૭ |
| દંભથી સાધના- | ૧૩ |
| દંભનો પ્રકાર | ૬૭ |
| દેવું પૂરું થયાનો અનુભવ | ૫૩ |
| ધર્મનાં લક્ષણ | ૯ |
| નવસારીનો અનુભવ | ૨૪ |
| પંચતત્ત્વોની લીલા | ૧૬ |
| પુરુષનો ગુણધર્મ | ૬૧ |
| પોતાને સુધારવા- | ૪૩-૪૪ |
| પુરુષને પ્રગટ કરવાની રીત | ૬૨ |
| બળનું પ્રદર્શન | ૪૦ |
| બુદ્ધિની વિશુદ્ધિ | ૨-૩ |
| બુદ્ધિનું કાર્ય | ૧-૩ |
| બુદ્ધિમાં સમત્વ | ૨ |
| બોલવું-ચાલવું જુદું | ૬૯ |
| ભક્તિનું પરિણામ | ૫ |
| ભક્તિનું સ્વરૂપ | ૭૪-૭૫ |
| ભગવદ્‌ભાવનું મહત્ત્વ | ૬૪ |
| ભગવાનનાં ભિન્ન રૂપોનું રહસ્ય | ૫૪ |
| ભગવાનનાં દર્શન | ૫૪ |
| ભગવાનનાં દર્શને કેવી રીતે ? | ૫૪ |
| ભગવાનની ભાવના-બીજરૂપે | ૨૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભગવાનનું કામ | ૬૮ |
| ભગવાનનું નિવાસસ્થાન | ૫૬ |
| ભાવના-સર્વમાં | ૨૩ |
| ભાવવિકાસની પ્રક્રિયા | ૫૮ |
| ભૂમિકાનો મર્મ | ૨ |
| ભેદ ઘટાડવાની રીત | ૪૭ |
| ભોક્તા છતાં સાક્ષી | ૨૦ |
| ભ્રમ ભાંગવો | ૪૫ |
| માતૃભૂમિનું ઋણ | ૭૩ |
| માનવદેહમાં ચેતના | ૬૦ |
| માનવદેહમાં મિથ્યાચાર | ૬૮ |
| મુલાયમતા શા માટે ? | ૫૭ |
| ‘મોટા’ની મૈત્રીની શરત | ૪૬ |
| ‘મોટા’નો સમાધિ-અનુભવ | ૫૨ |
| ‘મોટા’-વિરલ મિત્ર | ૭૧ |
| મૌનમંદિરના સંસ્કારનું પરિણામ | ૫૦ |
| મૌનમંદિરનું અનોખાપણું | ૪૬ |
| મૌનમંદિરમાં મુક્તિ | ૨૯ |
| ‘યોગક્ષેમ‘નો સાચો અર્થ | ૫૧ |
| વિનાશનું કારણ | ૩૯-૪૧ |
| વિનાશનું મૂળ | ૩૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિનાશનો પ્રયોગ | ૪૦ |
| વેદકાળની સંસ્કૃતિ | ૧૭ |
| વૈરાગ્યની જરૂર | ૬ |
| વ્યવહારમાં પ્રયોગ | ૪૩ |
| શબ્દનું ઉદ્‌ભવસ્થાન | ૧૭-૩૨ |
| સંગીતનો પ્રભાવ | ૨૯ |
| સંસ્કાર-ભૂમિકા પ્રમાણે | ૬૨ |
| સંસ્કાર સામે સાવધાન | ૬૬ |
| સુખનો માર્ગ | ૪૭-૪૮ |
| સુવર્ણપાત્રનો અર્થ | ૬૩ |
| સૂક્ષ્મ ચક્રોની ખિલવણી | ૩૩ |
| સેવાનું પ્રથમ ક્ષેત્ર | ૪૯ |
| સ્મરણ ક્યારે ફળે ? | ૧૩ |
| સ્મરણથી પ્રભુ સન્મુખ | ૧૫ |
| સ્મરણનો પ્રતાપ | ૭-૧૦-૧૨ |
| સ્મરણ માટે શરત | ૧૩ |
| સ્વયંસ્ફુરણાનું મહત્ત્વ | ૭૬ |
| શ્રદ્ધા | ૪૪ |
| હૃદય-ખરું | ૫૭ |
| હેતુ માટે જાગૃતિ | ૯ |


॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**શ્રીમોટા**

*‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ.૪૩૧*

